સ્વ. છોટાલાલ દયાભાઈ જાગીરદારનાં લખેલાં

બીજાં પુસ્તકો

ઉંધિયું (બીજી આવૃત્તિ) ૧–૮–૦

સબરસિયું ૧–૮–૦

ફઈબાકાકી ૧–૮–૦

હાસ્યરસિકા ૨–૦–૦

–: મળવાનું મુખ્ય સ્થળ :–

આર. આર. શેઠની કુંο

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ

કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ, નં. ૨

જાગીરદારનો
હાસ્યભંડાર

લેખક :
સ્વ. છોટાલાલ દાહ્યાભાઈ જાગીરદાર

પ્રકાશક :
કેશવ હ. શેઠ

સોલ એજન્ટસ :
આર. આર. શેઠની કંપની
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ
કેશવબાગ, પ્રિન્સેસસ્ટ્રીટ,
મુંબઈ, નં. ૨

:: મુદ્રક ::
કેશવ હ. શેઠ
ખડાયતા મુદ્રણકલામન્દિર
ચાર રસ્તા—અમદાવાદ

મૂલ્ય રૂ. ૨–૦–૦

પ્રથમાવૃત્તિ
સન ૧૯૩૫

પ્રસ્તુત નિર્દેશ

સુપ્રસિદ્ધ હાસ્ય સાહિત્યસર્જક શ્રી. જાગીરદારના રસિક, બોધક ને માર્મિક લેખોનો આ પાંચમો (અથવા હવે તેઓ સ્વર્ગસ્થ થયા હોઇ છેલ્લો) સંગ્રહ પ્રબુદ્ધ ગુજરાતનાં ગુણરસજ્ઞ વાચકોને કરકમલે રજુ થાય છે. સં. ૧૯૮૫ માં 'ઉંધિયું' તથા 'ફેઇબા-કાકી' પ્રકટ થયાં; સં. ૧૯૮૭ માં 'સમરસિયું' પ્રસિદ્ધ થયું; ત્યારપછી સં. ૧૯૮૯ માં 'હાસ્યરસિકા' અને આજે સં. ૧૯૯૧ માં 'હાસ્યભંડાર;' એમ બબ્બે વર્ષના ગાળામાં એકએક નવું પુસ્તક ગુજરાતી વાચનાર આલમને મળતું રહ્યું છે-કરણ કથની એ છે, કે શ્રી. જાગીરદાર આ છેલ્લા પ્રકાશન પ્રસંગે સહકુટુમ્બ અમરપન્થના યાત્રાળુ થયા છે।

ઉત્તરોત્તર અધિક લોકાદર પામતા હાસ્યરસાત્મક સાહિત્યમાં શ્રી. જાગીરદારનું સ્થાન યથોચિત રૂપે અંકિત થયું જ છે, હવે એનો નવો ઉલ્લેખ કરવાનો ન હોય : એક જ વર્ષમાં 'ઉંધિયું' પુસ્તકની બબ્બે આવૃત્તિઓ બહાર પડી હતી તથા 'ફેઇબા-કાકી'નું હિન્દીમાં ભાષાન્તર થયું હતું-એટલું જ નહિ પણ 'ગલિયારા પ્રાઇઝ'ના પણ પોતે એક રૌપ્યચન્દ્ર વિજેતા હતા એથી ભાગ્યે કોઇ રસજ્ઞ વાચક અનભિજ્ઞ હશે. એવા કળાકુશળ ને લોકપ્રિય જાગીરદારનો આ સંગ્રહ શિષ્ટજનતામાં સારો આદર અવશ્ય પામશે એવું યકીન છે.

શ્રી. જાગીરદાર હવે હયાત નથી તેથી પ્રસ્તુત સંગ્રહમાં, કેટલાક સુવિખ્યાત સાક્ષરો સાથેના તેમના પરિચયના સ્મરણપ્રસંગો પણ છેવટના ભાગમાં છાપવા ઉચિત લાગ્યા છે તથા ગ્રંથારમ્ભે સ્વર્ગસ્થની જીવનસુવાસને સ્થાન આપ્યું છે. એ લેખ, ભાઈ યશવંત મ. દેસાઈની કેળવાયલી કલમે આલેખાયલો હોઇ, અહીં તેનું પુનર્મુદ્રણ કરતી વેળાએ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને સ્વ. જાગીરદાર–મ્હારા એ માયાળુ, નિખાલસ ને વિરલ મિત્રનું આ રીતે ચીરસ્મરણ મૂકીને સજળ નેત્રે વદાય લઉં છું.

અખાત્રીજ, ૧૯૯૧
ખડાયતા પ્રેસ,
અમદાવાદ

કેશવ હ૦ શેઠ



સ્વ. શ્રી. છોટાલાલ દયાળભાઈ જાગીરદાર

Away! We know that tears are vain,
That Death nor heeds nor hears distress.
Will this unteach us to complain
Or make one mourner weep the less?
And thou—who tellest me to forget
Thy looks are worn—thine eyes are wet.

—Byron

તા. ૨૮ મી ઓગસ્ટે સારા ય ગુજરાતને વર્ષો સુધી હસાવનાર શ્રી. છોટાલાલ જાગીરદારનું કરૂણ અવસાન થયું. એ અવસાનથી રંક ગુર્જર સાહિત્યની ગરીબીમાં એક કમનસીબ ઉમેરો થયો.

સુરત જીલ્લામાં ચીખલી પાસે આવેલા મજીગામના જાગીરદાર કુટુંબમાં ૨૧-૭-૧૮૮૬ ને રોજ શ્રી છોટુભાઈનો જન્મ મોસાળે થયો હતો. એમના પિતા શ્રી દયાળભાઈ મોતીરામ જુનાગઢના બહાઉદ્દીન કોલેજના વાઇસ પ્રીન્સીપાલ હતા. તેઓ ૧૮૮૭માં શ્રી છોટાલાલને ૧ વર્ષના મૂકી ગુજરી ગયા અને એમને ઉછેરવાનું કાર્ય એમના મામાએ હોંસથી ઉપાડી લીધું.

સુરતમાં અને મેટ્રીક સુધી મુંબઈની ગોકળદાસ તેજપાલ સ્કુલમાં શ્રી જાગીરદારે સ્કુલ કેળવણી લીધી. તે દરમ્યાન કહેવાય

શ્રી. જાગીરદાર હવે હયાત નથી તેથી પ્રસ્તુત સંગ્રહમાં, કેટલાક સુવિખ્યાત શાયરો સાથેના તેમના પરિચયના સ્મરણપ્રસંગો પણ છેવટના ભાગમાં છાપવા ઉચિત લાગ્યા છે તથા સંગ્રાહકે સ્વર્ગસ્થની જીવનસુવાસને સ્થાન આપ્યું છે. એ લેખ, ભાઈ યશવંત મ. દેસાઈની કેળવાયલી કલમે આલેખાયલો હોઈ, અહીં તેનું પુનર્મુદ્રણ કરતી વેળાએ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને સ્વ. જાગીરદાર–મ્હારા એ માયાળુ, નિખાલસ ને વિરલ મિત્રનું આ રીતે ચીરસ્મરણ મૂકીને સજળ નેત્રે વદાય લઉં છું.

અખાત્રીજ, ૧૯૯૧
ખડાયતા પ્રેસ,
અમદાવાદ

કેશવ હ૦ શેઠ



સ્વ. શ્રી. છોટાલાલ ડાહ્યાભાઈ જાગીરદાર

Away! We know that tears are vain,
That Death nor heeds nor hears distress.
Will this unteach us to complain
Or make one mourner weep the less?
And thou—who tellest me to forget
Thy looks are worn—thine eyes are wet.

—Byron

તા. ૨૬ મી ઓગસ્ટે સારા ય ગુજરાતને વર્ષો સુધી હસાવનાર શ્રી છોટાલાલ જાગીરદારનું કરૂણ અવસાન થયું. એ અવસાનથી રંક ગુર્જર સાહિત્યની ગરીબીમાં એક કમનસીબ ઉમેરો થશે.

સુરત જીલ્લામાં ચીખલી પાસે આવેલા મજીગામનાં જાગીરદાર કુટુંબમાં ૨૧-૭-૧૮૮૬ ને રોજ શ્રી છોટુભાઇનો જન્મ સુરત મુકામે થયો હતો. એમના પિતા શ્રી ડાહ્યાભાઈ મોતીરામ જુનાગઢની બાહુદીન કોલેજના વાઇસ પ્રીન્સીપાલ હતા. તેઓ ૧૮૮૭ માં શ્રી. છોટાલાલને ૧ વર્ષના મૂકી ગુજરી ગયા અને એમને ઉછેરવાનું કાર્ય એમના મામાએ હોંસથી ઉપાડી લીધું.

સુરતમાં અને મેટ્રીક સુધી મુંબઈની ગોકળદાસ તેજપાલ હાઈસ્કુલમાં શ્રી જાગીરદારે સ્કુલ કેળવણી લીધી. તે દરમ્યાન કવિરાય

છે કે પરીક્ષાના એક મહિના આગળ જ એમને નિશાળનાં પુસ્તકો ખોલવાની આદત પડી હતી, પરંતુ બાકીનો આખો વખત એમને અન્ય સાહિત્ય વાંચવાનું લગભગ વ્યસન જ પડી ગયું હતું, એમ કહીએ તો ચાલે.

એ વર્ષ એલ્ફીન્સ્ટન કોલેજમાં રહી ઈંટરની પરીક્ષા પસાર કરી અને સંજોગવશાત્ આગળ અભ્યાસ કરવાનું માંડી વાળી મુંબઇને એક વખત મોહિની લગાડનાર શેરબજારમાં એમણે ઝુકાવ્યું; પરન્તુ તેને પરિણામે ટુંક વખતમાં એમને ઘણી ખોટ ખમવી પડી, એટલે એમણે ખાનગી નોકરી સ્વીકારી લીધી. આ દરમ્યાન એમની જ્ઞાતિની ચળવળોમાં એઓ ઘણો ઉત્સાહભર્યો ભાગ લેતા થયા અને તેમના જ્ઞાતિપત્રના તંત્રી તરીકે નીમાયા હતા.

૨૫ મે વર્ષે એમનાં પ્રથમ પત્ની એક પુત્રી મૂકી મરણ પામ્યાં.

૧૯૧૬ માં એમણે પોતાના જ્ઞાતિપત્ર માટે 'મારાં રૂઇબા' લખી, પરંતુ એમના મિત્ર શ્રી મીસ્કીને એ વાંચી 'વીસમીસદી' માસિકના અધિપતિ શ્રી હાજીમહુમ્મદને બતાવી. આવી રીતે ગુજરાતને એક સફળ હાસ્યકૃતિ મળી. આથી જ રા. છોટાલાલ ગુજરાતી સાહિત્યમાં પ્રવેશી શક્યા. ત્યારબાદ એમની લખાણુશક્તિનો વિકાસ નિરંતર થતો જ ગયો અને ૧૮ વર્ષ દરમ્યાન એમણે ખંતથી, ઉમંગથી, ગુર્જરદેવીને ચરણે સુંદર હાસ્યલખાણો રજુ કર્યાં.

'રૂઇબા'ના પ્રકાશનથી સૌ. સાવિત્રીબ્હેન જોડે એમનો સંબંધ યોજાયો એ વાત તો વાંચકો ઘણી સારી રીતે જાણે છે. આ વખતે એમની વય ૩૨ વર્ષની હતી.

૧૯૧૭ માં એમણે નોકરી છોડી અને સુરતમાં રેશમવણાટની ફેક્ટરી ખોલી. તેના વેચાણ માટે પોતે મુંબઈમાં દુકાન ચલાવવા માંડી. અગિયાર વર્ષ સુધી એ દિશામાં પ્રગતિ કર્યા બાદ ૧૯૨૮માં જમાનાની મંદીને લીધે એમણે એ વ્યાપાર બંધ કર્યો અને ૧૯૨૯માં

કાઇરસ્ટ જેહાંગીરની એક્ષપોર્ટ-ઇમ્પોર્ટની પેઢીમાં નોકરીએ રહ્યા. આ દરમ્યાન એઓ ઘણુંખરૂં કાશીદ રહેતા હતા.

૧૯૩૧ માં આ નોકરી છોડી. ગીબ્સ એન્ડ કંપનીમાં રે દસ તરીકે કામ કરવા માંડ્યું. ૧૯૩૩ સુધી તેઓ ત્યાં જ હતા.

૧૯૨૮થી એમને હસ્તરેખા અને આધ્યાત્મિક વિદ્યાના અભ્યાસનો શોખ લાગ્યો. હસ્તરેખા જોવામાં એમણે એટલે સુધી પ્રગતિ કરી કે એમના જેટલું શાસ્ત્રીય જ્ઞાન ઘણા થોડાને હશે. એમના મિત્રો કે ઓળખાણવાળાઓને હાથ જોતાં જોતાં હમેશ દરેક 'લાઇન'ની તેઓ સમજ પણ પાડતા હતા.

એઓ સ્વભાવે તદ્દન નિખાલસ અને શાન્ત હતા. એમના મ્હોં ઉપર હમેશાં ગાંભીર્યભર્યું સ્મિત ફરકયા કરતું. એમના અનુભવ-બોલ સાંભળવા એ પણ એક લ્હાવો હતો.

તેઓ ચૂસ્ત વૈષ્ણવ હતા. તેમના આચાર-વિચાર હાલના કહેવાતા ધર્મીઓ કરતાં હજારો દરજ્જે શુદ્ધ હતા. છતાં ધર્મ યા પંથના વિતંડાવાદમાં ઉતરવાનું તેમને પસંદ નહોતું.

સંગીત અને તત્ત્વજ્ઞાન એમના શોખના વિષયો હતા. એમને દાસ્યની પ્રેરણા યોગવાસિષ્ઠમાંથી મળી હતી. ઘણી વેળા મારી સાથે પણ પૂર્વ અને પશ્ચિમના ફીલસુફોની ચર્ચા કરતાં તે કહેતા: 'જુઓ ભાઇ, તે ગમે તેમ હોય! પણ તમને નથી લાગતું કે આપણાં તત્ત્વજ્ઞાનનાં કેન્દ્ર આગળ જ પશ્ચિમના વિચારો આવીને અટકી જાય છે; અને પછી એ જુદે માર્ગે હોય!'

૧૯૩૩ માં શ્રાવણ માસના પહેલા સોમવારથી જ તેઓ માંદા પડ્યા. વર્ષની લાંબી માંદગી પછી એમનો દેહ પડ્યો. એ કરુણતામાં સૌ. સાવિત્રીબ્હેનનાં મૃત્યુથી વધુ દર્દ ઉમેરાયું છે. એમનાં ખરાં પ્રેમસમ હતાં-એમનું જીવન ખરૂં સહચારજીવન હતું; તો પછી પ્રેમને

માટે સર્વસ્વ–પોતાના પ્રાણુને પણ–હોમી દેનાર બ્હેન સાવિત્રીનાં સ્મરણો આગળ આપણું મસ્તક ઝૂકે છે.

સ્વ. જાગીરદાર આટલા બધા લોકપ્રિય લેખક હોવા છતાં પ્રકાશકો એમની સાથે ઘણી જ સહેલાઈથી કામ લઈ શકતા. પૈસાનો એમને જરાય મોહ ન્હોતો, છતાં પણ છેવટે મરણપથારીએ જાણે ગુજરાતે એની કદર કરી હોય તેમ ગલીયારા પારિતોષિક તેઓ મેળવી શકયા.

ગુજરાત બેકદર બનવાનાં પાપ ધોતું જાય છે શું?

સુરતના જીવનને તાદ્રસ્ય રીતે શબ્દના ઓપ ચઢાવી સફળ રીતે ચીતરનારો એ જાદુગર બધાંને હસાવી આજે તો પરલોક સીધાવ્યો છે. ભલે લોકો કહે એ મૃત્યુ પામ્યો છે: પરંતુ પોતાનાં દીલનાં દર્દ છુપાવી, જગતને હસાવનાર એ જાગીરદાર તો અમર હતો અને અમર રહેશે।

યશવંત મ. દેસાઈ



લેખાનુક્રમ

જાગીરદારનો

હાસ્યભંડાર

'[illegible]'

'[illegible]'

'[illegible]—'

'હા, હા, ગામની આગેવાનણીઓમાં તે ગિજા પાનચંદ ફરતાં આવ્યાં હતાં ખરાં! તે ગિજા તે તેના સાસુ!'

'તે તો ઓળખતી જ ના! પણ એના જેવું સાસરાનું કામ આપણી પેલી ગીગરાણી—'

'ગીયરાણી! એ વળી કઈ રાણી!'

'કેમ નહિ ઓળખતી? પેલી આપણી ન્યાતના પાણીઆની વહુરતો!'

'ઓળખી ઓળખી; એનું નામ તો ગિજા છેઃ મુઇ તું! તારી તે કાંઇ ઉંમ છે કે આઓતિયું!'

'જા રે મારી બઇ! એમાં વળી કોઇનું ઉપરાણું લઇને મારા પર શાની ઉતરી પડે છે? મારા મનમાં કે લાવ, વાત નહિ જાણતી હોય તો ઉજમને કહું: ને તું તો વળી લડવા જ લાગે છે! વાત શું કરું કપાળ?'

'વાત નહિ કરે તો મારી કઇ ખાસડેરાતને! સમજી? એ તો મારા પિત્રાઈની વહુ થાય; એ મરે તો અમને સોળ દિવસનું સૂતક લાગે; તને શું છે?'

'ઓ હો હો! કંઇ બહુ 'ફાસ' ચાલીને! હું સમજી કે લાવ ઉજમ સાથે મારે બેનપણાં–બાઇપણાં છે તો એને કાને વાત નાખું, ત્યાં તો ઉજમબ્હેન પહોંચ્યાં બાને ઘેર?'

'જાને ઘેર પહોંચને તું! જો વર્ષો નથી થોબની ત્યાં મું...
તને હું નહિ ઓળખતી હોઉં તેમ જાણે!'

'હા, હા, ઓળખાને હવે મારા ગોળા ફોડી મૂકશે. ...
નકરી! લાગ જોઈને તે વાત શી કરવી! આ મારા જેવી ગાંડ...
ઉતરી પડે છે તે ઘરમાં ધણી નથી? એના આગળ તો ભાઈ જેવી
થઈ જાય છે! પેલી કહેવતવાળી વાત છે કે 'ઉપાધ્યા પર ગાજ કરે
તે આટાલુણમાં જાય.'

'આવડે નહિ પેમ ને રાંધવા પેમ! આ તે કોઈ હૈ છે!
સરખી કહેવત પણ બોલતાં નથી આવડતી અને આમ જાણે
બાલીસ્ટર! હાથ જોડ્યા બા તને તો! 'ઉઠ ભવાની મા જે કરે'
જેવી જ છે તું!'

ત્યારપછી બન્ને બાયડીઓ વચ્ચે વાત તો એકબીજાની માન
પેઠી સુધી પહોંચી હતી. પણ આપણે તે સાથે કામ નથી. મુદ્દે આપણે
જાણવાનું છે તે તો એટલું જ કે ઉજમને એની બેનપણી કુસોર
જે વાત કહેવા આવી હતી તે વાત તો કોરે રહી ગઈ અને એ બે
જણીઓ કોઈ બગાની જ વાત પર ચોખ્ખા પીપવા માંડી પડી! આખરે
આસપાસ ભેગા થયેલાં માણસોએ એ બન્નેને છૂટાં પાડ્યાં ત્યારે જ
તેઓ એકબીજાનાં નામનું રડતાં રડતાં ઘેર ગયાં; બન્નેને ઘેર રોકકળ
શરૂ થઈ. બન્નેએ તકરારનું મૂળ કહેવાને બદલે પોતપોતાના પતિ-
રાજોને એકબીજા વચ્ચે થયેલી ગાળાગાળીની જ વાત કરી ઉશ્કેર્યા.
બને પિતરાઈએ દંડા સંભાળ્યા અને પહોંચ્યા એકબીજાને ઘેર–ઉજ-
મનો વર શંભુલાલ કુસોરને ત્યાં અને કુસોરનો વર અમથાલાલ
ઉજમને ત્યાં!

૨

'કેમ ઉજમબેન! શંભુલાલભાઈ ઘરમાં છે કે?' અમથાલાલે
આવતાંની વેંત બહુ નરમાશથી પૂછ્યું.

'ત્યારે બિચારી ચિત્રા આખરે—'

'કોણ જાણે બા! તમે પણ અમથાભાઈ! કાંઈ બોલી દેશો નહિ; અમને તો સોળ દિવસનું સૂતક લાગે.'

'હશે. જવા દો એ વાત. ચાલો શંભુલાલ શેઠ તો હજી આવ્યા નહિ એટલે હું તો જઈશ.'

'જાવ છો? આવજો હં! કંઈ ખોટું ખોટું લગાડશો નહિ; અને પેલી તમારીને કહેજો કે જાણ્યા મૂક્યા વગર કોઈનાં સગાંના મરણની વાત રસ્તા વચ્ચે કરવા બેસીએ નહિ; એ તો ઠીક થયું કે હું રાંડ કાગડી તે પહેલેથી જ ચેતી ગઈ ને એને આગળ બોલવા જ નહિ દીધી. નહિ તો મારે તો બા, લુગડાંબોળ નહાવું પડતે અને પાપડનું યે બગડતે!'

'એ છે જ એવી.' એમ કહી અમથાભાઈ ધોતિયું ખંખેરીને ઉઠ્યા અને ઘેર ગયા. એને ગયાને પાંચ મિનિટ નહિ થઈ હોય ત્યાં શંભુલાલ શેઠ ડંગોરો અફાળતા આવી પહોંચ્યા. અમથાભાઈએ પોતાને લગાડેલા મસ્કાથી ઉજમબ્હેન કંઈક ખુશ હતાં. પોતાના દુશ્મનો જ ચાલી ચલાવી પોતાને ઘેર આવી પોતાનાં વખાણ કરે અને એની સગી વહુને વખોડવા બેસે ત્યાં કઈ સ્ત્રી ખુશ ન થાય?

'કેમ, શી ધાડ મારી આવ્યા?' ઉજમે હસતાં હસતાં શંભુલાલને પૂછ્યું.

'અરે ધાડ શી ને વાત શી! મારા મનમાં કે અમથાની વહુને હું આમ સીધેસીધું પૂછીશ તો એ વીંછણવડુ કાકારોળ કરી મૂકશે ને ચાલીના લોક ભેગા કરશે અને ઘરમાં કોઈ મરદ નહિ, એટલે લોકો 'ચોર કોટવાલને દંડે' જેવું કરશે, એટલે મેં એને પહેલાં તો ખૂબ છાપરે ચડાવી, તને પણ એક બે એની આગળ 'ચોપડી', તેથી એ એવી સિદ્ધિ દોર થઈ ગઈ કે પછી એણે બધી વાત માંડીને કહી ત્યારે તો મારીયે આંખ ફાટી ગઈ!'

'ત્યારે તો એ મૂંગા આવ્યાં પણ ત્યાં આગળ એની પેટીને એ 'ચોપડી' અને છાપરે ચઢતી ગયાં! પણ મારે ક્યાં જવું' એવું કહ્યું હતું ને? પણ એ ડુક્કરીએ શું કહ્યું તે તો કહો જરા!'

'એ તો કહે કે તું નાટક એની માથે ચડાવી પડી.'

'હા, હા. વહાલા મુખ હવે ચાંપતી થાવ છે. પણ મારે આ બધાં બહાર જવાનાં લુગડાંબેર નાખી નાખવું પડતે તેનું કાંઈ કર્યું?'

'ન્હાવા જેવું શું હતું?'

'કેમ નહિ? એ તો આપણું વિશાખ થાય. તમે મૂઆ મરદોને જેમતેમ સટરપટર ચાલે, પણ અમો બૈરાંઓથી કાંઈ એવા ધરમવટાળ નહિ ચલાવી લેવાય.'

'પણ થયું છે શું! ન્હાવા જેવું શું છે તે તો કહે?'

'એણે તમને પેલા પાણીઆઇની વહુ ચિત્રાની બાબતમાં કાંઈ કહ્યું કે નહિ?'

'હા કહ્યું, પણ તેમાં ન્હાવાનું શું!'

'કેમ નહિ? એ મરે'—

'પણ એ મરી ક્યાં ગઈ છે?'

'ત્યારે?'

'એ તો કહે છે કે અમથાભાઈએ છાપામાં વાંચીને એને કહેલું કે પાણીઆભાઈની વહુ ચિત્રાને જેલમાં છોકરો આવ્યો!'

'હેં! છોકરો આવ્યો? મુઇ જીવી! એ તો કહેતી હતી કે આ હડહડતો કળિયુગ આવ્યો ને એ વાત સાંભળી ત્યારથી એને ખાવું પીવુંયે ભાવતું નથી ને રોવું આવ્યા કરે છે અને એવું બધું—'

'તો તો બરાબર છે: કારણ કે ચિત્રા પકડાઈ ત્યારે એને છઠ્ઠું હાકું હતું, પછી એને જેલમાં છોકરો થયો આવ? એ કળિયુગ

મહાત્માજી શ્રી. સ્વરૂપરાણી નહેરૂની તબીયતના ખબર કાઢવા જાતે દોડી જનાર છે.'

ત્યારે જ મતપત્રો 'ક્રોનિકલ' પોતાને પ્રકારે આમ બોલે:— 'મહાત્માજીના પગ જ નિકટમાં અલ્હાબાદ તરફથી ચાલશે એમ ખબર મળ્યા છે તે ઉપરથી અટકળપૂર્વક એમ કહેવા શક્તિમાન છીએ કે મહાત્માજી જાતે શ્રી. સ્વરૂપરાણી નહેરૂની માંદગીના સમાચાર સાંભળી આજકાલમાં કદાચ જાતે, દોડી જવાનો ઠરાવ કરશે છે.'

ત્રીજા છાપાવાળો જરા—અનેક—જરા આગળ વધીને કહેશે:— 'મહાત્માજીના પેટ ફોલ્લીઓ અને બીજો સામાન બંધાવા માંડ્યો છે તે પરથી ખાત્રીપૂર્વક કહી શકાય કે પોતે બનતી ત્વરાએ શ્રી. સ્વરૂપરાણી નહેરૂની તાબિયતની ખબર કાઢવા દોડી જવાની ભારે ઉત્કંઠા ધરાવે છે.'

આ વાતનો આમ પ્રચાર થતાં મહાત્માજીનો કોઈ 'જમાઈ હોય' એ બાબતની ખાત્રી કરવા ખુદ મહાત્માજીને જ પૂછવા પર્ણકુટી તરફ દોડી જાય. મહાત્માજી એ ખબર સાંભળી આશ્ચર્ય બતાવે અને શ્રી. સ્વરૂપરાણીના તાબિયતના ખબર કાઢવા જાતે દોડી જવું જોઈએ એવી પોતાને વણમાગી સલાહ આપવાના પત્રકારોની આ નવી રીત જોઈ કદાચ હસે ય ખરા! એ ગમે તેમ, પણ એમના મગજમાં આટલો વિચાર તો હસે જ કે પહેલી જ તકે શ્રીમતી નહેરૂને મળવા દોડી જવું તો જોઈએ! આમ વાઇસરૉય સાથે મુલાકાત, સફેદ લખોટા પર અભિપ્રાય, લેજીસ્લેટીવ એસેમ્બલીના લૉબીમાં થતી ગોરા કે કાળા દેવોની વાતચીત; ઇત્યાદિ અનેક બાબતો ઉપરથી વસ્તુગુંથણી ગુંથી મતપ્રચાર કરવાની કલા જો પત્રકારમાં હોય નહિ તો તે પત્રકારને બદલે ધોબી સંજ્ઞાને વધારે લાયક છે એમ તો છેક નહિ પણ પત્રકારના ધંધામાં એ ઝાઝું ઉકાળી શકશે નહિ એટલું તો નિઃસંકોચ કહી શકાય.

વર્તમાનપત્રોની મતપ્રચારની આવી નીતિરીતિથી મહાત્માજી કે જાહેરમાં ભાગ લેતાં કોઈ પણ જાહેર પુરૂષો કે જાહેર સ્ત્રીઓ અજ્ઞાત

નથી હોતાં, કેટલું પોતાના કે પરના સંબંધમાં છપાયલી એવી વાતો પર તેઓ બહુધા ઝાઝું લક્ષ નથી આપતાં; તેમજ એવા ખબરોથી તેઓ આમ કે તેમ દોરવાઇ પણ જતા નથી: એટલું ખરું કે છાપામાં આવેલી અર્થસત્ય કે 'બદોંસાપાય સ્થળેથી મળેલી' હકીકતોથી કોઇ કોઇ વાર એવું તો 'મશમાહાઇ' જવાનો સંભવ ઉભો થાય છે કે જાહેર પુરૂષો કે સ્ત્રીઓને એવાં ગપાટકો વિરૂદ્ધ પોતાનો 'ખુલાસો' બહાર પાડવાનો પ્રસંગ ઉભો થાય છે. કોઇ કોઇ વાર એવું પણ બને છે કે કોઇ ચબરાક છાપાવાળાના ભેજામાં હાલીફુલી વૃદ્ધિ પામેલો એકાદ ગપ્પો કોઈ જાહેર પુરૂષને સૂચનારૂપ પણ થઇ પડે છે અને એ એમ સત્ય હકીકતના રૂપમાં ફેરવાઈ જાય છે.

મહાત્માજીના અમાઉના એક ઉપવાસ દરમ્યાન દેશના લગભગ તમામ મહાપુરૂષો એમને મળવા આવી ગયા હશે અને આપણા જેવા પામર પ્રાણીઓને પોતાનો દિવ્ય સંદેશ પણ આપી પોતાને વતન પાછા સીધાવ્યા હશે, એક માત્ર ભારતભૂષણ માલવીયાજી બાકી હતા. તેમણે પણ આખરે વર્તમાનપત્રોને એવી મતલબનો સંદેશો આપ્યો કે 'મહાત્માજીના આ ઉપવાસ એમના અંતરના આદેશને અનુસરીને થાય છે એમ મારી ખાત્રી થઇ છે વગેરે વગેરે—હવે વર્તમાનપત્રોએ પંડિતજીનો સંદેશ આપવો માટે મેળવ્યો એ ખરૂં, પણ પંડિતજી મહાત્માજીને મળવા પૂના દોડી આવે એમ કરવાનું બાકી હતું! આખરે "તબીબી સલાહને અનુસરીને સંપૂર્ણ આરામ લીધા પછી પંડિતજી મહાત્માજીને મળવા પૂના દોડી આવશે" એમ વર્તમાનપત્રોમાં વારંવાર આવતી ખબરો પછી નબળી તબિયત છતાં પંડિતજી મહાત્માજીને મળવા પૂના દોડી આવ્યા, એ જાણીતી વાત છે.

લગભગ આવી જ રીતે આપણા મકનકાકાને માથે પોતાના બાપના બારમાની ન્યાત ઉકેલવાનું આવી પડેલું. ખુદ દાસકાકા પોતે એ વાત ભૂલી ગયેલા: પણ એમની ન્યાતના કેટલાક ચોદશિયાઓ

આવે છે; સાચે વિષયનું વિવરણ કરતાં પ્રાપ્ત થાય છે કે ત્યાગનું આચરણ કરવું હોય ત્યાં સુધી એ નીતિના શાસ્ત્રમાંથી કોઈ આનંદનું નથી. કુદરતીપણે એમ તો લાગે છે કે જો 'વાદ' પોતીકા માટેનું પાળવું હોય એ પોતાના દાખલા પૂરતાં નહિ હતાં, ત્યાં સાચે ત્યાગ કરવાનું કરજ હોય ત્યાં સુધી ત્યાગમાં કોઈ ઓછું ન હોય એના પર પોતીના દાખલાનો પ્રભાવ ન પડે. પ્રભાવ પાડવો હોય તો ત્યાગ કરી ત્યાગનું કરજ કેળવવું જોઈએ. એક સ્ત્રીના મગજમાં એ વાત પર પાસે પહોંચી એ એકાએક નીકળી પડ્યા; કેટલાક પ્રચારકાર્ય શરૂ કરવાની માફક ગોઠવું એવું કરવું હોય તો તેની શરૂઆત ઘેરેથી થવી જોઈએ. પુરુષની તાકાત નથી કે એનો સામનો કરી શકે. મહનકાકાના મગજ પર ત્યાગ કરવાની વાત બેઠી તો ખરી, પણ તે કદાચ ભવિષ્ય પર મુલતવી રાખી હોય તો વાંધો નહિ એમ એમને લાગ્યું હોય; પણ બહેનોએ ઉપાડેલા પ્રચારકાર્યની અસર તત્કાળ થઈ સમજવી. દાસ કાકાને પણ એ અસર આગળ નમવું જ પડ્યું. ત્યાર બાદ વગર એકપછી એક થતા ટકોરાએ એમના મગજને આરામ લેવા દીધો જ નહિ, અને આખરે એમને એમના બાપનું બારમું કરવું જ પડ્યું!

મતપ્રચારની આ કલા સર્વને હસ્તામલકવત થાઓ, એવી પેલા ભક્તજનો કહે છે તેમ પ્રભુ પાસે મારી પ્રાર્થના છે!



કલાનો શહીદ

આપણા જૂના મિત્ર પ્રોફેસર કેવળભાઈ એટલે 'કલ્પના પ્રયોગો!' એની નજરે એક પણ નવીનતા ચડી એટલે બસ ખલાસ! એ નવીનતા એને જ્યાં સુધી હસ્તગત થાય નહિ ત્યાં સુધી એ ઝંપીને બેસે નહિ. એવી માટીનું બનેલું એ પૂતળું હતા! પ્રોફેસરશીપથી માંડીને 'સુગંધી સાબણ, કર્પુર આણિ પાતળ રંગણ્યા વડ્યા' યાને સુગંધી સાબુ, કપૂર અને લૂગડાં રંગવાની ગોળી સુધીના ધંધા એ ખૂંદી વળ્યા હતા. માધવબાગમાં 'જનરલ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ'ની એક નાનીશી હાટડી પણ જમાવી ચૂક્યા હતા. એના જેવો બહુશ્રુત માણસ શું કોઈ એક ટચૂકડી દુકાનડી ચલાવી એક પામર જંતુને મોતે દુનિયાને પોતાના જ્ઞાનનો કાંઇ પણ ફાયદો આપ્યા વગર 'નિત્યલીલા'માં પ્રવેશ કરે? કુદરત પણ કદાચ એ સાંખી શકે નહિ. દાનશ કરતી હવે હોઠે આંગળી અડાડી એમણે વિચાર કીધો તો એમને માલમ પડ્યું કે આ પામર દુનિયા દુઃખના દરિયામાં ડૂબી રહી છે તેનું કારણ શું? અજ્ઞાનતા! અને એ અજ્ઞાનતા વધારેમાં વધારે ક્યાં અને કોનામાં છે? તરત જ અંતરનાદરૂપી નારદજીએ વીણા વગાડતાં કહ્યું: 'ગામડામાં અને ગામડિયાઓમાં.' જગતની મહાન વિભૂતિઓ મહાત્મા ગાંધીજી અને રવીન્દ્રનાથ ટાગોર શું કહે છે? એજ! કેવળભાઈના અંતરનાદે શું કહ્યું? એ જ! એ જ! બસ ત્યારે ખોટી કોની? હાટડી વેચી નાખવાની! એ વેચાઈ ગઇ કે સુરતની પાસે

'બોલો, જવાબ દો! ઓ રસિકલાલના બાપા! એ બિચારી છોકરીઓને નાચતાં શીખવવાનું શું કામ? એ બિચારી મોટી થયે રોટલા ટીપે, છાણાં થાપે, વલોણાં વલોવે, છોકરાં ઉછેરે કે ધણીની સામે મેનકાની માફક નાચે? એને તે ઘરકામ જાણવાનું કે આ વેશ્યાની માફક નાચવાનું શીખવાનું?'

કેવળભાઈ આનો શો જવાબ દે? એમની કલાની ભાવનાનું આવું અપમાન એ ગળી જાય છે ત્યાં તો મીસીસે એમના ચારિત્ર્ય પર ધબ્બો લગાવ્યોઃ 'ને પેલો ભીખલો તો કહેતો હતો કે માસ્તર પણ હવે પેલીની પાસે નાચવાનું શીખતા હતા! ઉંટ જેવા લાગતા હશો. જોઉં, અહીં તો જરા નાચી બતાવો!'

કલા અને રસિકતાની આવી અવહેલના એમની પોતાની જ પત્ની છાજીઆં લેતી ઢબે કરે અને એમને પોતાને બબૂચકની માફક એ સર્વ ચૂપચૂપ સાંભળ્યા કરવું પડે એ કેવી વિચિત્રતા! વાત વધે તો નિશાળે જતાં મોડું થાય એમ વિચારી એમણે કપડાં પહેરી નિશાળ તરફ હેરિયું લીધું. ત્યાં આવી જુએ છે તો લોકો ટોળે મળી વાતો કરતા ઉભા હતા. 'એ માછતર આઇવો; માછતર આઇવો' એમ બોલતા લોકો કેવળભાઇની આસપાસ વીંટાઈ વળ્યા.

'કેમ સાહેબો, શો હુકમ છે?' કેવળરામે પૂછ્યું.

'હુકમ તો માસ્તર! લાલબદામનો છે! પણ તમે હવે શું ધાર્યું?' એક ઉદાડે કેવળરામના નાક સામે મુક્કી ધસાવી સામું પૂછ્યું.

'શી બાબતમાં?'

'જ્યાંથી આવ્યા ત્યાં પાછા ચાલ્યા જવાની બાબતમાં!'

'કેમ?'

'આ એમ?' કરી ટોળામાંથી એકે કેવળરામને ધપ્પો લગાવી દીધો!

'મારું અપમાન, મારું ખૂન, પોલીસ-પોલીસ!' કેવળરામે ત્રાડ નાખી.

'હવે બેસ બેસ અપમાનવાળા! ગામમાં વેશ્યાવાડો ચાલ્યો અને હવે અપમાન ને પોલીસની વાતો કરવા નીકળ્યો છે! બોલ, શું કહે છે? તું ગામમાંથી ક્યારે ભાગે છે?' એકે કેવળરામનું બાવડું પકડી એને હચમચાવી મૂક્યો.

કેવળરામે જોયું કે આ સંઘની ટોળા સામે ઝાઝી લપછપ કરવા જતાં એમનો બોરકૂટો થઈ જાય એમ હતું. એટલે એ તો લોકોના ધક્કા મુક્કી અને ગડદાપાટુ ખાતાં આડે રસ્તે નાસી ઘેર પહોંચ્યા. લોક પણ નિશાળનો સામાન તોડી ફોડી હોહા કરતા વિખરાયા! અને આખરે બીજે દહાડે 'આ જંગલી ઢોરો, કલાની ખૂબી શી સમજે? હિંદુસ્થાન માટે સ્વરાજ હજી છેટું છે!' એમ મનમાં બબડતા કેવળભાઈ, કલાના શહીદ બની, સહકુટુંબ મુંબઈ તરફ સીધાવી ગયા, ત્યારે જ આ રસિક કલાપ્રકરણનો ઉપસંહાર થયો! ઇતિ શુભમ્!

'વાહ, વાહ! ત્યારે તો તમારાં લગ્ન બહુ ઓરીજીનલ રીતે—ખાસ જોવાલાયક રીતે થશે!'

આ ચર્ચાને વર્ષેક વીત્યું હશે એ દરમ્યાન મારા યુરોપાદિ દેશોની મુસાફરીએ જવાના વિચારો પક્વ થતા હતા; હું જાતે માથે એકલો, સાથે પૈસા મબલગ, એટલે આખરે દિવસ નક્કી કરી મિત્રો અને સગાંસ્નેહીઓની 'સફળ સફર' અને મુબારકબાદીના પોકારો વચ્ચે હું યુરોપની યાત્રાએ ઉપડ્યો. મારા મનોરાજ્યે ઘડેલી નવી સ્વતંત્રસૃષ્ટિ તરફ પ્રયાણ કરતાં મારા હર્ષનો પાર નહિ હતો. યુરોપનાં સૃષ્ટિસૌંદર્યનું અને કૃત્રિમ કલાઓનું ઘુંટડે ઘુંટડે પાન કરતાં હું ધરાયો નહિ. પૈસાને પાણી માફક રેડી ત્યાંની શક્ય તેટલી સર્વ મોજ અનુભવી. ત્યાંની પેટને માટે કામ કરતી અનેક ગૌરાંગનાઓ સાથે હું સંસર્ગમાં આવ્યો, પણ ત્યાંના અમીરોના ઘરમાં પગપેસારો કરવાની મારી ઇચ્છા પાર પડી નહિ. હિંદુસ્થાનમાં મારા વિચારો એવા જ બંધાઇ ગયા હતા કે યુરપમાં તો ઇચ્છા થાય તે સ્ત્રી સાથે વાતચીત થઇ શકે અને દોસ્તી બાંધી શકાય. પણ અહીં આવ્યા પછી મને ઉલટો જ અનુભવ થયો. મારો વિચાર એવો હતો કે કોઈ સારી, અમીરની, મારા લાયકની કોઇ કન્યા મળી જાય તો તેની સાથે લગ્નની ગાંઠથી જોડાઇ જઇ હિંદુસ્થાનને છેલ્લી સલામ કરી ત્યાં જ ધામા નાખવા—યુરપજમાઇ જ થવું! પણ મારી એ ઇચ્છા સહેલાઇથી પાર પડે એમ મને લાગ્યું નહિ. આખરે એક થીઓસોફીસ્ટ અંગ્રેજ બાળા સાથે મારે પરિચય થયો. સૌંદર્ય અને માધુર્યની મૂર્તિસમી તે બાળાને, કોઈ હિંદુ—તેમાંય ગાંધીજીના કોઇ ગુજરાતી હિંદુ—સાથે લગ્ન કરવાના કોડ હતા. તેને હિંદુ બની આર્યસંસ્કૃતિ માણવાની હોંશ હતી, હિંદુત્વ માટે તેનો તલસાટ કોઇ ગજબ હતો. હિંદુસ્થાન જઈ હિંદુ રીતરિવાજ મુજબ રહેણીકરણી રાખવાની તે ભાર ઉત્કંઠા રાખતી હતી. ગરીબ બિચારી બાળા! આદર્શઘેલા

થીઓસોફીસ્ટોનાં પૌરાણિક ગપ્પાંઓ વાંચી ને આર્યભૂમિ તરફ આકર્ષાઇ હતી એમાં શક નથી. આર્યસંસ્કૃતિ તરફનો એનો પક્ષપાત બાદ કરતાં એમને તો શું, કોઇને પણ ગમી જાય એવી સુંદરી હતી. એક દિવસ તો મેં અજબ હિમ્મતથી એને પૂછ્યું: 'બાઇ, મને પરણશો ?'

'તમને ?'

'હા, મને ! હું હિંદુ–ગુજરાતી હિંદુ–છું. કદાચ ચુસ્ત હિંદુ નહિ હઉં ! અને તમેય ક્યાં ચુસ્ત ખ્રિસ્તી છો !'

'ક્રાઇસ્ટના ઉપદેશ મુજબ વર્તનાર જો કોઇ વ્યક્તિ ખ્રિસ્તી કહેવાતી હોય તો હું ચુસ્ત ખ્રિસ્તી છું. બાકી ક્રાઇસ્ટને હું એક ચુસ્ત હિંદુ જ માનું છું.'

'હશે બાઇ ! એ સમજણબાજીમાં ઉતરી શકું એટલું મારું ભેજું નથી. બાકી જો તમે પરણવા માગતાં હો તો જેવો છું તેવો હું–એક ગુજરાતી હિંદુ–તમારા હાથની ઉમેદવારી નોંધાવું છું.'

'તમે ગુજરાતી હિંદુ ? તમારો પોશાક, રહેણીકરણી અને વિચારો તો યુરપના સુધરેલા સમાજને મળતા આવે છે. અહીંના કોઇ સાધારણ પૈસાદાર માણસના બટલર જેવો તમારો પોશાક જોઇ ભાગ્યે જ તમને કોઈ હિંદુ કહે.'

'હશે, એ ગમે તેમ. પણ તમે જો મારી સાથે જોડાઇ મારું જીવનસ્વપ્ન સાચું પાડો તો હું તમને મારી વહાલામાં વહાલી ચીજના સોગનથી કહું છું કે તમને હું સંપૂર્ણ રીતે ગુજરાતી હિંદુ વાતાવરણમાં મૂકી તેમાં મહાલવાની જોગવાઇ કરી આપીશ. જો કે મને ખાત્રી તો છે જ કે બહુ જ થોડા વખતમાં તમારો એ મોહ ઉડી ગયા વગર રહેશે નહિ.'

'તે ઠીક છે, પણ તમે પ્રતિજ્ઞાથી મારી ગુજરાતી હિંદુ થવાની હોંસ પૂરી કરી શકશો ?'

વળગ્યું ? જાણે કાંઇ અસાધારણ બન્યું જ નથી એમ સમજી મેં એ વાત હસી કઢાડવા ફરી પ્રયત્ન કીધો.

'હડિયે, આપણી કુમારી છીપકી એમજ કે'તી ઉતી, કે છોકરીના છોકને કાંઇ એવી જ ટેવ પરેલી ! આજ મારી વરછમાંક જેવો હારો ! છીપકી પાછે આજ કર્મ હાંરાથી હું ગુજરાતી છીખતી છેઉં ! મેં જાયનું કે લાવ આજે જ ઓજીતી ગુજરાતીમાં બોલી બાને છક કરી લાખું ! પન તું તો આજથી ઘેરે મોરો આવેલો ! ફોર શેઇમ મી. બડ્ડી !'

ઓ જારી ! ત્યારે વાત બધી આમ છે ! એણે આ સુરીઆનું ગુજરાતી બધું અમને છક કરી નાખવા અમારી દુબળી બાબા છીપકી પાસેથી શીખી લીધું હતું, એમ ને ? હસીને મેં મંજુલાને કહ્યુંઃ 'માઇ ડીઅર મંજુલા ! ધેટ્સ નૉટ ધી પ્રૉપર ગુજરાતી. વેરી લો પીપલ યુઝ ઇટ ! આઇ બેગ યુ ટુ ફરગેટ ઇટ ઓલટુગેધર ! (વહાલી મંજુલા, એ ગુજરાતી કાંઇ ખરૂં નથી ! હલકી જાતના લોક એવું (ગુજરાતી) વાપરે ! એ (ગુજરાતી) સદંતર ભૂલી જવાનું હું તને વિનવું છું.)

'ઇઝ ઇટ સો મી. રંગીલદાસ ?' (એ શું ખરૂં છે, મી. રંગીલદાસ ?)

ઉત્તરમાં રંગીલ હસી પડયો ! મંજુલા પણ ખીસીઆણી પડી ગઈ; આમ તે દિવસ ખુશી ખુર્રમીમાં પસાર થઇ ગયો, બીજા જ દિવસે મેં મંજુલાને ગુજરાતી શીખવવા માટે એક પંડિત રોક્યો. આમ મંજુલાને મારા તરફથી દરેક વાતનું સુખ આપવાની હું કાળજી રાખતો હતો.

એક વખત ગુજરાતી સ્ત્રીઓના રડવા કૂટવાના રિવાજ ઉપર વાત નીકળી.

મંજુલાએ કહ્યુંઃ 'એ એક જાતની કરૂણ રસ રેલાવતી તાલબદ્ધ ક્રિયા છે. એવી રસિક ક્રિયા મે દુનિયાના કોઇ દેશમાં નથી જોઇ. હિંદુસ્થાન તો દેવભૂમિ છેઃ અને હિંદુઓ તો દેવોના અવતાર સમા

છે. જો દેશ દશકામાં પણ 'ગીટ્સ' (નાગજડના) માણેક ને દેવનાગોળી વધાયેલો રસિક દેશ હોવો જોઇએ. આવી દિવાળમાં કોઈ વિકૃતિ થઇ હોય તે સુધારવી એ વળી જુદી વાત.'

હવે આને તે મારે શી રીતે સમજવી? જો કુરિવાજોનો ખોરો કઢાવવા માટે અમે સુધારાવાળાઓ માથાં ફૂટી મરી જાએ છીએ ને એને રસિક લાગે છે! પ્રાણપ્રિયા સાથે આવી બાબત પરની ચર્ચા શરૂઆતમાં તો મીઠી મધ જેવી કદાચ લાગે, પણ વખત જતાં ધીમે ધીમે એવી જ ચર્ચાથી અંતર વધતું જાય છે. દિવસો વીત્યા અને આવી ચર્ચાએ ઉગ્ર રૂપ લીધું.

મંજુલા આમ તો શાંત સ્વભાવની અને મને દરેક રીતે અનુકૂળ રહેવા પ્રયત્ન કરે એવી હતી. પણ ભાવનાવાદી વ્યક્તિ પોતાના આદર્શને આઘાત પહોંચતાં બીજે જ છેડે ખેંચતાં વાર નથી કરતી. એક દિવસ પ્રભાતમાં વહેલો ઊઠી હું જોઉં છું તો પલંગમાં મંજુલાને સ્થાને એક ચિઠ્ઠી દીઠી. શુદ્ધ ગુજરાતીમાં તે આમ હતીઃ—

વ્હાલા!

હું જાઉં છું; ક્યાં? તે હું કહીશ નહિ. મને ખોળવાનો પ્રયત્ન કરશો નહિ. હિંદુશાસ્ત્રની આજ્ઞા મુજબ મેં તમને પતિ માન્યા છે અને તેમ તમે જીવનભર રહેવાના જ. તમે મને અત્યંત સુખમાં રાખતા હતા તે માટે હું આભારી છું. પણ હું માગતી હતી તેવા આદર્શ ગુજરાતી હિંદુ તમે નહિ હોવાથી તમારી સાથે મારો મેળ ભાગ્યે જ મળે. પશ્ચિમના સડેલા વિચારોને તમે સુધારો માનો છો, એ કેવું આશ્ચર્ય!

લી. હમેશ માટે તમારી દાસી સતાએલી

મંજુલા

"આનું નામ તે 'ભાવનાનાં ભૂત!'"

ચીઠ્ઠી વાંચી હું બબડ્યો અને કરુણ રીતે હસ્યો!

અ ઘ ર ણી

મારી કોલેજની મિત્ર મીસ ફેની બહુ વિચિત્ર સ્વભાવની હતી. એ પોતે થિયોસોફીની બહુ વિરુદ્ધ હતી, તો પણ પ્રભુ જાણે કેમ એને હિંદુ રિવાજો અને રહેણીકરણી તરફ ભારે પક્ષપાત હતો. હિંદુઓના દરેક રિવાજનો બારીકીથી અભ્યાસ કરવાનો એને શોખ હતો. એ કહેતી કે હિંદુઓ તો પ્રાચીનમાં પ્રાચીન પ્રજા છે, અને એના હાલના સાચા કે ખોટા મનાતા રિવાજો અનેક અખતરાઓના પરિણામરૂપે મોજુદ છે, એમાં એકે ઝપાટે ફેરફાર કરી નાખવાની ઉતાવળ કરવી, એ હાથે કરીને દુઃખ વહોરી લેવા જેવું છે: આવા વિચારો ધરાવનારી ફેની દેખીતી રીતે હિંદુઓના ષોડશ સંસ્કારોમાંનો સ્ત્રીજાતિને લગતો એક અગત્યનો સંસ્કાર જે સીમંત, તેની વિધિ જાણવાનો ઉત્સાહ ધરાવે એ બહુ સ્વાભાવિક છે; પશ્ચિમમાં 'સેક્સ લીટરેચર' જાતિને લગતું સાહિત્ય વિપુલ પ્રમાણમાં બહાર પડયું છે: તેનો સાત્ત્વિક અંગ હિંદુઓમાં–ખાસ કરીને ગુજરાતી હિંદુઓમાં– વ્યાવહારિક રીતે પળાય છે એમ એની માન્યતા હતી; આથી એ સ્વતંત્ર મિજાજની યુવતીએ મારી પાસે ખાસ માગી લીધું હતું કે 'મારી વહુને ખોદાયજી સારો દા'રો દેખાડે' તો મારે, અમારે ત્યાં એ વિષયમાં થતી દરેક વિધિ એને જોવાની સગવડ કરી આપવી. મેં તે વખતે હસીને એ વાતની હા પાડી હતી અને હવે 'ખોદાયજીએ સારો દા'રો' દેખાડયો હોવાથી મેં એને એ સંબંધમાં થતી ક્રિયાઓ જોવા માટે આમંત્રણ આપ્યું.

'આય સું આ?' મીસ ફેનીએ અઘરણીની એક ક્રિયા જોઇને પૂછ્યું. હિંદુ સંસ્કારનું મારૂં જ્ઞાન ભમરડા જેવું હતું એટલે મીસ ફેનીનું 'આય સું?' નો જવાબ હું સંતોષકારક રીતે આપી શકીશ નહિ એમ સમજી મેં અમારા કુટુમ્બનાં એક વૃદ્ધ બાઇને બોલાવી ફેનીને જે પુછે તેનો જવાબ આપવાનું જણાવ્યું. મીસ ફેનીની પ્રેરણાથી મારી જીજ્ઞાસાવૃત્તિ પણ એ બાબત જાણવા જાગૃત થઇ હતી એ કહેવું અસ્થાને નહિ ગણાય.

'આય સું મોટાંમાય?'

'એને અમે 'મોટો ખોળો' ભરવાનું કહીએ છીએ.' વૃદ્ધાએ કહ્યું.

'મોતા ખોલામાં સું કરવાનું?'

'જાણો વાત એમ છે કે અમારામાં વહુને પહેલી વખત દહાડા રહ્યા પછી અમે પાંચમે મહિને નાનો ખોળો ભરીએ છીએ. આ વખતે અમે ગોત્રેજ એટલે કુળદેવીની અમારા શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે વહુ પાસે પૂજા કરાવીએ છીએ; એ વિધિ અમારો કુળગોર કરાવે છે.'

'ગ્રાન્ડ, વેરી ગ્રાન્ડ! કુલદેવીની પૂજાથી ગરભમાં રહેલા જીવ પર ધરમના સારા સંસકાર પડે એ દેખીતું છે. કહેવત છે કે 'જનુની જન તો હરી ભગટ'! તે પરમાને જો ગરભના જીવપર પૂજાના સંસકાર પરે તો માય કોઇ હરીભગટ જ જને! વાઉ પછી?'

ફેનીનું આ લાંબુ પીલસુફીભર્યું ભાષણ સાંભળી હું હસ્યો! વૃદ્ધાને કાંઈ સમજ તો પડી નહિ પણ મને હસતો જોઇને તેમજ ફેનીની સંસ્કાર સમજવાની વિચિત્ર પારસી ભાષા સાંભળીને એ પણ હસી!

'પછી સાતમે કે નવમે મહિને અમે મોટો ખોળો ભરીએ છીએ; આમાં નાના ખોળા કરતાં ક્રિયાઓ જરા વિસ્તારથી થાય છે.'

'એ પન મઝેનું! કોન જાને વખટ છે વહુ અધૂરે મહિને જની પરે તો ધરમની કિરિયા રહી જાય કરી પહેલાં થોરૂં થોરૂં કરવાનું તે નાનો ખોલો, પછી 'ગ્રાન્ડ સ્કેલ' પર કરવાનું તે મોતો ખોલો! યેસ, પછી?'

'એ મોટા ખોળામાં ગોત્રજ પૂજા વિધિ ઉપરાંત વહુનો નાનો લાડકો દીએર ભાભીને કંકુના હાથથી બુશેટ મારે છે.'

'વૉટ ઈઝ ધી મીનીંગ ઑફ ધીઝ બુસેત, મી૦ મઝૂમદાર?

'ભાભીના ગાલપર લાડથી ધીરે હાથે ટપલી મારવી તે!' મને જેવું આવડયું તેવું મેં કહ્યું, પછી વૃદ્ધા તરફ ફરી મેં એને પૂછ્યું: 'કેમ એમ જ ને કાકી?'

'હા, હા, કાંઇક એવું જ!' વૃદ્ધાએ કહ્યું.

ફ્રેની જોરથી હસી પડી: 'સ્પ્લેન્ડીડ! દુનિયામાં કોઇથી પરજા વધારેમાં વધારે રસિક હોય તો તે ગુજરાતી હિંદુ છે! વારૂ પછી?'

'એ ક્રિયા કરવા માટે દીએરને ધારા પ્રમાણે રૂપિયા મળે છે.'

'યેલ્લો! દીએર તો ગુજરાટી હિંદુઓનો જ! નામ બી કેતું લારકું! અંગરેજીમાં પણ લારકા શબ્દને માટે 'ડિયર' Dear જ છે! પન હું એમ પૂછું મી૦ મઝૂમદાર, કે કેન્યુ ફાઈન્ડ આઉટ ધ સાઇકીક મીનીંગ ઓફ ઑલ ધીઝ સેરીમનીઝ—યાને મોટાંમાય, હું એમ પૂછુંછ કે આય બદી કિરિયાઓનો આદિયાટ્મિક માયનો સું થતો હોસે, હેં?'

વૃધ્ધાને કાંઇ આમાં સમઝ પડી નહિ એટલે મેં કહ્યું: 'મીસ ફ્રેની! આ ક્રિયાઓનો ખરેખર કાંઇ ને કાંઇ આધ્યાત્મિક અર્થ જરૂર હશે એમ હવે મને ગભીર રીતે વિચાર કરતાં લાગે છે ખરૂં. હું એ ક્રિયાનો આમ અર્થ બેસાડું છું: હાથની આંગળીના ટેરવે કંકુ લગાડી ગાલપર બુસેટ મારવી યાને 'પાસીસ' આપવા, એ અદ્દીક વિદ્યુતશક્તિ એટલે કે એક જાતની ઇલેક્ટ્રીકસીટી અથવા પ્રાણતત્ત્વ ઉત્પન્ન કરવાની

ક્રિયા હોવી જોઈએ. સાયન્સનો સિદ્ધાંત છે કે ઇલેક્ટ્રીસીટી 'પોઇન્ટ' તરફ આકર્ષાય છે: હવે આંગળીનાં ટેરવાં એ શરીરનાં 'પોઇન્ટો' છે. હળદરના બનેલા કંકુમાં લોહી સુધારવાનો ગુણ છે એ તો સામાન્ય વાત છે અને લોહી સુધારવું એટલે શરીરના લોહીમાં વિજળી વધારવી કે બીજું કાંઈ?'

'યેસ આઈ ડીઅર! પ્રોસીડ.'

'તમે પારસીઓ જ્યારે કોઈ કોઈ ક્રિયામાં કંકુનો ચાંલ્લો કરો છો ત્યારે કેવા સુંદર લાગો છો!'

'આઈ એડમીટ!'

'એ સુંદરતા કંકુમાં રહેલી વીજળીને આભારી છે એમ તમને નથી લાગતું?'

'હું સમજી! એ ક્રિયા ત્યારે એક જાતનો સીમ્પેથેટીક ઑરા ઉત્પન્ન કરી ગરભમાં રહેલા જીવને પોષન આપવામાં મદદરૂપ થઈ પડે છે; અને એ નિર્દોષ નાની વયના લાડકા દીઅર પાસે કરાવવામાં આવે છે એ પન સમજાય એવું છે! વારુ, પછી મોટાંમાય!'

'ચાલો જરા આગળ આવો. આ મોટા ખોળાની ક્રિયા પૂરી થવા આવી છે. હવે તમે દૂરથી પેજુરાણીને—'

'પેજુરાણી એટલે?'

'ગર્ભવતી વહુ! એને ગર્ભ રહ્યા પછી એનું પદ ઘરમાં રાણીના જેવું છે. તેથી તેને પેજુરાણી કહેવાય.'

'હાઉ ડિલાઇટ્ડ યુ ગુજરાતીઝ આર! માયજી! તમે ગુજરાતી લોકો બહુ રસિક છેવ!'

'આ જુવો ઘેણુરાણી ઉઠ્યાં! એને એના પીએરિયાં તરફથી સારામાં સારાં વસ્ત્રાભૂષણથી શણગારવામાં આવશે, પછી એને માથે ફૂલની વાડી ગુંથવામાં આવશે. પછી એના માર્ગમાં શાલ કે રેશમી કપડું પાગરનાં પાગરનાં ને ઉપર એને ધીમે ધીમે ગલાથી વરવાળાને ત્યાં એના પીએરથી લાવવામાં આવશે. એ વખતે બૈરાંઓ સારાં સારાં ગીતો ગાતાં ઘેણુરાણી પાછળ ચાલતાં હશે. પછી વરવાળાને ઘેર રિવાજ મુજબ વહુના પીએરવાળાઓ યથાશક્તિ જમાઈ તથા વેવાઈ વગેરેને ભેટસોગાદ આપવી હશે તે આપશે. ઘેણુરાણી ન્યાતમાં એક માચી ઉપર—'

'માચી? યાને—'

'લો-ચેર (Low chair): એક જાતની નીચી ખુરસી.'

'ઓહ! મી. સોલોમન ઓફ ધ રે સ્કુલ ઓફ આર્ટ સેઇઝ, ઈટ્સ આ મોસ્ટ કમ્ફરટેબલ ચેર!'

'એમ કે? આર્ટ સ્કુલના મી. સોલોમન એ માચીને બહુ આરામદાયક ખુરશી ગણે છે?'

'યેસ! પછી માયજી!'

'પછી ન્યાત જમવા બેસે ત્યાં બૈરાંઓમાં ઘેણુરાણી ધીમે ધીમે એની મા કે કોઈ સગાં સાથે ફરે છે અને એનું મોઢું જોઇ સગાં વહાલાં ઘેણુરાણીને રૂપીઆઓની બક્ષીસ કરે છે!'

'હું તો માનુંછ કે આ બધી વીટીઓ ટેનરાનીને ખુસખુસ કરી નાખી ગરભમાં રહેલા જીવને પોસવા માટે હોવી જોઇએ! આ બઢી વીટીઓની આપને ભનેલા માનસો મસખરી કરીએ છ! પન હું ટો માનુંછ કે જે હેમણે કમુંબી સમજવાની તસતી લીધા વગર આરિયા સંસક્રીટીની મસખરી કરેછ તે ખરેખર એની ભયંકર બદનક્સી કરી રહ્યાછ! થેંક્યુ! મોટામાય, હું હવે જવશ!'

'એમ તે કાંઇ જમ્યા વગર જવાય બાઇ ! ભાઈ ! એને કહો કે, એ જમીને જાય અને આપણી ન્યાત પણ જુએ !'

'યસ મીસ ફેની ! કાકીનું કહ્યું માનવું પડશે !'

'ઠીક છે બાઇ ! તમારો આગ્રહ છે તો મોટા ઉપકાર સાથે જમવાનું સ્વીકારૂં છું !'

એસારપેસારની વાતો કરતાં થોડા કલાક પસાર થયા એટલે ન્યાતની વાડી—જ્યાં ન્યાત જમવાની હતી ત્યાં અમે ગયાં. ફેનીએ ત્યાં મારી વહુને 'ફુલ ડ્રેસ' માં જોઇ. હાથે પગે મેંદી, માથે ફુલની વાડી, હીરા મોતીના દાગીના, વસ્ત્રમાં રેશમી ગરચોળું વગેરે મારી વહુનો ઠઠેરો જોઇ ફેની તો દિગ્મૂઢ થઇ ગઈ! ન્યાત જમવી શરૂ થઇ એટલે એના કહેવા મુજબ મેં ફેનીને ગુજરાતી ઢબે પાટલા પર બેસાડી જમાડી. ઉનાળો હોવાથી જમણમાં શીખંડ, પુરી ને ઢોકળાં કરવામાં આવ્યાં હતાં. ફેનીને તો ભોજનમાં પણ 'ટેસ્ટ' પડ્યો—ખાસ કરી 'વાનીઆ લોક'ની કઢી એને ખૂબ ભાવી ! એણે તો એના બેચાર દડીઆ પી નાખ્યા !

'થેંક્યુ, મી. મઝૂમદાર ' આપના મોના માયને પન મારાં પરનામ કહેજો ! અને તમારા વાઇફને પણ મારાં કોન્ગ્રેચ્યુલેશન્સ આપજો અને કહેજો કે ગુજરાતી હિંદુમાં જનમવા માટે તમે ખરેખરા ભાગ્યશાળી છો ! ચાલો સાહેબજી ! એક્સક્યુઝ મી ધી ટ્રબલ !'

કરુણ હાસ્ય

'કેમ અમારૂં ચોપાનીયું તમને 'રેગ્યુલરલી' મળે છે ને?'

'ના, મળતું જ નથી.'

'શું કહો છો? મળતું જ નથી? અમે તો પોસ્ટમાં મોકલીએ છીએ!

'હશે! પણ મને તે મળતું નથી.'

'તમારા શિરનામે લખેલો કાગળ પાછો આવ્યો તે પરથી ધારીએ છીએ કે તમે મકાન બદલ્યું હશે.'

'નહિ, નહિ, હું ત્યાં જ છું.'

આમ બે મિત્રો વચ્ચે વાત થઈ. કાગળ જેમ પાછો આવ્યો તેમ પોસ્ટમાં મોકલેલાં ચોપાનીયાં પણ 'પરત' થયાં કે નહિ, તે સંબંધી કાંઈ વાત નીકળી નહિ. બંને મફતિયા હતા—એકને ચોપાનિયું મફત મોકલાવવું હતું; બીજાને તે મફતમાં લેવાનું હતું—એટલે એ 'કહેવાતા' ગેરવલ્લે ગયેલા ચોપાનીયાના સંબંધમાં 'ટપાલ હાફીસ'ને તકલીફમાં ઉતારવાનું કોઇને હતું જ નહિ?

'કહેવાતા ગેરવલ્લે—એટલા માટે કે કેસ હજી 'સબ જુડીસ' (Sub Judice) છે!

આ તો માત્ર 'દીબાચો'જ છે, પણ જીવનમાં ઘણીવાર એવા પ્રસંગો બને છે, જ્યારે આવી જ તદબીરથી વાત ઉકેલવાનું તગદીરમાં લખાયલું હોય છે.

અમથાભાઇ પેથાભાઇના ચિરંજીવી થાય. એમના લગ્નમાં બાપાએ છૂટે હાથે પૈસો ખરચેલો, પણ લગ્નમાં એમના પાસેમાં પાસેના એક સગાને ભૂલથી નોતરૂં દેવાનું રહી ગયેલું. લગ્નની ધામ-ધુમથી પરવારી પેથાભાઈ 'બાપ લાખ ચાલીસના' થઇ જરા લટાર મારવા નીકળ્યા. એટલામાં પેલો જ સગો કમબખ્ત રસ્તામાં ભુટકાઈ પડ્યો! પેથાભાઇએ એની નજર ચુકાવવા ગલાંતલાં તો ઘણાં કર્યાં, પણ તે સગો જ એમના નાકની દાંડી સામે ધસી જઈ 'જેશ્રીકૃષ્ણ' કરવાની નફટાઈ કરે ત્યારે પેથાભાઈ શું કરે, મરે કે માંદા પડે? પણ નહિ! એ દીકરો પેથો કાંઇ કાચો નો'તો, સાત્વિક ગુસ્સાની છટા લાવી થાપ મારવાની આમ શરૂઆત કીધી:—

'તમારૂં તો મને મોઢું જ જોવું ગમતું નથી હં કે!'

'કેમ ભાઇસાબ એમ બોલો છો? અમારો શો ગુન્હો થયો!' પેલો સગો લગભગ રડી જવા જેવો થઇને બોલ્યો.

'લે! હજી તો આ ગુન્હો ગુન્હો કરે છે. પાડ માનો પાડોશી ને દૂર દૂરના લોકોનો કે આપણા અમથાનાં લગનમાં અમારા ગરીબને સૌ એંઠું મહોઢું કરી ગયા અને તમારી કે તમારા ઘરમાંથી તો કોઇની સિકલે દેખાઇ નહિ! હાય બા! તમે પૈસાદાર લોકો અમ જેવા ગરીબને ઘેર ક્યાંથી આવો!'

'અરે શેઠ, એ વાત શી કરો છો? આપણા અમથાનાં લગન થઈ ગયાં? ક્યારે?'

'વાહ, વાહ, વાત તો ઠીક ઉડાડી મૂકતાં આવડે છે!'

'અરે પણ શેઠ! નોતરાં—બોતરાં વગર એમ ને એમ ધોળામાં આવીએ!'

'નોતરૂં! વાહ! હું જાતે તે દિવસ તમારે ત્યાં કહેવા આવ્યો હતો. તમારે ઘેર તાળું હતું એટલે મેં જાતે ચીઠ્ઠી નાખી હતી.'

‘ મુરબ્બી , માફ કરજો. ચીઠ્ઠી તો મળી નથી. પણ ચાંલ્લા વહેવાર છે ! ગગા સાથે ચાંલ્લો મોકલું તે તો તમારે લેવો પડશે ! ’

‘ ત્યારે તો અમારૂં ઢાંક્યું પણ રાખવું પડશે. ’

‘ એ તો અરસપરસ છે ને ? ’

આમ વાતચીત કરી બન્ને છૂટા પડયા. પેથો મનમાં બબડયો: ‘ ઘી ખાના સાકરસે ઓર દુનિયા ચલાના મકરસે ! ’ દીકરાને કહ્યું હોત કે અમથાના લગ્નનું નોતરૂં જ દેવાનું વિસરફરામ થઇ ગયું હતું તો મારા બેટાએ રામનું રામાયણ કીધું હોત ! ’

આવા પેથાભાઈ દુનિયામાં એકલદોકલ નથી. નઝર કરવાની તસ્દી લઇએ તો ઠેરઠેર પેથાભાઇ ભરાયલા માલમ પડશે.

આ વળી બીજી જાતનો પેથો જુઓ :—

“ કેમ આજે કંઇ આમ સફ્ફદ ગોટા જેવું ડાચું– ’

‘ બાપા ગુજરી ગયા. ’

‘ ગુજરી ગયા ? શું થયું હતું ? ’

‘ પ્લેગ ! કેમ તમને તો ખબર—:

‘ ખબર તો પડેલી, પણ આટલું બધું ગંભીર ધારેલું નહિ. છતાં ચારેક દિવસ પર હું તમારે ત્યાં આવવા નીકળ્યો ને રસ્તામાંથી તમારી બારીઓ બધ જોઈ એટલે હુ સમજ્યો કે તમે બધાં બહારગામ હવાફેર ગયાં હશો ! ’

‘ પણ તમને તો સોનાપુર ડાઘુમાં આવવાનું પણ કહેવડાવ્યું હતું ને ? ’

‘ કોને મને કે ? તે દિવસે તો જરા મનેયે શરીરમાં તાવ હતો, છતાં હું તો પંચિયું લઇને તૈયાર થયો, પણ તારી કાકીએ રોક્યો : હવે સાચી વાત યાદ આવે છે ખરી ! બહુ ખોટું થઈ ગયું: મને સાચું

એ જ લાગે છે કે અમારે ને તારા બાપાને આટલો નજીકનો સંબંધ છતાં મરતી વખતે એનું મોઢું સરખુંયે જોવાયું નહિ ! હરિ ! હરિ ! એ પ્લેગથી ડરવાવાળા બીજા; હું કાંઈ ડરૂંજ નહિ; એમ ચાકરી કરવાથી કે જોવા જવાથી કાંઈ પ્લેગ લાગી જતો હશે ! એ તો તારી કાકી જરા ચોચકી, એટલે મને નહિ આવવા દીધો; બાકી હું તો તાવવાળે શરીરે પણ—'

વાત તો સંભાત પણ પેલા બિચારા ભત્રીજાને શ્રાદ્ધનો સામાન લેવા જવાનું મોડું થયું હતું એટલે એ તો ગયો પણ જતાં જતાં 'હરેક દાસ 'નું એક કુંચગુચ્છાવાળી કુંચ કાકાની સામે ફેરતો ગયો !

ગુરુ મહાત્મ્ય

ગુરૂ દત્તાત્રયે અનેક ગુરૂઓ કીધા હતા. એ યોગીરાજની અવલોકનશક્તિ એટલી તીણણી હતી કે જડ વસ્તુથી માંડીને ચેતન પ્રાણી સુધીની કોઈ પણ ચીઝની ખૂબી-ખામી એ ઝટ પારખી લેતા અને તે ઉપરથી દૃષ્ટાંત લઇ તે તે વસ્તુને પોતાના ગુરૂસ્થાને સ્થાપતા; યદુ રાજાઓની વિજ્ઞપ્તિ ઉપરથી દત્ત ભગવાને પોતાના અનેક ગુરૂઓની ગાથા ગાઇ હતી. કુંવારી કન્યાના કંકણથી માંડીને હોલો અને પિંગલા નામની વેશ્યા એમનું ગુરૂસ્થાન શોભાવતાં હતાં; આમ જડ-ચેતન અનેક પાસેથી સાચી શીખ ગ્રહણ કરી એ મહાનુભાવે જગતના ગુરૂનું વંદનીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આપશ્રી પોતેજ કહે છે, "જ્ઞાન આપનારો એક જ ગુરૂ કરવો જોઇએ; તો પણ તે ગુરૂ પાસેથી જ્ઞાન સંપાદન કર્યા પછી પોતાની બુદ્ધિ વડે ઉપદેશનાં અનુકૂલ બીજાં દૃષ્ટાંતો લઇએ નહિ તો ગુરૂ પાસે મેળવેલું જ્ઞાન સ્થિર થાય નહિ અને તેમાં વધારો પણ થાય નહિ.'

શીખામણ તો ગમે તેની પાસેથી ગ્રહણ કરી શકાય; તેથી જ પારસી ભાઇઓએ એક કહેવત શોધી કહાડી છે કે 'નમનટાઇનું નીચાન કબૂલ કરવે મોટાઇનાં ઉંચાન પર જવાય છે.' આ બધી વાતો પર ભેજાને ખૂબ ખૂબ વલોવી મેં પણ માખણ તારવ્યું છે કે દુનિયાની સારી-માઠી તમામ ચીઝમાં, કાંઇને કાંઈ શિખામણ મેળવી શકીએ એવું તત્ત્વ એક અથવા બીજા સ્વરૂપમાં છૂપાયલું હોવાથી, તે તેમાંથી

શોધી કાઢી તેને આપણા જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો જોઇએ
મુજબ મારા પ્રથમ ગુરૂ તે ગધેડો. એ મહાનુભાવ પાસેથી
ડફણાં ખાતાંય કામ કરવાની તત્પરતા અને સદામદ, મૌલિક
માન કરવાની કલા, દુનિયા ભલે જાય કે ન જાય તે તરફ
મુનિસુલભ ઉપેક્ષાવૃત્તિ, માન-અપમાન ગળી જવાની અલૌકિક શક્તિ
ઇત્યાદિ અનેક સદ્‌ગુણો તો ઝટ મદદ કરી શકાય એવા છે! પણ
મહોદયના એક ખાસ ગુણ તરફ કોઇનું ધ્યાન બહુ ખેંચાયું હે
એમ લાગતું નથી. આપશ્રી દીવાલ કે ટેકરા તરફ ધ્યાનમગ્ન
હરિસ્મરણ કરતા ઉભા હોય તે સમયે એમના પૂછડાની ચમરી સા
અણઘટતી છૂટ લઈ કોઈ એમને ધ્યાનભંગ કરવાનો પ્રયત્ન કરે તે
તેને પાછલા પગની એક કેરડાપસ લાત ઝાડી હાલની ક્રીકેટ આલમમાં
ખૂબ ચર્ચાની 'લેગ થીઅરી'ના પદાર્થપાઠ આપી પોતાનું તેજસ્વીપણું
એઓશ્રી વ્યક્ત કરે છે! આમ અગ્નિ સાથે રમત કરનાર બેવકૂફ
મનુષ્યપ્રાણી, એઓશ્રી સાથે અણઘટતી છૂટ લેતા પહેલાં જરા સંભાળ
રાખવાનું શીખે છે; છતાં એ વાતમાં પણ બહુ દમ જેવી શીખામણ
લેવા જેવું નથી; પરંતુ મારા મિત્ર શેઠ પેસ્તનજી પેં પેં ને આવો
એકાદ પદાર્થપાઠ એઓશ્રી તરફથી મળ્યા પછી શેઠ પેં પેં, સર્વ
ચેતન પ્રાણીઓમાં એઓ તરફ બહુ માનભરી વૃત્તિ રાખતા થઇ ગયા
હતા! એઓશ્રીના સ્વારી, ઇંટ કે કચરાનો બોજો પોતાની પીઠ પર
લદાવી ડફણાં ખાતી, ડોલતી ડોલતી ચાલીએ મહામુનિ જડભરતની માફક
ચાલી આવતી દૂરથી જ દેખાય, એટલે શેઠ પેં પેં અદબસર બાજુએ
ખસી જાય! આ ઉપરથી હું એ શીખ્યો કે દુનિયામાં યોગ્ય માન
મેળવવાથી જીવવું હોય તો થોડી થોડી 'પાછલા પગની' ઝાડવાની
કલા પણ શીખવી જોઇએ. નહિ તો આ અસાર સંસારમાં કુંભાર
જેવા સત્તર માલીકોના હાથના ડફણાં ખાવાનું ભાગ્યમાં ચોટેલું રહે
છે. ગુરૂ ગર્દભના આ રસિક દૃષ્ટાંતથી મેં મારો 'motto' (મુદ્રાલેખ)
ખાસ 'Kick and keep happy' 'લાત ઝાડો અને ખુશ-

ખુશાલ રહો' એવી મતલબનો રાખ્યો છે. ગધેડા સિવાય સાચો ગુરૂ એ બાબતમાં ક્યાં મળનાર છે?

'લસ્કરકા ભેદ પાયા કી આગુસે ગદ્ધા આયા!' એ બીલકુલ હિંદુસ્થાની કહેવતને અનુસરીને મેં મારા ગુરૂઓમાં પ્રથમ સ્થાન ગધેડાને આપ્યું છે. તે પરથી મારા બીજા ગુરૂઓ પણ કેવા હશે તેનો ખ્યાલ સહેજે આવી રહેશે.

'મારો બીજો ગુરુ એક કહેવત છે. '... ધોઇને કઢી કરી, બાકી વધ્યું તેની વડી કરી.' આ કહેવતનો એક વર્ષના સપ્ટેમ્બર માસના 'સાહિત્ય' માસિકમાં કોઈ પૂજ્ય બેનશ્રી કપિલાએ 'કેટલીક કહેવતો' એ શિર્ષક હેઠળ ઉદ્ધાર કીધો છે. હાસ્યરસ જમાવતી એ શિષ્ટ કહેવતે સાચે જ મને ખડખડાટ હસાવ્યો છે; અને તેથી જ ઝટ લઇને એ કહેવતને મેં મારા ગુરૂસ્થાને સ્થાપી દીધી. અમારા મગન-કાકાએ એક મખ્ખીચૂસને ત્યાં ફ્રાસકુસિયા જેવી થયેલી ન્યાતનું સિંહાવલોકન કરતાં આ કહેવતનો ઉપયોગ કરી અમને ખૂબ હસાવેલા, પણ મારા એક મિત્ર નામે રવિશંકર શાસ્ત્રી ન્યાતનું એવું અવલોકન સાંભળી નાકે પોતિયું દાબી રફુચક્કર થઈ ગયા હતા! પણ એ ઉપરથી મેં એ સાર ગ્રહણ કીધો કે સ્થાન અને નામનો પ્રભાવ મનુષ્યના મગજ પર પડયા વગર રહેતો નથી: જરા વધારે સ્પષ્ટતાથી કહું તો એ જ કહેવત, શ્રીમચ્છંકરાચાર્યે શાંકરભાષ્યમાં સંસ્કૃતમાં ઉધ્ધૃત કરી હોત તો એ જ રવિશાસ્ત્રી કદાચ એનું જ વિવરણ મોટી ખૂબીથી કરી બતાવત. એટલે મેં નક્કી કીધું છે કે પૂર્વજન્મના કોઇ મહાન તપના પુણ્યનો ઉદય થઇ મારે માથે એકાદ અઠવાડિક કે માસિકનું તંત્રીપદ ઠોકાવાનો વખત આવે તો તે પત્રનું સ્થાન ભીંડીબજાર, ગોલપીઠા, મહમ્મદઅલી રોડ કે ભઠિયારગલીમાં નહિ રાખતાં કોઇ અંગ્રેજી કે સંસ્કૃત નામવાળા રસ્તાપર રાખવું; પત્રનું નામ પણ 'બારે ઘડી મોજ' કે એવું તેવું ન રાખતાં 'વિનોદવિહાર'

કે એવું તેવું ગપ્પન; બસ ત્યારપછી એ પત્રની શિષ્ટતા માટે મુદ્દામાંય શંકા કરશો નહિ.

મારા ત્રીજા ગુરુ તે મહાત્માજીની 'સંગોટી' અને 'સત્યના પ્રયોગ'નાં એક બે પ્રકરણો છે: ગાંધીજી જ્યારે ગોળમેજી પરિષદ વખતે વિલાયત ગયા હતા ત્યારે એઓશ્રીને એક અંગ્રેજ મિત્ર મળવા આવ્યા હતા. ગાંધીજીએ એની સંતતિની સંખ્યા પૂછી. એણે કહ્યું 'આઠ!' એટલે તો ગાંધીજીએ હસીને આ મતલબનું કહ્યું, 'ત્યારે તો આપણા બે વચ્ચે હજી અર્ધી મજલનું છેટું છે!' આ જ શબ્દો હતા કે બીજા તેનું મને સ્મરણ નથી, પણ એઓશ્રી કાંઈક એવી જ મતલબનું બોલ્યા હતા એમ 'નવજીવન'માં વાંચેલું મને યાદ છે. હવે ગાંધીજીનો કચ્છ તેમજ ઉપર જણાવેલાં પ્રકરણો અને નવજીવનનો ઉપર્યુક્ત દેખાવ એના સંબંધમાં કોઈ કોઈ તરફથી અશિષ્ટતા, બિભત્સતા ઇત્યાદિ આરોપો મૂકાયા છે એ વાત મારી ધ્યાન બહાર નથી. એ આરોપોની તરફેણ કે વિરુદ્ધમાં મારે કશું કહેવાનું ય નથી. પણ એ આરોપો છતાં એક શિષ્ટ સાહિત્યકાર તરીકેની મહાત્માજીની કીર્તિને રજમાત્ર ઝાંખપ લાગી નથી. મારા મનમાં છે તે એ કે સાહિત્યકાર એવો જ કચ્છ પહેરે અને એવું જ સાહિત્ય લખે કે એવો જ વિનોદ કરે તો તે અશિષ્ટતામાં ખપ્યા વગર રહે જ નહિ! આ ઉપરથી મેં એ બોધ લીધો કે ખુદ વસ્તુ કે શબ્દમાં અશિષ્ટતા કે શિષ્ટતા નથી, જેટલી તેનો ઉપયોગ કરનાર પાત્રમાં હોય. આથી સાબીત થાય છે કે શિષ્ટતાની પ્રતિષ્ઠા કેળવવી હોય તો ઉચ્ચામાં ઉચ્ચું નિઃશંક ચારિત્ર્ય કેળવવું જોઈએ. જે લોકો કહે છે કે અંગત ચારિત્ર્ય અને સાહિત્યને ભેળી દેવાં ન જોઈએ, તે લોકોને જરૂર આ બાબત પર ફરીથી વિચાર ચલાવવા મારી આગ્રહભરી વિનંતિ છે.

મારા ચોથા ગુરુસ્થાને આપણા સુરતની બીશક્તિ-ધાયણ બિરાજે છે: સુરતના એક પ્રખ્યાત નાણાવટીની દુકાને એક

કૌઈબાની કાણ[1]

૧

'આયુષ્યમન્! આ આપના નામનો પત્ર છે.'

'મારા નામનો પત્ર? ક્યાંનો છે?'

'જી મહારાજ! હસ્તિનાપુરથી એક ઘોડેસ્વાર દરબારી ટપાલ સાથે એ લાવ્યો છે.'

'વારુ લાવ જોઉં!'

પત્ર લાવનાર પ્રતિહાર રત્નજડિત પાત્ર આગળ ધરે છે. તેમાંથી પત્ર લઇ યદુકુમાર શ્રી બલભદ્ર પત્રપરનું નામ વાંચે છે.

'અશુભ? આ પત્ર ઉપર અશુભ લખ્યું છે! મારી ડાબી આંખ પણ ફરકે છે. નક્કી કાંઈ ભારે અશુભ સમાચાર હોય એમ લાગે છે.'

'આયુષ્યમનનો જય થાવ. સેવકને આજ્ઞા!'

'હા! મારું પહેરવાનું પંચિયું લાવ અને સ્નાનગૃહમાં ન્હાવાનું પાણી ઊનું મૂકવાનો બંદોબસ્ત કરી, મને ખબર આપ. મારું પીતાંબર તથા દિલલૂછણું પણ ત્યાં મૂકજે. અશુભ સમાચાર છે એટલે પત્ર સ્નાનગૃહમાં જ ફોડીને વાંચીશ.'

'જેવી આયુષ્યમનની આજ્ઞા.'

પત્ર લાવનાર માણસ ગયો, એટલે યદુકુમારશ્રી બલભદ્ર સુવર્ણ-સિંહાસનપર માથે હાથ દઇને બેઠા, અને લાંબા લાંબા વિચાર કરવા

૧ શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ ઉત્તરાર્ધ અધ્યાય ૫૭ ઉપરથી સૂચિત.

લાગ્યાઃ 'શું હશે! હાલમાં તો કોઈ એકાએક માંદાં પડ્યા વગર જ મરી જાય એવો સંભવ દેખાતો નથી! દૂર દૂર નજર નાખતાંય કોઈનું મરણ સૂઝતું નથી! પણ કેમ કહેવાય? દૈવની ગતિને કોણ પહોંચી શક્યું છે? કદાચ ધૃતરાષ્ટ્ર દાદાજી! ઓહ! મારી ડાબી આંખ વળી પાછી જોરથી ફરકે છે! શું હશે? ધૃતરાષ્ટ્ર દાદા કરતાં કોઈ વધારે કાજગરું મરણ એ સૂચવે છે. એમ હોય તોય'—એટલામાં છડીદાર આવતાં વિચારમાળાનો મેર આવ્યો.

'આયુષ્યમન્ સ્નાનગૃહમાં પધારો.' 'આમ આ રસ્તે.'

છડીદારની પછવાડે બલભદ્ર સ્નાનગૃહમાં ગયા. ત્યાં પંચિયું બદલી, પાણીના ફુવારા નીચે ઉભા રહી, એમણે પત્ર ફોડ્યો અને વાંચ્યો. વાંચતાં જ એમણે એક ધીમી ચીસ પાડી, આંખ મીંચી દીધી. પત્ર હાથમાંથી નીચે પડી ગયો.

'હાય! હાય! બહુ ભૂંડું થયું. એ મારાં કુંતા ફોઈ રે' એમ કહી બલભદ્રે ફુદવો માર્યો. તરતજ ગરમ પાણીનો ફુવારો છૂટ્યો. સ્નાન કરી વસ્ત્ર બદલી, બલભદ્ર સીધાજ નાના ભાઈ શ્રીકૃષ્ણની પાસે પહોંચ્યા.

'કેમ કાંઈ ખબર પડી?'

'ના શાની? આપ આમ ઉદાસ કેમ છો? હંમેશના સૂર્ય સમાન પ્રફુલ્લિત આપના મુખ ઉપર આમ રાહુ જેવી વિષાદની કાલિમા કેમ જણાઈ રહી છે? સ્વયંવરમાં કોઈ કન્યાએ આપને વરમાળ નહીં આરોપી આપનું કાંઈ અપમાન તો કીધું નથી ના? અથવા કોઈ દૂર ભોંઠી ઓને આપનું વસ્ત્ર અડી જવાથી આપને સચૈલ સ્નાન તો કરવું પડ્યું નથી ના? આપ આમ ઉદાસ કેમ છો? કોઈ ટેવ ભાંગીએ આપનું—'

'કૃષ્ણ! ભાઈ! એમાંનું કશુંય નથી; પણ તને ખબર આપનાં આ ફઈબા ઉપરની નથી!'

ફોઈબાની કાણ[1]

૧

'આયુષ્યમન્! આ આપના નામનો પત્ર છે.'

'મારા નામનો પત્ર? ક્યાંનો છે?'

'જી મહારાજ! હસ્તિનાપુરથી એક ઘોડેસ્વાર દરબારી ટપાલ સાથે એ લાવ્યો છે.'

'વારૂ લાવ જોઉં!'

પત્ર લાવનાર પ્રતિહાર રત્નજડિત પાત્ર આગળ ધરે છે. તેમાંથી પત્ર લઇ યદુકુમાર શ્રી બલભદ્ર પત્રપરનું નામ વાંચે છે.

'અશુભ? આ પત્ર ઉપર અશુભ લખ્યું છે! મારી ડાબી આંખ પણ ફરકે છે. નક્કી કાંઈ ભારે અશુભ સમાચાર હોય એમ લાગે છે.'

'આયુષ્યમનનો જય થાવ. સેવકને આજ્ઞા!'

'હા! મારૂં પહેરવાનું પંચિયું લાવ અને સ્નાનગૃહમાં ન્હાવાનું પાણી ઊનું મૂકવાનો બંદોબસ્ત કરી, મને ખબર આપ. મારૂં પીતાંબર તથા દિલલૂછણું પણ ત્યાં મૂકજે. અશુભ સમાચાર છે એટલે પ સ્નાનગૃહમાં જ ફોડીને વાંચીશ.'

'જેવી આયુષ્યમનની આજ્ઞા.'

પત્ર લાવનાર માણસ ગયો, એટલે યદુકુમારશ્રી બલભદ્ર સુવર્ણ સિંહાસનપર માથે હાથ દઇને બેઠા, અને લાંબા લાંબા વિચાર કરવ

૧ શ્રીમદ્ભાગવત દશમસ્કંધ ઉત્તરાર્ધ અધ્યાય ૫૭ ઉપરથી સૂચિત.

પાંડુકુમારોને હવે હું ક્યાં જોઈશ ! નાનો હતો ત્યારે એને કંને... મારે માટે શેળપાપડી ગોકળવાનો વિચાર કરતો હશે, પણ તે... આવનાર જનાર નહીં મળ્યો હોય તેથી કે દુષ્ટ કંસ મામાની બી... એમણે એ વાત મોડી વાળી હશે. એ વિચાર આવે મને ત્યારે હ... ત્યારે મારું હૃદય ગદ્ગદ્ "—

'ભાઈ ! જે થવાનું હતું તે થયું. હવે આપણે રાજાધિરાજ ધૃતરાષ્ટ્ર મહારાજને આશ્વાસન આપવા હસ્તિનાપુર જવાની તૈયારી કરવી જોઈએ. વૃદ્ધાવસ્થાને લીધે મારું શરીર મુસાફરીનો થાક સહન કરી શકે એમ તો નથી, પણ શોકસાગર અને દુઃખ એમાંથી મને મુક્ત કરે એમ નથી.'

'ના, બાપુજી ! આપને શ્રમ લેવાની જરાય જરૂર નથી. આપના પ્રતિનિધિ તરીકે હું અને મોટાભાઈ હસ્તિનાપુર જઈશું. કંસમામા માટે લોકો ખરખરો કરવા આવતા હતા, તે જોઈને હું પણ ખરખરો કરતાં શીખી ગયો છું. એટલે અમે નાદાન હોવાથી એ કરતાં અમને નહિ આવડે એમ આપે માનવાનું નથી ! આપ કહેતા હો તો એ અત્યારથી આપને કરી બતાવું ! હા, બાકી એટલું ખરું કે મારા સ્વભાવમાં શોકનું નામોનિશાન નહીં હોવાથી ઘડી બેઘડી મારાથી હસ્યા વગર રહેવાતું નથી. એટલે ત્યાં એ બાબતમાં ખુબ જ સંયમ રાખવો પડશે અને આંખમાં આંસુ લાવવા માટે તો હાથે કાંદાનો રસ–'

'જા બાપુ ! જા, તમારું કલ્યાણ થાવ. જો આ બસ્તુભાઈનો માણસ તને તેડવા આવ્યો લાગે છે !'

'તો હું જાઉં છું. બાપુજીને મારા પ્રણામ.'

'આયુષ્યમાન ભવ ! હસ્તિનાપુરમાં તમારા સ્વભા...
...ઈ વધારે પડતું ટીખળ કરી આવશો ન...

શરીર ચાલતું નથી, એટલે તમને મોકલવા પડે છે. બાકી તો તમ જેવા ઘેર રહ્યા જ ભલા !'

'ના બાપુજી ! એ વાતની ચિંતા આપ કરશો નહીં. આપના નામને એબ લાગે એવું ટીખળ અમે કરીએ એવા નાદાન નથી. મારો નહીં તો મોટાભાઇનો તો વિશ્વાસ આપને હશે જ.'

'મને તો તારા પરે પૂર્ણ વિશ્વાસ છે. પણ કોણ જાણે કેમ મારું અંતર આ વાતમાં કાંઈ ભારે ટીખળ જ જોઈ રહ્યું છે ! હશે, હવે તું જા. આપણાં સગાંઓમાં હું સ્નાનના અને કાણના સમાચાર પહોંચાડાવી દઉં છું. મારા તરફથી તેમજ આપણાં કુટુંબીઓ તરફથી પણ રાજરાજેશ્વર તથા અન્ય સગાં સ્નેહીઓને ઘણાં ઘણાં આશ્વાસન આપજો.'

'જેવી બાપુજીની આજ્ઞા.'

૩

'કૃષ્ણભાઇ ! તું સાથે છે એટલે ઠીક છે. બાકી મને તો કાંઇ રડતાંય આવડતું નથી ને ખરખરો કરતાં ય આવડતું નથી. આ વાતમાં તો હું સાવ ઢઠ્ઠો !'

'એમ તો હું ય એ બાબતમાં ભમરડો છું મોટાભાઇ ! પણ કંસમામાના મરણનો ખરખરો કરવા આપણાં સગાંઓ આવતાં હતાં તેમનું જોઇને હું પણ એના બેચાર દાવ શીખી ગયો છું ! તમે તો છે કેની તે જરા રડતું મહોડું રાખજો; બાકીનું હું સંભાળી લઇશ !'

'કૃષ્ણ ! બાપુ ! આવાં એક લોહી જેવાં આપ્તજનોનાં મરણ સાંભળીને ય તને શોક થતો નથી ?'

'મોટાભાઇ ! શોકને અને મારે ઉત્તરદક્ષિણનું છેટું છે. ધોબી આવે છે એટલે જૂનાં વસ્ત્ર બદલી નવાં વસ્ત્ર પહેરતાં આપણને શોક થાય છે શું ?'

'શી તોરા ફીલસૂફી છે! ત્યારે આપણે આ કાળે જાણે એ...
તે કોંગ જ છે!'

'એમ તો હું કેમ કહી શકું! બાકી અખંડ જીવન અ...
અખંડ જીવન જ સિવાય સૃષ્ટિમાં બીજું છે શું! પાડા પર બેસ...
યમરાજ આપણાં જૂનાં વસ્ત્રો લેવા આવતા માતાદીન પાંખી જેવા...
આપ નથી કલ્પી શકતા!'

'હરી! જો આ રાજ્યમહાલય આવ્યો! અહિં તો ઈશ્વરને ખાતર
...રા સખણા રહેજો! જોઉં! કહે તો! અહિંથી જ પોક મૂકવી
...રે કઈ કેની?'

'એ, હો, હો! અહિંથી જ દીપે રાખો! પોક જેટલી મોટી
તેટલું સગપણ સાચું, હં! વગર શરમાયે શરૂ કરો!'

'ઓઃ કુંતા ફો-ઈ-રે!...અ હ હ હ! ઓ પાં-ડુ-ભા-ઈ-ઓ-રે...!'

'જરા મોટેથી! જુઓ આ ભીષ્મ, દ્રોણ, કૃપ, વિદુરજી, માતા
અંધારી વગેરે આપણને જોઈને રડવા મંડયાં તે! જુઓ આ બૈરાંઓ
છેડા વાળી કૂટવા ઉભાં થયાં તે! મોટાભાઈ જરા જોરથી! કુરુકુળની
લાજ આજ તમારે હાથ છે.'

'હાય, હાય, બહુ ભુંડું થયું! દુરભાઈ* રડો ના, જુઓ
આ હું બળભદ્ર તમને આશ્વાસન આપવા આવ્યો છું.'

'અને હું કૃષ્ણ પણ! દુરભાઈ! હિમ્મત રાખો. તમારે તો
હવે વૃદ્ધ માતાપિતાને આશ્વાસન આપવું જોઈએ, તેને બદલે આમ
તમે જ ઢીલા થઈ રડવા માંડો તો દુનિયા કેમ ચાલશે? દુરભાઈ!
...વે બહુ રડો તો તમને મારા સમ છે. જુઓ, કુંતાફોઇ તો અમારાં
...ના જેવાં હતાં સૂતરફેણી અને લાખણશાહી લાડુ તો એના જ;

...ધન.

અને અર્જુન સાથે તો હું ગીલ્લી દંડા રમેલો. એક વખત નવી ગીલ્લી અને ગોઈ દંડો લાવવા મેં એને ચાર પૈસા ઉધાર આપેલા. પણ એ વાત હવે ક્યાં સંભારીએ! આખુંય એનું આયુષ ઉપડી ગયું અને હું ચાર પૈસાને ક્યાં રડવા બેઠું.'

'ઓ-કુંતા ફો-ઈ-રે... અ હ હ હ! તમે મરી ગયાં અને અમને અનાથ કરતાં ગયાં.'

અહહહ! શ્રીકૃષ્ણની પોક તો એવી લાંબી પહોંચી કે બધા સ્તબ્ધ જ થઈ ગયા! ધૃતરાષ્ટ્ર ડોસો પણ ચોંકી ગયો. દુર્યોધનાદિ-કૌરવો અને બીજા વડિલ જનો રડતા બંધ થઈ કૃષ્ણને આશ્વાસન આપવા મંડ્યા. બલરામને પણ લાગ્યું કે 'નાના ભાઈની પોક સર્વોત્કૃષ્ટ.'

લાંબે વખતે અંધ ધૃતરાષ્ટ્રની જીભ ખુલીઃ 'હે તાત કૃષ્ણ! કુંતાભાભી અને છોકરાંઓના મરણનો કારી ઘા આ હૃદયમાંથી ભૂંસાય એમ નથી. મારો દુરૂ અને પાંડુકુમારો હળીમળીને ખાતાપીતા, રમતા ભણતા અને મજાહ કરતા તે હવે સ્વપ્નવત્ થઈ ગયું. દુઃખી ભાભી કુંતાના કમભાગ્યની તો પરિસીમા! તે પણ ગયાં-એ એક રીતે ઠીક જ થયું. નહીં તો એનું દુઃખ અમે શી રીતે જોઈ શકત! તમારા બાપુજીને પણ કેટલાં વહાલાં! હશે! તારૂં અને બલરામનું દુઃખ હું સમજી શકું છું. પણ ઈશ્વરેચ્છા બલીયસી! ચાલો ઉઠો, ના'વ અને ધોવ અને કપડાં બદલી મોંમાં ન પેસે તોય ટકડોકાર ખાઈ આરામ લ્યો, અને દુરૂ બેટા! તું પણ જરા ખાઇ—'

'દાદાજી! અમારી ચિંતા મા કરો! આપ વૃદ્ધ છો. આપ પણ ઉઠો અને જરા મોઢું એઠું કરો! આપણે બધા જ આમ ભૂખ્યા ભૂખ્યા રહ્યા કરીએ તેથી કાંઇ મરેલાં પાછાં આવવાનાં નથી. અહહહ! ઓ કુંતા-ફો-ઈ-રે......'

શ્રીકૃષ્ણની આ આખરની પોક, 'એ વન' (A1) કહી શકાય! બધા જ પાથરણું ખંખેરી ઉઠ્યા અને ભોજન ભેળા થઈ ગયા!

૪

'કૃષ્ણ! ભાઈ! આપણા પ્રિય બંધુ દુર્યોધનનો તો શોક જેવો જાય નહીં એવો હતો. તારો શોક પણ કાંઈ ઊતરે નહીં. જાણે તમે બે વચ્ચે એ બાજનની હરીફાઈ!'

'હરિફાઈ કરવા તો હું આવ્યો હતો મોટાભાઈ! જેમ હસવામાં તેમ રડવામાં પણ હું કોઈ કમ નથી, એમ આપની ખાત્રી થઈ હશે હવે.'

'ખરું છે! પણ ખોટું ના લાગે તો એક વાત પૂછું.'

'ખોટું તો મને કદીય વાતનું ક્યારેય લાગ્યું છે જ કે'દહાડે!'

'ત્યારે ભાઈ! આપણે છે તે તને સહુને-એમ કેમ કે તારું રડવું જ્યારે ઉચ્ચ સ્વરે પહોંચતું હતું ત્યારે શ્રોતાને તું જાણે હસતો હોય એવો ભાસ થતો હતો! એક વાર તો ભીષ્મદાદા પણ ચોંકતા હતા અને ફાડી આંખે તારી સામે જોતા હતા! માત્ર તારી આંખમાં આંસુ હોવાને લીધે જ હાસ્યનો આભાસ ખોટો ઠરતો હતો. બાકી જવા દે એ વાત.'

'કેમ બોલતા અટક્યા!'

'કોઈ કોઈવાર ખૂબ હસવાથી પણ આંખમાં આંસુ આવે છે ને!'

'મોટાભાઈ! ખરું કહો છો. હાસ્યને છેડે રુદન અને રુદનને છેડે હાસ્ય: પંચમના દીપના સૂરથી રડવા માંડ્યું કે હાસ્યનો આવિર્ભાવ થયા વગર રહે જ નહીં.'

'કેવું ખરાબ!'

'હા, કેવું ખરાબ! પણ શું થાય! કુદરતનો એ અનુરૂપ નિયમ છે કે—'

'કે શું! કહોને!'

'કે—જેમ કોઈ પધારે, તેમ પોક મૂકી!'

પાછા શરાફના શરાફ

એક બિલકુલ પુરસદિયા મહાશયે ગણત્રી કરી છે કે મુંબઈની વસ્તીમાંથી નૈરાં છોકરાં બાદ કરતાં બાકીનાં મનુષ્યપ્રાણીઓના પંચોતેરથી એંસી ટકા ભાગનું ગુજરાન એક અથવા બીજી રીતે સટ્ટા કે વીમા ઉપર નિર્ભર છે. ઉપર બાદબાકીમાં કપાઈ જતાં નૈરાં છોકરાંઓ પણ એક રીતે તો સટ્ટા પરજ નભે છે એમ કહી શકાય, કારણ એ લોકોનાં પોષણનો ભાર પોતાને માથે વહન કરનારાઓ સટોડિયાઓ જ હોય છે. અહીં 'ભાર વહન કરનાર' એ વાક્ય ગધેડાના અર્થમાં વાપર્યું નથી એટલો ખુલાસો આવશ્યક છે!

હવે સટ્ટાનો અને વીમાનો ભેદ તપાસીએ. મને તો એ બે વચ્ચે ઝાઝા ગાઉનું છેટું લાગતું નથી. વીમો એ સટ્ટો નથી તો બીજું શું છે? બન્નેમાં મુખ્ય આધાર 'સંજોગો' પર રાખવાનો હોય છે; કોઈ કહેશે "એમ તો કોઈ પણ વેપારનો આધાર 'સંજોગો' પરજ રહે છે." આ વાત સાચી છે; પણ વેપાર અને સટ્ટા કે વીમાના 'સંજોગો'માં એક બહુજ મહત્વનો ફેર એ છે કે વેપારના સંજોગો 'દેખતા' હોય છે ત્યારે વીમા કે સટ્ટાના 'સંજોગો' બહુધા 'આંધળા' હોય છે; અહીં 'સંજોગ' શબ્દ અંગ્રેજીમાં જેને 'ચાન્સ' (Chance) કહે છે તે અર્થમાં વાપર્યો છે; 'દેખતા સંજોગો' હમેશાં માલની ખપત જોઇને પોતાની પાસે જેટલા કાવડિયા હોય

તેટલાનો જ ઘણું ખરું મોટો કરે છે; સટ્ટો એમનાશેનો 'અંધેર સંજોગ' માત્ર 'આવેર' જેટલા જ કાવડિયાંની જેજરાઈ કાંય છે; ઉપર જો 'ઘણું ખરું' અને 'અદ્ધા' શબ્દો વાપર્યા છે તે એટલા માટે કે આધુનિક યંત્રવાદે વેપાર અને સટ્ટા વચ્ચેનું છેટું એટલું બધું ટૂંકું કરી નાંખ્યું છે કે કોઈ કોઈ વખત એ બેમાં કશોજ ફરક માલમ પડતો નથી ! એટલે વેપાર, સટ્ટો અને વીમો, એ ત્રણ વચ્ચેના મૌલિક ભેદ પર ભેજાનું ખુરચણ કોઈ અખર અર્થશાસ્ત્રી કરે, એ ઇચ્છાજોગ હોવાથી આપણે અહિંયાં જ એ માટેના હાથ ધોઈ નાખી આગળ વધીશું.

નેમચંદશા શરાફને તો તમે ઓળખતા હશો ! એ અમારા 'ફુરેન'ના છે. શરાફીના ધંધામાં એ શરાફના નેમચંદશાએ લાખો રૂપિયા પેદા કીધા હતા; પણ મુંબઈનું શેરબજાર એક વખત એમની નજરે ચડ્યું ત્યારથી એમની વાવડી ચસકી ! પાણીપતના રણજંગમાં રણગર્જના કરતા વીરો શિરને સાટે ખાંડાના ખેલ ખેલે તે જોતાં કોઈ તટસ્થ મરદ બચ્ચાનું લોહી ઉકળી આવે અને તે પણ મયદાને જંગમાં ઝંપલાવે તેમ તાતા, ફાઝલ, કરીમ, પીટીટ, ડેવીડ વગેરે મહાપુરુષોનાં નામો સાથે 'લીઆ દીઆ' ને 'ખાધી આપી'ની ગગનભેદી ગર્જનાઓ સાંભળી નેમચંદશાનું વેપારી લોહી ઉકળ્યું અને એમણે પણ સો 'ડીફર્ડ''નો સોદો ઠોકવાનો દલાલને ઓર્ડર આપ્યો. એમના કમનસીબે એમને પહેલા જ સોદામાં તડાકો પડ્યો. અને કદાચ લાગશે કે સોદામાં તડાકો પડે તે કમનસીબી કેમ ગણાય ? વેદાંતની પરિભાષામાં તો એ વાક્ય વિપરીતાર્થ, વદતો-વ્યાઘાત, દોષાનુદર્શક-દર્શક; આપણે એ વેદાંતની પરિભાષાની લપમાં ન પડીએ—પણ સાદી રીતે જોતાં 'તડાકો' અને 'કમનસીબી' એ બે શબ્દો વિરોધગુણવાચક શબ્દો હોવાથી તડાકો પડ્યો તેને કમનસીબી કહેનાર માણસ કાં તો પીધેલો હોય કે કાં તો ઉંઘમાં

પાછા શરાફના શરાફ

એક બિલકુલ ફુરસદિયા મહાશયે ગણત્રી કરી છે કે મુંબઈની વસ્તીમાંથી બૈરાં છોકરાં બાદ કરતાં બાકીનાં મનુષ્ય-પ્રાણીઓના પંચોતેરથી એંશી ટકા ભાગનું ગુજરાન એક અથવા બીજી રીતે સટ્ટા કે વીમા ઉપર નિર્ભર છે. ઉપર બાદબાકીમાં કપાઈ જતાં બૈરાં છોકરાંઓ પણ એક રીતે તો સટ્ટા પરજ નભે છે એમ કહી શકાય, કારણ એ લોકોનાં પોષણનો ભાર પોતાને માથે વહન કરનારાઓ સટોડિયાઓ જ હોય છે. અહીં 'ભાર વહન કરનાર' એ વાક્ય ગધેડાના અર્થમાં વાપર્યું નથી એટલો ખુલાસો આવશ્યક છે!

હવે સટ્ટાનો અને વીમાનો ભેદ તપાસીએ. મને તો એ બે વચ્ચે ઝાઝા ગાઉનું છેટું લાગતું નથી. વીમો એ સટ્ટો નથી તો બીજું શું છે? બન્નેમાં મુખ્ય આધાર 'સંજોગો' પર રાખવાનો હોય છે; કોઈ કહેશે "એમ તો કોઈ પણ વેપારનો આધાર 'સંજોગો' પરજ રહે છે." આ વાત સાચી છે; પણ વેપાર અને સટ્ટા કે વીમાના 'સંજોગો'માં એક બહુજ મહત્વનો ફેર એ છે કે વેપારના સંજોગો 'દેખતા' હોય છે ત્યારે વીમા કે સટ્ટાના 'સંજોગો' બહુધા 'આંધળા' હોય છે: અહીં 'સંજોગ' શબ્દ અંગ્રેજીમાં જેને 'ચાન્સ' (Chance) કહે છે તે અર્થમાં વાપર્યો છે; 'દેખતા સંજોગો' હમેશાં માલની ખપત જોઇને પોતાની પાસે જેટલા કાવડિયા હોય

તેટલાનો જ ઘણું ખરૂં સોદો કરે છે; સટ્ટો ખેલનારનો 'આંધળો સંજોગ' માત્ર 'ભાવફેર' જેટલા જ ફાવડિયા'ની જોગવાઈ રાખે છે; ઉપર જે 'ઘણું ખરૂં' અને 'બહુધા' શબ્દો વાપર્યા છે તે એટલા માટે કે આધુનિક યંત્રવાદે વેપાર અને સટ્ટા વચ્ચેનું છેટું એટલું બધું ટૂંકું કરી નાંખ્યું છે કે કોઈ કોઈ વખત એ બેમાં કશોજ ફરક માલમ પડતો નથી! એટલે વેપાર, સટ્ટો અને વીમો, એ ત્રણ વચ્ચેના મૌલિક ભેદ પર ભેજાનું ખુરચંદ કોઈ પ્રખર અર્થશાસ્ત્રી કરે, એ ઇચ્છાજોગ હોવાથી આપણે અહિંયાં જ એ માટેના હાથ ધોઈ નાંખી આગળ વધીશું.

નેમચંદશા શરાફને તો તમે ઓળખતા હશો! એ અમારા 'સુરત'ના છે. શરાફીના ધંધામાં એ શરાફના નેમચંદશાએ લાખો રૂપિયા પેદા કીધા હતા; પણ મુંબઈનું શેરબજાર એક વખત એમની નજરે ચઢ્યું ત્યારથી એમની વાવડી ચસકી! પાણીપતના રણજંગમાં રણગર્જના કરતા વીરો શિરને સાટે ખાંડાના ખેલ ખેલે તે જોતાં કોઈ તટસ્થ મરદ બચ્ચાનું લોહી ઉકળી આવે અને તે પણ મયદાને જંગમાં ઝંપલાવે તેમ તાતા, ફાઝલ, કરીમ, પીટીટ, ડેવીડ વગેરે મહાપુરૂષોનાં નામો સાથે 'લીઆ દીઆ' ને 'ખાધી આપી'ની ગગનભેદી ગર્જનાઓ સાંભળી નેમચંદશાનું વેપારી લોહી ઉકળ્યુ અને એમણે પણ સો 'ટીફ્‌ડ' 'નો સોદો કોકવાનો દલાલને ઓર્ડર આપ્યો. એમના કમનસીબે એમને પહેલા જ સોદામાં તડાકો પડ્યો. તમને કદાચ લાગશે કે સોદામાં તડાકો પડે તે કમનસીબી કેમ કહેવાય? વેદાન્તની પરિભાષામાં તો એ વાક્ય વિપરીતાર્થ, વદતો-વ્યાઘાત, રોગાનુદર્શક—હશે; આપણે એ વેદાન્તની પરિભાષાની લપમાં નહિ પડીએ—પણ સાદી રીતે જોતાં 'તડાકો' અને 'કમનસીબી' એ બે શબ્દો વિરોધગુણવાચક શબ્દો હોવાથી તડાકો પડ્યો તેને કમનસીબી કહેનાર માણસ કાં તો પાંધેલા હોય કે કાં તો ઉંડા

પાછા શરાફના શરાફ

એક બિલકુલ ફુરસદિયા મહાશયે ગણત્રી કરી છે કે મુંબઈની વસ્તીમાંથી બૈરાં છોકરાં બાદ કરતાં બાકીનાં મનુષ્યપ્રાણીઓના પંચોતેરથી એંસી ટકા ભાગનું ગુજરાન એક અથવા બીજી રીતે સટ્ટા કે વીમા ઉપર નિર્ભર છે. ઉપર બાદબાકીમાં કપાઈ જતાં બૈરાં છોકરાંઓ પણ એક રીતે તો સટ્ટા પરજ નભે છે એમ કહી શકાય, કારણ એ લોકોનાં પોષણનો ભાર પોતાને માથે વહન કરનારાઓ સટોડિયાઓ જ હોય છે. અહીં 'ભાર વહન કરનાર' એ વાક્ય ગધેડાના અર્થમાં વાપર્યું નથી એટલો ખુલાસો આવશ્યક છે!

હવે સટ્ટાનો અને વીમાનો ભેદ તપાસીએ. મને તો એ બે વચ્ચે ઝાઝા ગાઉનું છેટું લાગતું નથી. વીમો એ સટ્ટો નથી તો બીજું શું છે? બન્નેમાં મુખ્ય આધાર 'સંજોગો' પર રાખવાનો હોય છે; કોઈ કહેશે "એમ તો કોઈ પણ વેપારનો આધાર 'સંજોગો' પરજ રહે છે." આ વાત સાચી છે; પણ વેપાર અને સટ્ટા કે વીમાના 'સંજોગો'માં એક બહુજ મહત્વનો ફેર એ છે કે વેપારના સંજોગો 'દેખતા' હોય છે ત્યારે વીમા કે સટ્ટાના 'સંજોગો' બહુધા 'આંધળા' હોય છે; અહીં 'સંજોગ' શબ્દ અંગ્રેજીમાં જેને 'ચાન્સ' (Chance) કહે છે તે અર્થમાં વાપર્યો છે; 'દેખતા સંજોગો' હમેશાં માલની ખપત જોઈને પોતાની પાસે જેટલા કાવડિયા હોય

તેટલાનો જ ઘણું ખરું સોદો કરે છે; સટ્ટો ખેલનારનો 'આંધળો સંજોગ' માત્ર 'ભાવફેર' જેટલા જ કાવડિયા'ની જોગવાઈ રાખે છે; ઉપર જે 'ઘણું ખરું' અને 'બહુધા' શબ્દો વાપર્યા છે તે એટલા માટે કે આધુનિક યંત્રવાદે વેપાર અને સટ્ટા વચ્ચેનું છેટું એટલું બધું ટુંકું કરી નાંખ્યું છે કે કોઈ કોઈ વખત એ બેમાં કશોજ ફેરક માલમ પડતો નથી! એટલે વેપાર, સટ્ટો અને વીમો, એ ત્રણ વચ્ચેના મૌલિક ભેદ પર ભેજાંનું ખુરચંદ કોઈ પ્રખર અર્થશાસ્ત્રી કરે, એ પ્રસ્તુતવાજોગ હોવાથી આપણે અહિંયાં જ એ માટેના હાથ ધોઈ નાંખી આગળ વધીશું.

નેમચંદશા શરાફને તો તમે ઓળખતા હશો! એ અમારા 'સુરત'ના છે. શરાફીના ધંધામાં એ શરાફના નેમચંદશાએ લાખો રૂપિયા પેદા કીધા હતા; પણ મુંબઈનું શેરબજાર એક વખત એમની નજરે ચડયું ત્યારથી એમની વાવડી ચસકી! પાણીપતના રણજંગમાં રણગર્જના કરતા વીરો શિરને સાટે ખાંડાના ખેલ ખેલે તે જોતાં કોઈ તટસ્થ મરદ બચ્ચાનું લોહી ઉકળી આવે અને તે પણ મયદાને જંગમાં ઝંપલાવે તેમ તાતા, ફાઝલ, કરીમ, પીટીટ, દેવીડ વગેરે મહાપુરુષોના નામો સાથે 'લીઆ દીઆ' ને 'ખાધી આપી'ની મગનભેદી ગર્જનાઓ સાંભળી નેમચંદશાનું વેપારી લોહી ઉકળ્યું અને એમણે પણ સો 'ટીફક'નો સોદો કરવાનો દલાલને ઓર્ડર આપ્યો. એમના કમનસીબે એમને પહેલા જ સોદામાં તડાકો પડયો. તમને કદાચ લાગશે કે સોદામાં તડાકો પડે તે કમનસીબી કેમ કહેવાય ? વેદાંતની પરિભાષામાં તો એ વાક્ય વિપરીતાર્થ, વદતો-વ્યાઘાત, દાષાનુદર્શક-દર્શ; આપણે એ વેદાંતની પરિભાષાની લપમાં નહિ પડીએ-પણ સાદી રીતે જોતાં 'તડાકો' અને 'કમનસીબી' એ બે શબ્દો વિરોધગુણવાચક શબ્દો હોવાથી તડાકો પડયો તેને કમનસીબી કહેનાર માણસ કાં તો પાગલ હોય કે કાં તો હું''

[illegible] નથી.—આખી [illegible] કે [illegible] પીવાં [illegible] કહેવાય નહિ—આખું [illegible] પણ આનુભવી મોટેરાંઓને અમે પૂછી જોશો તો તે નમ્રપણે તરતજ કહેશે કે સટ્ટામાં પહેલા જ સોદામાં નફો પડવો એ ખરેખર કમનસીબી છે. એ નફો મળતાં જ સટોડિયાની આંખ ફાટી જાય છે. એને લાગે છે કે વેપારમાં કે નોકરીમાં સવારથી સાંજ સુધી ગદ્ધાવૈતરું કરી દમડી દમડી ભેગી કરનારથી કાંઈ અમેરિકાના કુબેર ભંડારી થવાય નહિ.

'ઇસ પાર કે ઉસ પાર,' ગાડીઘોડા કે ફેરી સોટા', 'શરાબ સાર કે બાપ દેખાડ' જેવું ઝટપટ પરિણામ દેખાડનાર ધંધો તે સટ્ટો. એમાં પહેલે જ ઝપાટે તડાકો કરનાર માણસ નશાબાજની માફક ઉત્તેજિત થઈ સવ્ય અપસવ્યનું ભાન ભૂલી જાય છે. એને મન પૈસા કમાવા અને સટ્ટાબજારની અખીય દોલત પોતાના ઘરમાં વાળવાની વાત રમત જેવી લાગે છે; એ લોટણ કનકવાની માફક ગાંડો બની ચગવા માંડે છે, એને સટ્ટો કરી પસ્તાયલા માણસનો અનુભવ સાંભળવાની પરવાહ હોતી નથી. એ હિમ્મતથી ઊંડા પાણીમાં ડુબકી મારે છે, થોડીવારમાં જ ગુંગળાય છે અને આખરે ડુબે છે. ત્યારે જેને 'પ્રથમ ગ્રાસે મક્ષિકા'ની માફક સટ્ટામાં પહેલે જ સોદે ખોટ જાય છે, તે ચોંકેલો જ રહે છે અને દૂધથી દાઝેલો હોવાથી તે છાસ પણ ફુંકી ફુંકીને પીએ છે!

નેમચંદ શરાફને પહેલા જ સોદામાં નફો થયલો હોવાથી એણે પસીનાને ટીપે પૈ પૈ કમાવી આપનાર ગાયળગાય જેવો શરાફી ધંધો બંધ કરી 'ઝટ દે, પટ મરેગા' જેવા રોકડિયા પરિણામવાળા સટ્ટાના ધંધામાં ઝોકાવવાનો વિચાર કીધો. વડા મુનિમ તેમજ બીજા ઘણાં ય શાણાં માણસોએ શરાફ મહાશયને બહુ બહુ વાર્યા પણ લોહીનું ટીપું ચાખેલા વાઘની માફક એમનો સટ્ટા માટેનો રસાસ્વાદ

એ ફેરવો નહિ, ઉલટો કપાળે પરસેવો વળી ગયું. આખું મગજ ગરમ થઈ ગયું. નેમચંદશેઠે પોતાની જૂની કરાવી પેઢીના વજ્રા ચોપડા ઉઘેડ્યા કે નહિ, પણ એમનું ધ્યાન ફરતી પડેલાં ચોપડાં ઉપર ગયું. ગમે તેવું સાચું ખોટું તે ખરૂં. હૈયાંની, હૈયાની એ અગ્નિની ધૂમ વાગે. આરસપહાણ ઉપર બેસી ગયાં. શનિ, મંગળ કે સૂર્ય વગેરે ગ્રહદેવના ચેહરાને દેખ ઉતરત આપતી ગયું ઘડ ઘડ. અહા, ધારણા અને ધ્યાન-પૂર્વકની ગુફાઓની જ્યોતિના આ પવિત્ર શબ્દોનું ઉચ્ચારણ નેમચંદશા જેવા લક્ષ્મીપતિના રાજમહાલયમાં ગુંજવા લાગ્યું. અહા, ધારણા અને ધ્યાનપૂર્વ ત્રિપુટિનું સેવન યોગીઓના ચિત્તને સમાધિ લગાવે છે; એ જ ત્રિપુટિ લક્ષ્મીપતિના ચિત્તને સમાધિ પમાડે છે. પણ ચિત્ત અને ચિત્ત વચ્ચે આરામ-ઉદ્વેગના જેટલું અંતર હોવાથી ચિત્તની સમાધિથી આનંદ થાય છે ત્યારે ચિત્તની સમાધિથી શોક વ્યાપે છે. આમ છતાં એકજ યોગ એ બે વચ્ચે આસમાન જમીનનો તફાવત હોવા છતાં આશ્ચર્યજનક વસ્તુ તો એ છે કે મહાભવનમાં કે સંસાર-ભવનમાં સહેમાં ભારી ખુવારી ખમનાર માણસ જ સારામાં સારો યોગી થઈ શકે છે! Two extremes are equal બન્ને છેડા સરખા છે એ સૂત્રાનુસાર ચિત્તની શોકસમાધિ આખરે ચિત્તની આનંદસમાધિ તરફ વળે છે એ શક વિનાની અનુભવસિદ્ધ વાત છે. પણ આમ એકાએક થતું નથી. એને માટે તો અનેક ધોળધપ્પાની જરૂર પડે છે. ત્યારપછી જ ચિત્ત શાંતિ તરફ વળવા પ્રયત્ન કરે છે. નેમચંદશાને શરૂઆતમાં ઝાંખાં થયાં અને પોતાની આગલી પૂંજી અને કરાવી આંટને લીધે એ મહાભવનમાં ઘણીપીરીઅલ એકની નાની આકૃતિસમાન દેખાવા લાગ્યા. 'નમો લે છે કે વેચે છે' તે ઉપર બજારની વધઘટ થવા લાગી. 'નેમાએ લીધા' કે બજાર ચડ્યું! 'નેમાએ વેચ્યા' કે બજારે ગાપ ખાધી! પણ પેલા કહે છે તેમ 'એક સરખા, દિવસ સુખના, કોઈના જતા નથી!' નેમચંદના કહેવા મુજબ એનો 'શનિ વક્ર્યો' અને એની છાપની બેસવા

માંડી! ઉપરાઉપરી સટ્ટામાં લાખોની ખોટ આવવા માંડી; દલાલો પણ એના સોદા ચેતીને કરવા લાગ્યા. શરાફી પેઢીની આંટ પણ પાતળી થઈ ગઈ અને એક મોટી ખોટ ભરપાઈ કરતાં નેમચંદનું મગજ ખસ્યું. ગાંડાની માફક એનો લવારો વધ્યો. વકરેલા શનિને મોં ભાવતી ચોપડંતી કરવા માંડી, પણ એનો શનિ સુધર્યો નહિ તે નહિ જ. ઘરબાર વેચાઈ ગયાં. દાગીના વગેરે ગીરો મૂકાઈ ગયા એટલે નેમચંદશા મુંબઈનું પેટું વીંટાળી દઈ ધોયલા મૂળા જેવા 'પાંજે વતન' સુરત પાછા ફર્યા. સુરતમાં પણ 'શું કરવું?' એ પ્રશ્ન તરતના પાસ થયલા ગ્રેજ્યુએટની માફક એમને મુંઝવવા લાગ્યો. સટ્ટો ખેલનારની કે તેમાં ખુવાર થયેલાની ખરી કમબખ્તી એ છે કે એને સટ્ટા સિવાય બીજો કોઈ ધંધો સૂઝતો જ નથી. એને નોકરી કરવી પણ પરવડતી નથી. એનો હાથ એટલો બધો છુટો થઈ ગયેલો હોય છે કે કામ કરીને મળતી ધીમી અને થોડી આવક એને મન ચટણી જેવી લાગે છે. મહેનત મજુરીનું કામ કરવું એને ગમતું જ નથી. થોડો ઘણો પૈસો હોય છે ત્યાં સુધી તો એને દલાલો 'જ્યાં ખોવાયું ત્યાંજ શોધો' એમ કહી પાનો ચ્હડાવે છે. પણ ખોટના પૈસા જોખતાં ડચકિયાં આવવા માંડતાં જ દલાલોયે કોણ જાણે ક્યાં છુઃ થઈ જાય છે.

નેમચંદની પણ એજ દશા થઈ. સુરત આવી એણે થોડો આરામ લીધો; પૈસા જતાં સગાંવહાલાંઓનો સ્નેહ પણ હવામાં પીગળી ગયેલો હોવાથી એના આરામમાં બીજું કોઈ દખલ કરવા આવ્યું નહિ. માત્ર એની સ્ત્રીનો સ્નેહ કાયમ હતો; સ્ત્રીના પલ્લાના દાગીના તેમજ પૈસા પર એનું ટટ્ટુ ઠીક નભ્યું; તબિયતમાં જરાક કરાર થતાં નેમચંદશાએ નાના પાયા પર આંક ફરકની બેટીંગ લેવા માંડી.

'કેમ બચ્ચા નેમા! આજે હું આવવાનું ધારતો'તો!' એમ એમની ધારણા, શ્રદ્ધા કે એમનું ધ્યાન ઘરાક તરફથી પૂછતાં જ

એ એનો જવાબ પેરે હાથ ફેરવી મોટો ઓડકાર ખાઇ પોતાના કોપર્ડમાં આપતા.

'દીપાનો લસ્ણુ તો 'ચૂલો' ને 'ચૂલાનું લાકડું' લાગ્યોજ, પણ ધ્યાન તો 'ભૂખણકાકાના પગથિયાં' પર એમેઠ.'

'હવે કહ્યું કહ્યું એ દીપાના લલવાઓ! મારા હાજાને પોતડી પેરવાનું તો ભાન નથી તે ધ્યાનમાં હું હગજે! જો હું કહું છું તે લખી રાખ. અઇ હાલે મેં 'ઓંકારમલ'ની ધારણા આપેલી તે હહરીની આવીને ઉભી રહી. આજે ચોથમલ કે છગનલાલ નહિ આવે તો કામી તરફની મૂંછ ઓડાવી લાખું!'

'એટલો બધો ભરોસો છે તો ચોથમલ ને છગનલાલ પર લગાડતો કેમ નથી!'

'આજ જરા પૈસાની ખરકત છે; નહિ તો કે'વારના લાઇખા હોત.'

'જા મઝા કર ત્યારે,' પૈસાની ખરકત નોં' હોય તેવારે આવજે.'

નેમચંદ આમ એક ઘરાકને પતાવે કે બીજો આવીને ઉભો જ છે. એ લોકોનું બધું કામકાજ એમના ખાસ કોડવર્ડમાં જ ચાલતું; કારણ હજારો રૂપિયાની લાંચ રૂશ્વત અપાતી હતી છતાં એ છપ્પા પંજાના વેપારને નાબૂદ કરવાનો દેખાવ પોલીસ તરફથી ચાલુ જ હતો એટલે વેપારી જુગાર છડેચોક ચલાવી શકાતો નહિ! અઠ્ઠાનો આકાર ચૂલા જેવો અને નવ્વાનો આકાર ચૂલામાં લાકડું હોય એવો હોવાથી એ ઉસ્તાદોની બાજીમાં 'ચૂલા'નો અર્થ અઠ્ઠો અને 'ચૂલાના લાકડા'નો અર્થ નવ્વો થાય છે! આત્મારામ ભૂખણના ઘરનાં પગથિયાં પાંચ હોવાથી પંજાના આંકને એ લોક 'ભૂખણ-કાકાનાં પગથિયાં' કહે છે એવી જ રીતે મુંબઇમાં પ્રચલિત એક બીજા જ 'કોડવર્ડ'માં ઓંકારમલ તે એક્કો, ચોથમલ તે ચોગ્ગો અને છગનલાલ તે છગ્ગો, એમ બીજા આંકોને પણ કોઇ અગુજાણ્યા મહા-

રાખવી એ જ મોટું સુખ છે, કારણ કે પિંગલા જગતની આશા છોડી દીધા પછી જ સુખે કરીને સૂતી હતી.'

'એ વળી પિંગલા કઈ મૂઈ છે! 'પેલી જોગ રે ઉતારો રાજા ભરથરી' વાળી તો નહિ?'

'ના, ના. પિંગલા તો એક વેશ્યા હતી અને તે ગુરૂ દત્તાત્રય જેવા મહાન યોગીની ગુરૂ હતી.'

'દત્તાત્રયની ગુરૂ? અને તે વેશ્યા? આજ કાંઇ પીધા વગર મગજ ઠેકાણે હોય એમ લાગતું નથી.'

'જો સાંભળ: શાસ્ત્રમાં એની કથા આમ છે; ગુરૂ દત્તાત્રય કહે છે કે વિદેહનગરમાં પિંગલા નામની એક વેશ્યા રહેતી હતી. તેની પાસેથી હું 'નિરાશા' રાખતાં શીખ્યો છું-તે આવી રીતઃ— પિંગલા નામની વેશ્યા એક દિવસે પુરૂષને પોતાના રતિમંદિરમાં લઇ જવા માટે સારી રીતે શણગારનો ઠઠેરો કરી સાંજને વખતે પોતાનાં ઘરનાં બારણાંના બહારના ભાગમાં બેઠી. તે ધનની ઇચ્છાવાળી વેશ્યા માર્ગમાં આવતા ધનાઢ્ય પુરૂષોને જોઇને જાણતી હતી કે 'આ પુરૂષો મને ધન આપશે તથા મારી સાથે સુરત કરશે.' આવેલા પુરૂષો પાછા ગયા પછી પેલી સંકેતવૃત્તિથી આજીવિકા કરનારી વેશ્યા વિચાર કરવા લાગી કે વળી બીજો કોઇપણ ધનાઢ્ય પુરૂષ વિશેષ ધન આપનારો મારી પાસે આવશે. આવી દુષ્ટ આશાથી તે વેશ્યાની નિદ્રા ઉડી ગઇ, અને બારણાના બહારના ભાગમાં બેઠેલી તે વેશ્યા ઘડીકમાં અંદર આવતી હતી અને ઘડીકમાં પાછી બહાર નીકળતી હતી. આ પ્રમાણે મધ્યરાત્રિ વીતી ગઇ. ધનની આશાથી તેનું મન દીન થઇ પડયું. સુખમાં શોષ પડવા માંડયો, તેને મહા ખેદ થવા માંડયો ને તે ખેદથી હવે ધંધો ત્યાગ કરવો એ જ સારૂં છે, એવી ચિંતાને લીધે સુખકારક વળી બીજો મોટો ખેદ થયો, એટલે તે વેશ્યાએ હાથમાં તંબુરો લઈ હિંદુસ્થાનની નઝાકતથી એક ગીત છેડયુંઃ—

' સુણજો–સુણજો ઓ નગરના લોકો !
કે ' હવે ઘણું થયું ' એમ મનમાં થવું એનું નામ નિર્વેદ :
એવી બુદ્ધિ કો ભાગ્યશાળીને થાય છે,
આશા રૂપી પાસો એવી જ બુદ્ધિથી કપાય છે :
અરેરે ! હું પિંગલા કેવી અવિવેકી,
કે ધનની લાલસાએ અધમ પુરુષોનેય
સેવું છું ! એ તે મોહ કેવો ?
પ્રભુના મંદિર રૂપ આ શરીરને,
ધન તેમજ રતિની ઇચ્છાથી પરને
વેચી હુંય નરકમાં પડું છું; બીજાને પાડું છું.'

અરે આ શરીર પવિત્ર હોય તોજ પ્રભુનું મંદિર, નહિ તો હાડકાંના અનેક વળાંકો, વળીઓ અને આડસરા–જે વિષ્ઠા, મુત્ર, ચામડાં, રુવાડાં તથા નખોથી મઢાયેલા હોય એવા દેખાવની ઉત્તર હિંદુસ્થાનની ' ટટ્ટી ' ! પ્રભુ, ક્ષમા ક્ષમા ! આજ મારા પુણ્યનો ઉદય થયો કે દુઃખદાયક નિરાશારૂપી કામના નાશ પામી સુખકારક નિરાશારૂપી વૈરાગ્ય લાધ્યો પ્રભુ મને, અવિચલ રાખજો. સંતોષે સુણજો સુણજો ઓ નગરવાસીઓ ! આ પિંગલા વેશ્યા પોકારી પોકારીને કહે છે. આશા એટલે કામના, નિરાશા એટલે વૈરાગ્ય; આશા એ જ દુઃખનું મૂળ ને નિરાશામાં જ સુખ અમૂલ્ય–એ જ્ઞાન પામી જ સૂઉં છું નિશ્ચિંત મનની નિદ્રા.' સાંભળ્યું ! ગુરુ દત્તાત્રય આમ પિંગલા વેશ્યા પાસે ' નિરાશા ' શીખ્યા ! "

' હવે સાંભળ્યું. સાંભળ્યું. તમેય નવરા અને ગુરુ દત્તાત્રય પણ નવરા ! નવરી બજારમાં જ્યાં ત્યાંથી શાકનું ઓઢું ગોતી લેવું;

બાકી જ્યાં જરા વેરાગ રાખવાનો મોકો ત્યાં મીંડું. ખરા હો તો કરો જોઉં પ્રતિજ્ઞા કે—

'પ્રતિજ્ઞા શા માટે? એ લીધા વગર જ હું કહું છું કે આજથી મારે—

'હવે રાખો, રાખો, જેને માટે આવું આવું લાંબું લાંબું ભાષણ કરો છો તે તો આ આવ્યા.'

'કોણ?'

'દૂધવાળા ભૈયાજી!'

'સટર પેટાવી આ મુકી દે ત્યારે! ચાલ જોઉં તો! સસરીનાએ વિના કારણ દસ મિનિટને વાસ્તે શીલસુરીના ચક્કર પર ચડાવી દીધા!



હસ્યા કે ફસ્યા?

યાને

“ડોન્ટ લાફ પ્લીઝ”

દરેક ચીજને બે બાજુ હોય છે. હાસ્યની એક બાજુ માટે તમે ઘણું સાંભળ્યું હશે તેમ તમે એ માટે ઘણું જાણતા પણ હશો. હું આજે વાંચક આગળ એની બીજી બાજુ રજુ કરવા માગું છું. ધોળકાના ફાટેલા દાડમ જેવું ડાચું કરી મોટે અવાજે હી-હી-હી કરી હસવું તે અટ્ટહાસ્ય, પશ્ચિમના મતને અનુસરી આપણામાંથી ઘણા એમ માનતા થઈ ગયા છીએ કે ગમે તેમ હી હી હા હા કરી બીજી જવાબદાર રીને ખડખડાટ હસવું એ તનદુરસ્તી વધારનારૂં છે; ઘણા વિદેશીઓ માને છે કે હિંદીઓ ખડખડાટ હસતા નથી અથવા એ લોકોને ખડખડાટ હસતાં આવડતું નથી તેથી એ લોકોને સ્વરાજ્ય મળતું નથી; અને વિદેશી મિત્રો એમ કહે છે માટે આપણામાંથી કોઈ કોઈકના મનમાં એમજ ભૂત ભરાઈ બેઠેલું છે કે હિંદીઓમાં હાસ્યવૃત્તિની જરૂર ખામી છે: આ તો પેલા કહે છે તેમ 'બાવો બોલ્યો ને બોદલી નાચી' એના જેવી વાત થઈ: એક નાટકમાં એક વહોરાજી ખડખડાટ હસી પડ્યા એટલે તેને બીજાએ એમ હસવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે કહ્યું 'બડા હસા તેસી મેંખી હસા'! આ વહોરાજીની માફક આપણા પણ કોઈ કોઈ મિત્રો વિદેશીઓને નાદે

[illegible]

નહિ [illegible] પ્રકારનું કારણ [illegible] છે. તેમાંય [illegible] આપણી [illegible] ટેવાઇ [illegible] હિંદીઓમાં, ભોળાપણાની [illegible] આત્મસંતોષજનક [illegible] નિશાની ગણાય છે; [illegible] આપણી [illegible] 'નૈસીરાન'માં [illegible] જેમ [illegible] આપણા આનંદ ઉત્સવના પ્રસંગો [illegible] જ પ્રસંગ [illegible] એ લોકોના આવા [illegible] અનુભવ પર બંધાયલા અભિપ્રાય પરથી હિંદીઓની હાસ્યવૃત્તિનું તોલ કરવું એ ભ્રમજનક નીવડ્યા વગર રહે નહીં; હું તો એમ માનું છું કે જો પ્રજાના મોટા ભાગના ઇષ્ટદેવ સાક્ષાત્ આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ છે તેમને હસતાં આવડતું નથી અથવા તેમની હાસ્યવૃત્તિ ખીલી નથી એટલું જ નહિ, એ લોકોની હાસ્યકથા પણ અંગ્રેજોના સંસર્ગમાં આવ્યા પછી શરૂ થાય છે એમ કહેવું એ તેમની હડહડતી બદનક્ષી કરવા જેવું છે! બહુ ઉંચા પ્રકારની રસવૃત્તિ હિંદીઓએ ખીલવી છે. એ રસવૃત્તિનું દર્શન કરવાની જેને ઇચ્છા હશે, તે હિંદુઓના આમોદ-પ્રમોદના દિવસો, ધાર્મિક ઉત્સવો ઇત્યાદિમાં કરી શકશે. હિંદુઓની આજની અત્યંત કચડાયલી અને દયાજનક સ્થિતિમાં પણ એ રસવૃત્તિ છેક જ નામશેષ નથી થઇ ગઇ એ જેને જોવું હશે તે જોઈ શકશે. આપણે ત્યાં ગમે તેનું ખાવા પીવાનું બંધન થોડે ઘણે અંશેયે જળવાઈ રહ્યું છે, તેમ ઘણા દીર્ઘ કાળના અનુભવ પછી આપણી બીનજવાબદાર રસવૃત્તિ પર અંકુશ મૂકાયલો હોઈ આપણો એ રસ તાડીથી ઉભરાઈ જતા ઘડિયાની જેમ બહાર છલકાઈ જતો નથી પણ શાંત રીતે વહેતા સરોવરના પાણી જેમ ઠાવકો ને

મર્યાદાશીલ હોય છે. હિંદુઓના હાસ્યનું સ્વરૂપ એવું છે. હાસ્યમાં કટાક્ષરૂપી રાજસી વિનોદ કે ગમે તેવી ધાંધલધીંગી તામસી હાકાહીહીની માત્રા વધી જાય તો સાચી આનંદવૃત્તિ જોખમાય છે અને કલેશ દ્વેષ ઇત્યાદિ રાક્ષસી વૃત્તિઓ તેટલા પ્રમાણમાં જાગૃત થાય છે. આવી જાતના અટ્ટહાસ્યના સંબંધમાં બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રી. નથુરામ શર્માએ પરમ સુખી થવાના ઉપાય ઉપર આપેલા ધાર્મિક વ્યાખ્યાનો પૈકીના એકમા તેઓશ્રી જે કાંઇ કહે છે, તેનો અલ્પાંશ સાદર રજુ કરું છું.—

" અટ્ટહાસ્ય એ રજોગુણજન્ય દોષ છે. એ ગંભીરતાનું વિરોધી છે અને તે વ્યવહાર-પરમાર્થ બન્નેમાં હાનિકર છે. પરમાર્થ સાધવાને ઇચ્છતો પુરૂષ વૈરાગ્યવાન અને ગંભીર હોવો જોઇએ. જો તે જે તે વાતમાં ખડખડ હસ્યા કરે તો તેથી તેનાં મન અને પ્રાણ ચંચળ થાય છે, વ્યગ્ર થાય છે અને તેથી તે ધ્યેયમાં પોતાના મનની એકાગ્રતા કરી શકતો નથી : વ્યવહારમાં પણ મનુષ્યે પોતાની પ્રતિષ્ઠા જાળવવા માટે જ્યાં ત્યાં અને જે તે પ્રસંગમાં હીહી હસવાનો કુસ્વભાવ ન રાખવો જોઇએ. સહેજ વાતમાં અથવા હસવાનો પ્રસંગ ન હોય તો પણ તે ઉત્પન્ન કરીને ખડખડાટ હસવું એ ઠીક નથી : ગુરૂજનોની સમીપમાં વા નેઓ સાંભળે તેવી રીતે હીહી હસવું એ વધારે અયોગ્ય છે. અટ્ટહાસ્યથી પ્રાણ, ઇંદ્રિયો ને અંતઃકરણનું સાત્વિક બળ હણાય છે : જ્યારે મનુષ્ય જોરથી હસે છે ત્યારે તેનો શ્વાસ મુખદ્વારા ઉતાવળે બહાર નીકળે છે, એથી એનું સાત્વિક બળ ઘટે છે. બહુ હસવાથી પ્રાણકલાનો નકામો વ્યય થાય છે : યોગશાસ્ત્રમાં મુખેથી શ્વાસ મૂકવો એ હાનિકારક ગણ્યું છે. કસરત કરનારા પોતાનું બળ સાચવવાને જરા મુઝવણ થાય તો પણ મુખ બંધ રાખી નાક વડે જ શ્વાસ લેવા મૂકવાની ક્રિયા કરે છે. રાત્રિએ નિદ્રામાં જેનું મુખ ઉઘાડું રહેતું હોય ને તેથી જે માણસ મુખથી શ્વાસ લેવા

હિંદીઓમાં હાસ્યવૃત્તિની ખામી છે એમ માનતા થઇ ગઇ છે. આ ભાઇઓ હિંદીઓમાં ભેળાતા હશે કે નહિ તે તો પ્રભુ જાણે; પણ હિંદી માનસનો તેમનો અભ્યાસ બહુ જ આછકલો છે એમ મારો નમ્ર મત છે. અલબત એ વાત ખરી છે કે ગમે તેમ બે-મર્યાદાભરી રીતે-બીનજવાબદારપણે ખી-ખી-ખી-ખી હસવું એને હિંદીઓ બહુ નીચા પ્રકારનું હાસ્ય ગણે છે. તેમાંય કોઇ અજાણ્યા આગળ દાંત દેખાડી હસવું એ હિંદીઓમાં, તોછડાપણાની અને અણજાણ્યા પુરૂષને અપમાનજનક લાગે એવી બાલિશતાની નિશાની ગણાય છે; વળી વિદેશીઓ, આપણી સાથે ભેળાતાં એમની 'પોઝીશન'માં પંકચર પડી જાય એમ માનતા હોવાથી આપણા આનંદ ઉત્સવના પ્રસંગો જોવાનો એમને ભાગ્યે જ પ્રસંગ સાંપડે, એટલે એ લોકોના આવા કાચા અનુભવ પર બંધાયલા અભિપ્રાય પરથી હિંદીઓની હાસ્ય-વૃત્તિનું તોલ કરવું એ ભ્રમજનક નીવડયા વગર રહે નહીં; હું તો એમ માનું છું કે જે પ્રજાના મોટા ભાગના ઇષ્ટદેવ સાક્ષાત્ આનંદ-સ્વરૂપ શ્રીકૃષ્ણ છે તેમને હસતાં આવડતું નથી અથવા તેમની હાસ્યવૃત્તિ ખીલી નથી એટલુંજ નહિ, એ લોકોની હાસ્યકથા પણ અંગ્રેજોના સંસર્ગમાં આવ્યા પછી શરૂ થાય છે એમ કહેવું એ તેમની હડહડતી બદનક્ષી કરવા જેવું છે। બહુ ઉંચા પ્રકારની રસવૃત્તિ હિંદીઓએ ખીલવી છે. એ રસવૃત્તિનું દર્શન કરવાની જેને ઇચ્છા હશે, તે હિંદુઓના આમોદ-પ્રમોદના દિવસો, ધાર્મિક ઉત્સવો ઇત્યાદિમાં કરી શકશે. હિંદુઓની આજની અત્યંત કચડાયલી અને દયાજનક સ્થિતિમાં પણ એ રસવૃત્તિ છેકજ નામશેષ નથી થઇ ગઇ એ જેને જોવું હશે તે જોઈ શકશે. આપણે ત્યાં ગમે તેનું ખાવા પીવાનું બંધન થોડે ઘણે અંશેયે જળવાઈ રહ્યું છે, તેમ ઘણા દીર્ઘ કાળના અનુભવ પછી આપણી બીનજવાબદાર રસવૃત્તિ પર અંકુશ મૂકાયલો હોઈ આપણો એ રસ તાડીથી ઉભરાઈ જતા ઘડિયાની જેમ બહાર છલકાઈ જતો નથી પણ શાંત રીતે વહેતા સરોવરના પાણી જેમ ઠાવકો ને

મર્યાદાશીલ હોય છે. હિંદુઓના હાસ્યનું સ્વરૂપ એવું છે. હાસ્યમાં કટાક્ષરૂપી રાજસી વિષની કે ગમે તેવી મશ્કરીઓની તામસી ઝાકો-ઠીઠીની માત્રા વધી જાય તો સાચી આનંદવૃત્તિ જોખમાય છે અને ક્લેશ દ્વેષ ઇત્યાદિ રાક્ષસી વૃત્તિઓ તેટલા પ્રમાણમાં જાગૃત થાય છે. આવી જાતના અટ્ટહાસ્યના સંબંધમાં બ્રહ્મનિષ્ટ મહારાજ શ્રી. નથુરામ શર્માએ પરમ સુખી થવાના ઉપાય ઉપર આપેલા ધાર્મિક વ્યાખ્યાનો પૈકીના એકમાં તેઓશ્રી જે કાંઇ કહે છે, તેનો અલ્પાંશ સાદર રજુ કરું છું:—

"અટ્ટહાસ્ય એ રજોગુણજન્ય દોષ છે. એ ગંભીરતાનું વિરોધી છે અને તે વ્યવહાર-પરમાર્થ બન્નેમાં હાનિકર છે. પરમાર્થ સાધવાને ઇચ્છતો પુરૂષ વૈરાગ્યવાન અને ગંભીર હોવો જોઇએ. જો તે જે તે વાતમાં ખડખડ હસ્યા કરે તો તેથી તેનાં મન અને પ્રાણ ચંચળ થાય છે, શ્રમ થાય છે અને તેથી તે ધ્યેયમાં પોતાના મનની એકાગ્રતા કરી શકતો નથી: વ્યવહારમાં પણ મનુષ્યે પોતાની પ્રતિષ્ઠા જાળવવા માટે જ્યાં ત્યાં અને જે તે પ્રસંગમાં ઠીઠી હસવાનો કુસ્વભાવ ન રાખવો જોઇએ. સહેજ વાતમાં અથવા હસવાનો પ્રસંગ ન હોય તો પણ તે ઉત્પન્ન કરીને ખડખડાટ હસવું એ ઠીક નથી: ગુરૂજનોની સમીપમાં વા તેઓ સાંભળે તેવી રીતે ઠીઠી હસવું એ વધારે અયોગ્ય છે. અટ્ટહાસ્યથી પ્રાણ, ઇંદ્રિયો ને અંતઃકરણનું સાત્વિક બળ હણાય છે: જ્યારે મનુષ્ય જોરથી હસે છે ત્યારે તેનો શ્વાસ મુખદ્વારા ઉતાવળે બહાર નીકળે છે, એથી એનું સાત્વિક બળ ઘટે છે. બહુ હસવાથી પ્રાણકલાનો નકામો વ્યય થાય છે: યોગશાસ્ત્રમાં મુખેથી શ્વાસ મૂકવો એ હાનિકારક ગણ્યું છે. કસરત કરનારા પોતાનું બળ સાચવવાને જરા મુંઝવણ થાય તો પણ મુખ બંધ રાખી નાક વડે જ શ્વાસ લેવા મૂકવાની ક્રિયા કરે છે. રાત્રિએ નિદ્રામાં જેનું મુખ ઉઘાડું રહેતું હોય ને તેથી જે માણસ મુખથી શ્વાસ લેવા

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] છે!

[illegible]

[illegible] છે,

[illegible]

[illegible] નહિ. આ [illegible] નહિ [illegible] પ્રસંગે [illegible]

[illegible] આવવાનો.

[illegible] તમારી વહાલી [illegible] પહેરાવે, ત્યાં [illegible] ......હવે એ વાત [illegible] એકવીસ થવાનો [illegible] તમારી [illegible]

મુછ અને ચોટલી હોય તો ચોટલીથી માંડીને તમારી હાબડી સુધી પહોંચી વળે એમ હોય તો તો હસવાનું માંડી જ વાળજો. ખાનગીમાં સડાવેલા એ ચેહુરો તમારી જાહેરમાં રેવડી દાણાદાણ ના કરે તે પહેલાં ચેતી જજો. મોન્ટેસોરી સીસ્ટમમાં તમે ગમે તેમ માનતા હો, પણ આવા સંજોગોમાં હસ્યા તો ફસ્યા જ સમજજો. છોકરાઓ અણુપટની છુટ લેવા આવે તે પહેલાં જ ગંભીર બની જજો. એવે વખતે "ડોન્ટ લાફ" બિરાદર! નહિ તો "ટકાના ત્રણ શેર" થઈ જતાં વાર લાગશે નહિ. આવા પ્રસંગમાં 'લાફીંગ' કરતાં એકાદ 'લાફો' વધારે કારગત નીવડે છે!

બૈરી હોય, છોકરાં હોય અને એ લોકોને કપડાં લત્તાં કે ઘરેણાં-ગાંઠાં તમે ના અપાવો એ કાંઈ બને? વધારે નહિ તો એકાદવાર પણ તમારે એ હાઉસન-જાઉસન સાથે નરોત્તમભાઉ કે કલ્યાણ મોતીને ત્યાં જવું પડવાનું. શું કહું છું ભાઇસાબ? આમ તમે ગમે તેટલા હસમુખા કે લહેરી લાલાજી હો, પણ આવે પ્રસંગે તો લીધેલા માલનું બીલ ચુકવી આપો ત્યાંસુધી તો ડાચામાં દીવેલની છાયા જાળવી રાખજો. તે પહેલાં જરા સરખું ય હસ્યા તો ફસ્યા જ માનજો. તમારા હાસ્યનો અર્થ તમારાં પત્ની કે પુત્રપુત્રીઓ કરતાં પેલો ચબરાક વેપારી બહુ સારી રીતે સમજે છે. હસતાં બોચિયાંઓને સારી રીતે ચેતરવાની કળામાં એ સિદ્ધહસ્ત હોય છે. એવી વખતે "લાફવા"નું માંડી વાળજો. કારણ કહેવત છે કે 'ખીસું સલામત તો 'લાફીંગ બહોતેરાં!'

બોર્ડિંગહાઉસમાં રહી ભણ્યા હોઇએ કે મ્યુનિસિપાલિટીના દીવે વાંચી પરીક્ષાઓ પાસ કરી હોય, પણ નસીબમાં ધન લખેલું હોય તો ચાકર ગાડી, ઘોડા, મોટર, ઝેપલીનની બરકત થયા વિના રહેતી નથી. હવે ગાડી ઘોડા અને મોટર ઝેપલીન સાથે તમારાથી હસાય એટલું હસજો, પણ ચાકર માણસ સાથે તો ગંભીરતા જ

એણે મારાગે ચકલામાં 'બિસ-ટ્રૂ-બાયકોટ'ની બાંગ મારી મારીને 'બ્રિટિશ ગુડ્ઝ બોયકોટ' કરાવી નાંખેલો. એની હાકલે લોકો દોડી આવતી બારીએ ટોળાબંધ વળતા. એની થાળીએ કૃષ્ણની ગોપીઓ જેમ કામ અર્ધું મૂકી લોકો એની આસપાસ ભેળા થઇ જતા. એની પ્રભાતફેરીમાં ભાગ લેવા ફળિયાનાં છોકરાં એક્કે પગે ઉત્સુક રહેતાં. એના નેતૃત્વ હેઠે કામ કરવામાં બાર વર્ષનો ગોપાળ માન સમજતો. એણે સ્વદેશીનો પ્રચાર કરવા સ્વદેશી પીપરમીંટ અને સ્વદેશી બિસ્કૂટની સ્વદેશી મારકેટ પોતાનાથી મોટી વયના એટલે વડિલ, તેથી જ પૂજ્ય શ્રી ગોપાળભાઈ ઘોસ પાસે ખુલ્લી મૂકવાની ક્રિયા કરાવેલી. લાકડાનાં ખોખાં પર ટીકડી તથા બિસ્કિટની નાની ઢગલીઓ મૂકી, તે ઉપર રૂમાલ ઢાંકી, એણે તે રૂમાલ પોતાની ટુકડીની વાનરસેના સમક્ષ લોકોનાં ટોળાંનાં બેગાં બળ સાથે ગોપાળભાઈ ઘોસ પાસે ઉંચકાવેલો, એટલે સ્વદેશી મારકીટ ખુલ્લી મૂકાયલી જાહેર થતાં જ વાનરસેનાની ઘરાકી ઉલટી પડેલી! વકરો કેટલો થયો તે તો પ્રભુ જાણે, પણ સાંજ પડે 'હસતો હસતો' ઘેર આવ્યો. અને બીજા દિવસના વેપલા માટે માલ લાવવા એની બા પાસેથી એણે ચાર આના લીધા, તે પરથી કહીએ તો કહી શકાય કે મારકીટ ખુલ્લી મૂકાયલી જાહેર થતાં જ માલ ચપોચપ ઉંચકાઈ ગયેલો હોવો જોઇએ! એમ નહિ હોય તો વકરાના પૈસામાંથી બીજા દિવસ માટે નવો માલ લાવવાને બદલે એ એની બા પાસે તે માટે ચાર આના શી જપ્પ મારવા માંગે? સુરતના રસ્તા ભીંયપત્રિકા માટે નાલાયક હોવાથી મુંબઈના કોઈ કોઈ સરીયામ રસ્તા પર આવેલી ભીંત પર ચેચેં ઘાણ ફરું નચે નાં પાટિયાં લગાવેલાં હોય છે તેવું એક આકર્ષક પાટિયું પાડોશનાં વાંજકાર કાકીની ભીંતે લગાવી તે ઉપર ચાલતી રાજકીય ક્ષેત્રની છેક છેલ્લામાં છેલ્લી ખબર મેળવી અશોક લખતો. 'બુલેટીન'નો ઇતિહાસ લખાશે ત્યારે ધૂંધી સી. આઇ. ડી. ખાતાને થાપ આપી આ 'પાટિયાંપત્રિકા' લખનાર અમારા અશોકનું નામ

બહાર આવશે ત્યારે તો તમે તે જાણશો જ, પણ—કોઈ નહિ—વળી કોઈ અદેખો કહેશે કે આ તો મુદ્દાની વાત પડની મૂકીને મારા મનમાં છે તે ભાઇની માફક પોતાનું જ ટટ્ટુ આગળ ધપાવે રાખે છે! મકનકાકાએ કોઈ દેશદ્રોહીની ઉશ્કેરણીથી લેજીસ્લેટીવ એસેમ્બલી માટે પોતાની ઉમેદવારી કોંગ્રેસના ફરમાનની વિરૂદ્ધ જઇને બહાર પાડી ત્યારે અશોક પટ્ટાએ એની ટોળકીના ચુનંદા સિપાઇઓની ફોજનાં બેગાં બળ સાથે દુખિયા પ્રજાપતિને ત્યાંથી એક રાષ્ટ્રીય ગધેડો એક રાત માટે ઉછીનો લાવી મકનકાકાને બારણે તે બાંધી રાતભર રાષ્ટ્રીય શૈલીથી તેને ભૂંકાવેલો! પરદેશી રમકડાંનો વેપારી, ફરી દેનો; એ જ બનાવે છે કે એણે એ વેપારીઓમાં કેવો 'તરખાટ' મચાવી મૂક્યો હશે! રાષ્ટ્રીય નેતા કે સ્થાનિક સંગ્રામ સમિતિ કેદ પકડાય અથવા લાઠી ચાર્જનો ભોગ બનેલો કોઈ સ્વયંસેવક મૃત્યુ પામે તેના મહાનમમાં કે માનમાં હડતાળ પાડવાનું કામ વાનરસેના કેટલી બધી કુશળતાથી પાર પાડતી તે તો જેણે જોયું હશે તે જ જાણી શકશે. એ પૂછનો 'વલ્લભભાઈ કોણ છે?' વાનરસેના એકે અવાજે પુકારતી 'એક મોટા વીર છે.' એ બોલતો 'એક દો' તરત જ જવાબ મળતો 'પીળી પાઘડી ફેંક દો.'! આવો પરાક્રમી ઉકરો ગોલોક પામે અને બે હજાર વર્ષ પછી કોઈ ચિનાઈ વાણીઆ શોધકને, સુરતનો અપારીઓ ચકલો ખોદતાં ખોદતાં મારી ચંચળના અગાઉ લખેલી એકાદ 'પાટિયાપત્રિકા' હાથ લાગે અને તે પરના લખેલા ચાકના અક્ષરો ઉકેલતાં તે ખુશાલીનો માર્યો ગજ ગજ ઉછળી એમ કહે કે "અશોક બીન આ ફુંની છી આ હાઉ'—એટલે કે અશોક તો સુરતનો 'ચાનીઓ' હતો; ત્યારે એમ કહેવામાં અને માનવામાં પેલો ચીનો વાણીઓ કાંઈ ખોટું કરે છે કે! હરગીજ નહિ. જુઓ હમણાં જ એક પ્રસિદ્ધ મદ્રાસી યુવાન શોધકે સાબિત કર્યું છે કે જીસસ ક્રાઇસ્ટ તામિલનાડુના હતા; કારણ કે 'પેલેસ્ટાઇન'નું

સંસ્કૃત 'પાલિસ્તાન'નું અપભ્રંશ 'પાલીતાણા' દક્ષિણ હિંદુસ્તાનના તામિલ નાડુમાં આવેલું હોઈ મહાત્મા ક્રાઈસ્ટનો જન્મ ત્યાં જ થયો હતો એ વાત સુપ્રસિદ્ધ છે. કોઈ જૈનભાઈ આ ઉપરથી જરૂર પ્રશ્ન ઉઠાવી શકે કે એ પાલીતાણા તે શેત્રુંજય વાળું' કેમ નહિ? અને એમ હોય તો મહાત્મા ક્રાઇસ્ટને, ત્યાં આગળ કોઇ જૈનગુરૂ પાસેથી દિક્ષા કેમ નહિ મળી હોય? જોયુંને! આપણે છેક કેટલે ઉંડે ઉતરી પડયા? કોણ જાણે કેમ અશોક નામમાં જ એ ચમત્કાર છે.

'ઓ આસુ, દીકરા આસુ, ચાલ ભાઈ ચાલ; નાહીને જમી લે; નહિ તો નિશાળે જતાં મોડું થશે.' અશોકની બા એને બોલાવે છે.

૨

'આજ ટો બા નિસાલનુ હું નામ ન દેટી. આજ ટો પેલા છબીલ દાલઢોકલીની દુકાને બિસકુટની પીકેટીન કરવાની છે.' અશોક જવાબ દે છે. 'પણ દીકરા, એમ ભણશે ગણશે નહિ ને બ્રીટીશ ગુડઝની પીકિટીંગ કર્યા કરશે તો પછી આગળ જતાં તારી વલે શી થશે?'

'કેમ હવરાજ મયલા પછી બધા દિ ભયના જ કરવાનું છે ને? છબીલને કેટલું હમજાવી હમજાવીને કહ્યું પણ એની દુકાનનો 'બિસ-કૂટ' સીલ કરાવે જ નૈ તારે હું કરવું? બે દિવસ પીકિટીન કરહાખ્ખું કે એની ધોતલી ઢીલી થઈ જહે અને બાપા કહીને સીલ કરલખાવહે!'

અને આમ બોલી અશોક જાયરે ભાગ્યો! એને ખાવાની દરકાર નહિ હતી, પીવાની પરવા નહિ હતી; એને લગની લાગી હતી દેશ માટે, કામ કરવાની એને ધગશ હતી 'બિસ-કૂટ'નો 'બાયકોટ' કરવાની!

પહેલાં તો અશોક સવારના સાત વાગે ઉઠતો; પણ વાનર-

મેનાના જન્મ પછી એ જ્યારે એમાં જોડાયો ત્યારથી એણે પાંચ વાગતામાં ઉઠવા માંડયું હતું: નાહી ધોઈ ચા કે દૂધ સાથે 'ફકડોકાર' ખાઈ એ પોતાની ટુકડીને ભેગી કરી વાનર સેના હૂપ હૂપ કરતો ક્વાયત માટે કિલ્લાના મેદાનમાં પોતાની ટુકડી સાથે હાજર થઈ જતો. એનામાં તોફાન તો મૂળથી હતું જ. પણ આવી ક્વાયતથી એ તોફાનમાં યે તાલીમ આવી હતી.

, પણ હું શું કહેતો હતો ! હાલ્વાની એટલે વાર્તા જ. એમાં પ્રેમના કિસ્સા ના આવે તો એને વાર્તા કોણ કહે ! મારી ચંચળના અશોકના આ રાષ્ટ્રીય જીવનમાં એક નિર્દોષ પ્રેમજુવાળ આવી ગયો, અને અશોકની બાએ એ પ્રેમના જુવાળને એક રાષ્ટ્રીય થપ્પડથી નહિ રોક્યો હોત તો એ પ્રેમની ખીલવટમાં આપણને રોમિયો અને જુલિયટનાં દશ્યો જોવાનાં મળત !

માર્જાર સેનાની એક પાંચ વર્ષની બાળા તરફ અશોકનો અનુરાગ ઢોળાયો હતો. નિર્દોષ પ્રેમ જાતિભેદ કે રૂપરંગ જોતો નથી. તે બાળા જાતિએ હરજી હતી અને રૂપેરંગે મધપૂડા જેવી હતી. પીપરમીટ ને બિસ્કિટની આપલેથી આ બેને દોસ્તી જામી. અશોકનો રાષ્ટ્રીય કાર્ય કરવાનો બેવડાયલો ઉત્સાહ એક રીતે આ બાળાની દોસ્તીને આભારી હતો એમ કહું તો એ અમારો દીકરો થાય છે માટે કહું છું એમ ના સમજશો. અશોકને એક દિવસ આ બાળાને રાજા રાણીની રમતમાં પોતાની રાણી બનાવવાના કોડ જાગ્યા. એક દિવસ બપોરના એકાંતમાં એ બે જણાં 'રાજારાણી'ની રમત રમતાં હતાં. એકાએક કોઈક પ્રેરણાની મારી અશોકની બા એ બે જણાંનાં 'કરતૂક' જોવા એ લોકો ના જાણે એમ છૂપાઈને ઉભી રહી. રાજારાણીની વાતનો પ્રવાહ આબાદ નાટકી ઢબે આગળ વધ્યો જતો હતો. અશોકને અમે એક બેવાર નાટક જોવા લઈ ગયલા; તે નાટકના પ્રેમપ્રસંગો આજ પોતાની વાતમાં બરાબર ઉતારી રહ્યો હતો.

મહાત્માજીએ સરકારની સામે કે સનાતની હિંદુઓની સામે જેટલા ઉપવાસ આદર્યા ત્યારે કચરાભાઈની બાઈ જો કે બેસી ગઈ હતી તોપણ કચરાની તો ખાત્રી જ હતી કે, મહાત્માજી પોતાના ઉપવાસની સાથે ખુદ પોતાનાં પત્નીથી કે આશ્રમવાસીઓને ઉપવાસ આદરવાની મનાઈ કરે છે તો એને એઓશ્રી ઉપવાસની પરવાનગી નહિ જ આપે. એટલે ગાંધીજીના ઉપવાસ જેટલી જ પોતાના ઉપવાસને જાહેરાત મળે છતાં ગાંધીજીની મનાઈને લીધે જ પોતાના ઉપવાસ 'આદર્યા અધુરા' રાખવા પડયા એમ કહી શકાય. તે માટે એણે ગામેગામનાં છાપાંઓમાં પોતાના ઉપવાસની વાત જાહેર કરી દીધી. તે સાથે તેમણે ગાંધીજી પર પોતાને ઉપવાસ કરવાની પરવાનગી આપવાનો પત્ર પણ લખી નાંખ્યો! લાખ્ખો માણસોએ દેશભરમાં એ મહાનુભાવની સહાનુભૂતિમાં, પોતે એઓશ્રીના મત સાથે મળતા હોય કે ન હોય તોય, એક કે વધુ દિવસના ઉપવાસ આદર્યા હતા; તે લોકોએ ગાંધીજીની પરવાનગીની વાટ નહિ જોઈ હતી, કે નહિ તે લોકોએ પોતાના ઉપવાસની છાપાંઓમાં જાહેરાત કરી હતી, પણ કચરાનો રાહ તો ન્યારો તે ન્યારો જ! કાગળોના અને કામના ઢગલા નીચે દબાયલા ગાંધીજી ઉપવાસના સંબંધમાં પ્રત્યેકને છૂટો છૂટો ઉત્તર તો ન જ આપી શકે. એટલે એઓશ્રીએ સામાન્ય રીતે વર્તમાનપત્રો દ્વારા એમ જાહેર કરી દીધું કે. એમની સાથે કોઈ બીજાએ એક કરતાં વધુ ઉપવાસ કરવા નહિ, પણ કચરાને તો આશા હતી કે મહાત્માજીએ કવિશ્રી ટાગોરને ઉત્તર આપ્યો છે, એટલે પોતાને પણ તે જરૂર આપશે! પણ કોણ જાણે કેમ ગાંધીજીનો પ્રત્યુત્તર તો ઉપવાસને બીજે દિવસે પણ ફરી વળ્યો નહિ, એટલે કચરો ગભરાયો. મને પોતાના અંતરંગ મિત્ર તરીકે એણે પૂછ્યું : " અલ્યા! મહાત્માજીનો જવાબ હજી સુધી કેમ નહિ આવ્યો હોય ? "

'કેમ, ભૂખ લાગી છે ?' મારાથી પૂછાઈ જવાયું.

'ભૂખ ? અરે ભૂખ કેવી ? હિંદુસ્થાનની અમીર જ્યાં આગળ સેવાઈ રહ્યાં હોય ત્યાં ભૂખનું નામ જ કેમ લેવાય ? આપણે તો જમવાની વાત છોડવી જ ઘટે !' ઇશ્વરાએ ગાંધી-સ્ટાઇલમાં કહ્યું.

'ત્યારે આપ ગાંધીજીના જવાબ માટે આમ ઉંચાનીચા શા માટે થઈ રહ્યા છો ? આવશે, આવવાનો હશે ત્યારે !'

'એમ નથી; મારી ઉપવાસ કરવાની વિનતિ મહાત્માજીએ સ્વીકારી કે નહિ, એટલું હું મરતાં પહેલાં જાણી લઉં, તો મારો જીવ ગતે જાય. એકાદ તાર કીધો હોય તો !'

'મહાત્માજી બિચારા અનેક અગત્યનાં કામોમાં રોકાયલા હોય તેવા વખતે આવી ક્ષુલ્લક બાબતમાં તારથી એઓશ્રીને તસ્દી આપવી મને તો ઠીક નથી લાગતી. એવા નકામા તારો ને કાગળોથી પોસ્ટ-ઓફીસ કે તારઓફીસને ખટાવવા કરતાં આપ શ્રીહરિનું નામ લઈને ઉપવાસ છોડો તો ? જે કારણસર ગાંધીજી ઉપવાસ કરે છે તે જ કારણસર વાલપાપડી પર પ્રીત-ભોજન થાય છે, તેમાં રૂપિયો ભરી આપી આવો તો ?'

'અરે ! તને આમ કહેવું ઘટતું નથી ! મહાત્માજીના હસ્તાક્ષરમાં તાર આવી જાય પછી ઉપવાસ છોડવામાં મને વાંધો નથી !'

'તાર તો ગાંધીજીના નહિ, પણ ટાઇપરાઇટરના હસ્તાક્ષરમાં આવવાનો સંભવ છે. પણ તારી–I mean–આપની જો ગાંધીજી પર તાર જ કરાવવાની.'—

'જેવી આપ બધુંઓની ઇચ્છા. ઉપવાસના સંબંધમાં મહાત્માજીને તાર કરાવવાનું મારાથી કહેવાય જ કેમ ? પણ તમો ભાઇઓને મારા દેહની સેવાનો લાભ...'

'આમ લાંબું લાંબું બોલે છે તે કરતાં ઝટ લઇને કહી દેની કે, ગાંધીજીને તાર કરો ! તું બો ભલા માણસ ! ડફોળ જેવો આમ તેમ વાગોળ્યાં શું કરતો હશે !' મેં કહી નાંખ્યું.

[illegible]

' હવે ... નહિ તો ... પકડીને મોઢું ફાડી એમાં ... ' મેં ધમકાવીને કહ્યું.

' રામ મારા પર જુલમ '—

' કચરા દીકરા ! હવે બાપ બાપા રહેવા દે; તારે જોઈએ તો લોકોમાં તારો ઉપવાસ છોડવવામાં મારૂં નામ વગોવવું હોય તેટલું વગોવજે પણ હવે જો બહુ કરશે તો આ ડાબો ગટરમાં ફગાવી દઈશ !' મેં આંખ ફેરવીને કહ્યું.

આ ગોળી રામબાણ નીવડી. કચરાએ આંખો મીંચી મોઢું ફાડયું, તેમાં મેં પેસો કડો થયલો ડાબો ચમચે ચમચે પધરાવ્યો !

આ ઉપવાસ કરવાના અખતરામાં પોતાની ધારણાને જોઈએ તેવી સફળતા નહિ મળવાને લીધે કે ત્રણ દિવસના ઉપવાસ પછી થયેલી દિલસફાઈને પ્રતાપે, કચરો હવે જાહેરમાં બહુ દેખા દેતો નથી ! ડાકતરી રીતે તો ' અપ્પાસ 'નું એ શુભ પરિણામ જ લેખાય.

બારડોલીના પંથે !

બારડોલીના યુદ્ધનું રહસ્ય જેવું જે સમજે તેવું તે ભલે સમજે, પણ અમારા જેવા માટે તો એ એક ભારે બોધપાઠ સમાન છે. કારણ, નથી કહ્યું શું મહાન શાએરે ચીસ્તીએ કે 'કદમ બ કદમ કુચ કદમ રાસ્તાએ બડે મુકદ્દમ !' એટલે કે જે રસ્તે મ્હોટા મુકદ્દમ ગયો હોય તે રસ્તે ચાલ્યા જાઓ ! હવે કોઈ કહેશે કે ચીસ્તી નામનો કોઈ શાએર જ નથી થઈ ગયો ! અને ઇશ્વરની આ માયાની સૃષ્ટિમાં કદિ-કદાપિ પૃથ્વીનો કોઈ કાટખૂણો ચીસ્તી નામના શાએરે કાપ્યો હોય તો લખનૌનો કોઈ ઉર્દુ 'સાવાં' (Savant) અમારો કાન પકડવાને તૈયાર જ છે કે 'મહેરબાને મન ! ઇસ ઉર્દૂકા કૌન વતન ! પણ અમે આ સાક્ષરી ઝઘડામાં પડવા માગતા જ નથી. કારણ એવા ઝઘડાઓથી અમે ઘણા સાક્ષરમિત્રોના વખનની બરબાદી અને મગજની ખાનાખરાબી થતી જોઇએ છીએ ! અમારે તો કામ સાથે કામ છે, એટલે અમે જો ઉર્દુમાં નહિ પીરસું તો ગુજરાતમાં એક ગઝલ હિંદી પ્રચલિત છે કે 'લીઆ જો પંથ મહાજનને, જન લેના હો તો ઐસા હો !' તેનો આશય લખશું ! અને તે નહિ તો છેવટે પેલું પ્રસિદ્ધ સંસ્કૃત સૂત્ર તો છે જ કે महाजनो येन गतः स पन्थाः ।

નીકળ્યું એમ જો કોઈ કહે તો તે કદાચ અમને સંભવિત લાગે, પણ આ ભાડાખાઉ 'શેઠજી'ઓમાં દયા છે એમ જો કોઈ અમને મનાવવા પ્રયત્ન કરે તો અમે તેને એક રમુજી વાર્તાના વેશ સમજી હસી જ કહાડીએ ! અનેક દમદાટી છતાંયે જ્યારે બાકી રહેલા ભાડુતોએ ઘરમાંથી ખસવાની ના પાડી, ત્યારે ઘરમાલીકે મ્યુનિસિપાલ નોટીસના આશરા હેઠળ કોર્ટનું રક્ષણ ચાહ્યું. ઘર ખાલી કરાવ્યા સિવાય સમારકામ બહુ જ આસાનીથી ઉકેલી શકાય એમ છે એવા એક પ્રસિદ્ધ ઈજનેરના પ્રમાણપત્ર સાથે ભાડુતો ઘરમાલીકની સામે થયા. નામદાર કોર્ટની પણ ખાત્રી થઇ કે અગર જો કે ઘર થોડું ઘણું સમારકામ માંગી લેતું હતું તો પણ ભાડુતોને ઘરના પાછલા ભાગની ખાલી ઓરડીઓમાં સમારકામ દરમ્યાન રહેવાની છૂટ આપવામાં આવે, તો સમારકામ કરવામાં વાંધો આવે એમ ન હતું. એટલે તે મુજબ ભાડુતોની તરફેણમાં ચુકાદો આપી, નામદાર કોર્ટે ખેલ ખતમ કીધો ! પણ કહેવત છે કે 'ઉંટે કહાડયા ઢેકા તો માણસે બનાવ્યા કાઠાં !' નામદાર કોર્ટે ભાડુતોને સમારકામ દરમ્યાન થોડો વખત દાદર ખસેડવાની જરૂર હોવાથી મજુર લોકોને ચઢવાની સીડીથી ચલાવી લેવા તૈયાર રહેવાનું જણાવ્યું હતું. ઘરમાલીકે આનો લાભ પૂરેપૂરો લીધો. નામદાર કોર્ટનો ચુકાદો મળતાં જ ઘરમાલેકે ધડાધડ દાદર ઉખડાવવા માંડયા ! આ જોઇ અમારામાંથી કેટલાક 'ઢીલી ભાજી' જેવા ભાડુતોના લપ્પા લેવાવા માંડયા ! આવા ભાડુતોમાંથી એક ગૃહસ્થ બહુ કાયદાબાજ હતા ! અમારા મુકદ્દમા દરમ્યાન આ ગૃહસ્થની ધાંધલે નામદાર કોર્ટનું પણ ધ્યાન ખેંચેલું ! આ ગૃહસ્થને એમ પણ લાગેલું કે ભાડુતોની સારીયે છત એમની જ હોશિયારીને આભારી હતી ! પણ દાદર નીકળી જવાની ધડભાંગ થતાં જ એમણે તો ઘરમાંથી ન્હાસી છૂટવાની દોડાદોડ કીધી ! ઘરમાલીક એ ભાડુતને બહુ મક્કમ ધારતો હતો ! તે એને

પહેલે જ ધડાકે ઘર ખાલી કરતો જોઈ અમજ્જો 'ચાલો મંડિરીએ ગઢ જીત્યા! હવે બીજા ભાડુતોને નસાડતાં શી વાર!'

ઘર ખાલી કરતાં પેલા 'હોશિયાર' ભાડુને અમને પૂછ્યું: 'તમે શું કરશો?'

'સત્યાગ્રહ!' બાકી રહેલા ત્રણ ચાર ભાડુતોએ પોતાનો અભિપ્રાય જણાવ્યો.

'ઉંહું! હું તો આ 'કોન્સ્ટીટ્યુશનલ એજીટેશન'માં માનનારો રહ્યો! મને એ ન પાલવે! ચાલો સાહેબજી!'

'સાહેબજી!' અમે કહ્યું. આ માણસપર અમને જરાયે વિશ્વાસ ન હતો, એટલે એ ગયો અને અમે હસ્યા! આ માણસ? ધર્મનાં નીતિનાં અને સમાજનાં બંધારણને ઠોકરે ઉડાડનાર, આ માણસ 'કોન્સ્ટીટ્યુશન'ની વાહીઆત વાતો કરે છે! જુઓ તો! ચારણી કહે છે કે મને કરવા જેવું થવું ના પાલવે! પણ હવે અમારી ખરી 'બારડોલી' શરૂ થઈ! દાદરો ગયા અને તેને ઠેકાણે સમારકામ દરમ્યાન મજુરોને ઉપર નીચે જવા આવવાની વાંસની સીડીઓ ચાર માળ સુધી મુકાઈ! અમે ચોથા માળના ભાડુતોએ આ સીડી ઉપરથી વાંદરાની મીસાલ ચડવા ઉતરવાની 'પ્રેક્ટીસ' કરવા માંડી. સ્ત્રીઓ તેમજ બાળકોને પણ એ સીડી થોડા જ સમયમાં માફક આવી ગઈ! ધાડી, મોદી, ને ઘાસલેટવાળાને પણ એ સીડીપર ચડવાની પછી તો મોજ પડવા લાગી! ઘરમાલીક મુંઝાયો! એણે પારસી મેનેજરને બદલે મુસલમાન મીસ્ત્રી અને કડીઆ ગોઠવી દીધા. સત્યાગ્રહી ભાડુતોએ એમને પણ પોતાના મિત્રો કરી લીધા! આમ ભાડુતોને ભય અને ત્રાસ આપી નસાડવાની ઘરધણીની પ્રત્યેક 'ચોટ' નિષ્ફળ જતાં એણે પોતાના એજ્નેરને પૂછ્યું:

'કેમ ભાડુતો ક્યારે નીકળશે?'

ચાલો જાગો ! સમારકામ કરતાં બે મજુરો દાદર ટેકાવ્યા હતા ત્યાં આગળ ચોથે માળથી એક અમલદારનું ભાગોડીઉં દોરડે બાંધી નીચે મેકલવાનાં સમેટાણે [illegible] તેનાં બચાવ કરતા કે અખોલમાંથી એક ભાગ્યશાળીએ દાદરના [illegible] પર [illegible] સાથે ઝીલાયા. આ જોઈ કામ કરતા મજુરોમાં અને સુથારડીઆમાં દોડાદોડ થઈ રહી. બાબુનોએ આ બે ગરીબ મજુરોની મદદ કરી, ડાક્ટરને બોલાવી પાટાપીંડી કરાવી તેઓને હોસ્પીટલમાં વિદાય કીધા. મજુરો જો કે મરી ગયા નહિ પણ [illegible] તો જરૂર મરી ગયાં! એ બાબતની [illegible] પરિણામ શું આવ્યું તે પ્રભુ જાણે. પણ [illegible] કહે છે તેમ [illegible] એનું ઉતર સારૂં!' એ વાત અમારી [illegible] !

આ [illegible] ઉકેલવામાં આવ્યું અને એક [illegible] અમે નવા [illegible] ઉતરતાં [illegible] અમને [illegible] I [illegible] you for your success; [illegible] પર [illegible] દાદર પર ચડત [illegible] જાય એમ અમને [illegible] keep it for a few d[illegible] ourselves with you [illegible] જેસના ઉંદર જેવી [illegible]

ઘર બંધાઈ રહ્યું અને [illegible] આવ્યા. નવા બાબુનોની પાસે લેવાના [illegible] વાત આજે અમે નહિ કરીએ; રેન્ટ એક્ટ [illegible] મુજબ ભાડું ગોઠવાતાં ઘરમાલીકની બાદ [illegible]

અમે હવે નહિ ફેરીએ; આ ઓછા થયલા આંકનો અને તેથી થતી ખટકી મીલકતની ગ્રૉમનનો ગર્વ રોપેલો બાબુનોને માથે ઢોળી માલીક મેંચનગીડ' વેસ્યાઓને આપી વેર વસુલ કીધું એ વાત હવે અમે જવા દઈશું; બરતી ખોટ ભરપાઈ કરવા નવા બાબુન પાસે મોટી રકમની 'પાઘડી' લઈ ઓરડીઓ ભાડે આપવાની વાત તરફ અમે હવે 'ચશ્મપોશી' કરીશું; વીજળીની બત્તીમાંથીયે અને તેટલી ખોટ વસુલ કરવાની ઇચ્છાથી બત્તીનું ભાડું પે દમ બાંધી વધારી દીધું અને બાબુનોએ તે આપવાનું ના પાડતાં બત્તીનું જોડાણ કાપી બાબુનોને પાછા ઘાસલેટના દીવા પર લાવી નાંખવાની વાત ઉપર પણ અમે આજે રોપેલો ઢાંકીશું: પરંતુ કોઇ કહેશે ! ઘરભાડાનો કાયદો ખલાસ થયે માલીકનો 'Vendetta' વેર વસુલ નામના નાટકની બીજી આવૃત્તિ શરૂ થશે ત્યારે તે તરફ અમારાથી કેમ આંખમીંચામણાં થઇ શકશે ? પ્રભુ કરે ને ઘરમાલીકને સદ્બુદ્ધિ સૂઝે; નહિ તો રહમન્યા ! પુનશ્ચ અમારે જવું રહ્યું 'બારડોલીના પંથે' !

હા, હા, રેંટિયો માળીએ ચડાવી દીધો તેનું છે શું? કાંતી પીંજીને તમે વાજ વળી જતા હો તેમ જાણે! આપણાથી નહિ બને તે માટે બીજાનો દોષ કાઢવો એનું નામ ખાનદાની કે? મેં તો ગમે તેટલી કટકટ કરી પણ તમને પીંજવા કાંતવાનો શોખ હતો તો રાતના બધાં ઊંઘી ગયા પછી માળીએ ચડીને એ શોખ પૂરો કર્યા કરવો હતો ને! તેમ કરતાં તમને કોઇ આડે આવતે નહિ! અને હજીયે કોણે જાણ્યું કે તમે 'ભારત તકલી મંડળ'માં પીંજવા કાંતવા નહિ જતા હો? અરે એ તમારૂં મંડળફંડળ થોડા દિવસમાં સૂકે નહિ જાય તો મને કહેજો! જોયા તમારા મંડળના 'સક્રેટેરી' મનહરલાલ! વારૂ, વારૂ! હું તો ધડપૂછડા વનાનું બોલું છું! પછી કાંઇ બીજું કહેવું છે? કહોની ભાઇ કે મેં તમારા એ 'ભારત તકલી મંડળ'ને ગાળ ગણ દીધી? અમે મૂતાં ખરૂં બોલીએ તે તમને વાંકું લાગે; અને તમે તો જાણે બધી વાતો સીધી જ કરતા હશો ને! શું થયું? માથું દુખ્યું? લાવો મેન્થોલ ઘસું કે લવંગ ઘસીને તેનો ઉન્હો ઉન્હો લેપ કરૂં? શરદીનું નથી ત્યારે શું ગરમીનું માથું ચડયું? એમ હોય તો તો રામા પાસે બે પૈસાનું આઇસ મંગાવવું પડશે! શું મારી કટકટથી માથું દુખ્યું? પછી તમે કહેશો કે મેં રડી દીધું! મુંતું આતું આતું છાતીમાં વાગે એવું કહો પછી રડવું ન આવે તો શું હસતું આવે? પણ તે ભાઇ ના કોણે કહી કે મારે ખાદી નથી પહેરવી? લાવોની બારીક પોતની ખાદીની સાડી! પછી જુઓ કે હું પહેરૂં છું કે નહિ! મારી તબીયતને લીધે મારાથી જાડા પોતની પોમચા જેવી ખાદીની સાડી નહિ પહેરાય કે નહિ ઊંચકાય તેમાંયે મારો વાંક? તબીઅત તે ક્યાંથી સુધરે? જરા 'પ્રકરતી' ઠીક થવા આવી કે લાગલી ખાદીની વાત કહાડી જ છે; આમ મગજ પર બોજો હોય ને કોઇની તબીઅત સુધરેલી સાંભળી છે? શું કરવું? ચિંતા ના રાખ? અરે ચિંતા ના હોય બીમારીને કે ચિંતા ના

હોય વૈસરૉય, ગવર્નર કે કલેક્ટરને ! તેથી તો કવિએ કહ્યું છે કે 'ચાતક, ચકવા ચતુર નર, પ્રતિદિન ફરે ઉદાસ : ખર, ઘુવડ ને મૂરખ જન, સુખે સુવે નિજ વાસ !' અર્થ સમજ્યા કે રામ રામ ? ફરી કહેતા ના ચિંતા નહિ કરવાનું !

વાત તો તમે ઉડાવો છો ! હું તો કહું છું કે લાવો પાતળી પોતની ખાદી ! શું કહ્યું ? બારીક સાડી પહેરવી હોય તો બારીક કાંતો ! કસ્તુરબાને ગાંધીજીએ આમ કહ્યું હશે કે કેમ ? એમણે તો કસ્તુરબાને એમ પણ કહ્યું હતું કે ખાદીની સાડી ભારે લાગતી હોય તો તે પહેરવી જ પડશે; અને તેયે ન મળતી હોય તો ઝાડની છાલ પહેરીને ફરો કે નાગા રહેવું પડે તો તેમ પણ કરો. નવ માસ બાળકનો ભાર ઉંચકી શકો છો ત્યારે આટલી ખાદીનો ભાર કમર ન ઉંચકે એ કેમ બને ? વાહ, વાહ, તમે પણ કહોની એવું ? અરે ગાંધીજીને તો 'નાગે ફુલે ફતેહખાન' જેવું છે એટલે એ તો જેમ બોલશે તેમ ચાલશે પણ તમારે તો હજી સોળે સોગઠી કાચી છે, સમજ્યા ને ? હા, હા, વાત ઊડાવી ! મેં કે તમે ? પાતળી ખાદી પહેરવી હોય તો પાતળું કાંતો એમ કહેવું સહેલું છે, પણ કરવું બહુ અઘરું છે ! હા, હા, જોયાં એ સરોજિની નાયડુ ! તમારાં કોયલ, મેના–ને બુલબુલ ! હેન્રી લાગેરતો ! ઝીણી પોતની ખાદી રસિકતાથી પહેરે એટલે એ શોભે એમાં શું નવાઈ છે ? લાવોની અમેયે એમ પહેરીએ ને અમેયે એમ શોભીએ ! પણ જરા જઈને એને પૂછી આવો કે કેમ બા ! આ સાડીનું ઝીણું સુતર તમે કાંતેલું કે ? તમારી માફક એના વર એને એમ નહિ કહેતા હોય કે ઝીણી સાડી પહેરવી હોય તો ઝીણું કાંતો, એમ ન બને તો જેવી મળે તેવી ખાદી પહેરો, નહિ તો નાગાં ફરો ! હવે કેવું ખરું કહ્યું–' એને કાંતવાની ફુરસદ ન પે હોય ' ! ત્યારે અમને બધી ફુરસદ પડી જાય છે ને ? સવારના સ્નાન વાઆમાં તો ૨૮ કલાને હોઈએ છીએ, કોઈ કુવડની માફક નવ ચ

પર આવું! હું ખાદી પહેરૂં તો તમે માથે બાબરી રાખો એમ તમે સોગંદ ખાધા છે તો હું ય તમારા સોગંદ ખાઇને કહું છું કે તમે માથે બાબરી રાખશો તો હું યે ખાદી સિવાય બીજું કોઇ કાપડ આજથી પહેરીશ નહિ. હવે તો સખ વળ્યું? આટલી નજીવી વાતપર તમે મરદ લોકો રામનું રામાયણ કરી મૂકો છો તે તો મેં આજ જ જાણ્યું; ખાદી અને ખાદીની સાડી પહેરવાની મેં ભલે પ્રતિજ્ઞા લીધી; હું ય કેવી પાકી કે તમારે માથે બાબરી પહેરાવી! 'લાલાજી! નાક કટ્ટા તો કટ્ટા પણ ઘી તો ચટ્ટા!'



દેશસેવિકા

'પણ આમ તું એકાએક 'મારસ્થલ લૉ' છોડે તે કેમ [illegible]
લાગે!' ડૉક્ટર રાયજીએ પોતાની પત્ની વિજયાને કહ્યું.

'કેમ! એમાં શી મોટી વાત છે? હું જોઉં છું કે અને[illegible]
અભણ લોકો તમારા કરતાંયે કડક પીનારા હોય છે; છતાં રમણીઓન[illegible]
આજંવભરી સમજાવટ આગળ સહજાઈ પીતું છોડી ચાલ્યા જાય છે.

'તારી ખાત્રી છે કે એ લોકો એમ ચાલ્યા ગયા પછી ચોરી-
છૂપીથી દારૂ પીતા જ નથી! તું શું એમ કહેવા માગે છે કે એ
લોકોએ પોતાની ટેવ હમેશને માટે છોડી જ!' ડૉક્ટરે જરા ઉત્તેજિત
સ્વરે પૂછ્યું.

'એમ ના હોય તોયે તમારે વિલાયતી દારૂ પીવાની ટેવ ચાલુ
રાખવાની તરફેણમાં એ દલીલ ટકી શકે એમ નથી. તમારા જેવા
[illegible]ન પતિ પોતાની પત્ની 'ચાસલેટ' છોડવાની પ્રતિજ્ઞા લેવાને
તે પ્રત્યુત્તરમાં આવો લૂલો લંગડો બચાવ કરી સમજાવે એ કેટલું
[illegible]ચકારક' હોવું જોઈએ!'

'એ બચાવ નથી; બચાવ હોય તો તે લૂલો નથી. દારૂ
છોડવાની પ્રતિજ્ઞા લઉં તે પહેલાં શક્ય તેટલી દરેક બીનાનો તારી
પાસે ખુલાસો માગું એમાં ખોટું શું!'

ડૉક્ટર સાહેબ ગાંડા ગાંડા થઈ ગયા છે. નીરૂના મુખારવિંદ
એક જ ઘડી ભરમાં કુંવારના ત્રિભુવનમોહન હાસ્યમાં દેખાય છે.

'ચારૂ ત્યારે દારૂ મારે છોડવો જ, એમ જેની ?'

'હા, હા, એકવાર ને હજાર વાર.'

'દવામાં યે નહિ!'

'ના, ના, એકવાર ને હજારવાર.'

'દર્દીઓને!'

'દારૂ વગરની દવા આપો! કોણ જાણે છે કે આપણી મેડીકલ કોલેજનાં કારખાનામાંથી દર વર્ષે અંગ્રેજી દવાનાં બીબાં રૂપે બહાર પડતાં હજારો નિર્દોષ યુવાનો અજાણતાં દવાને નામે દારૂનો પ્રચાર ના કરતા હોય? કોણ જાણે છે કે ઠેર ઠેર ઉભરાતાં દવાખાનાંઓ દારૂનાં પીઠાંઓની ગરજ નહિ સારતાં હોય! ખરેખર આજે તને મારી આંખ ખોલી. અરેરે! કેટલીયે વાર મેં અને મારાં આ નિર્દોષ ભૂલકાંઓએ 'સ્ટીમ્યુલન્ટ'ને નામે એ પિશાચી પેય પીધું હશે! કોણે જાણ્યું કે એ કાતિલ છૂરી અમારાં લોહીમાં દાખલ થઈ અમારાં નહિ તો અમારાં છોકરાંઓનાં મગજ પર તેની ઝેરી અસર પહોંચાડી અમને શું–આપણે બધાંને–છેવટે એ દારૂ પીતાં નહિ કરી મૂકે! ડૉક્ટર! દારૂ વગર દવા આપજો, નહિ તો દવાખાનું બંધ કરજો. તમારૂં એ ભયંકર દવાનું પીઠું બંધ કરાવી શકીશ તોયે મને એટલો સંતોષ રહેશે કે મેં સેંકડો દારૂનાં પીઠાં બંધ કરાવ્યાં!'

'અને પછી? આપણું–તારૂં મારૂં ને આ છોકરાંઓનું શું? આપણી આવક?'

'હું દલણાં દળીશ. આપણાં છોકરાંઓને ભણાવીશ. નોકરોને રજા આપી હાથે કામ કરીશ; થોડામાં થોડા ખરચે ચલાવીશ પણ એ દારૂમાંથી થતી આવકને તો સો સો સલામ!'

'અરે ભાઈ! એમ આજીવિકા ઘટે કાંઈ મરે નહિ. દવાખાનું બંધ કરું તો પછી ખીજો ધંધો—'

'ઢેરઢીંગ મેળવ કે પછી ને નહિ તો ઊંચડ નોકરીમાં કંપનીના ધંધાઓ દારૂના ધંધા કરતાં વધારે ઉજળા છે. વડામા! કદાચ દલીલથી હું તમને પૂરી પડી નહિ શકું. દલીલ વાતો આગળ કરી તમે મને બોલતી બંધ કરી શકશો એ હું જાણું છું. પણ તમે જરૂર માનજો કે તમારે આજ દારૂ છોડવાની પ્રતિજ્ઞા લીધે જ છૂટકો છે.'

'અને ધાર કે હું એ પ્રતિજ્ઞા ના લઉં તો!'

'નહિ લ્યો તો! નહિ લ્યો તો! અરે કહો કહો કે આ તમે નથી બોલતા!—અને નહિ લ્યો તો મારું કાંઈ જોર છે! છોકરાંઓને લઈને હું કાંઈ પિયર જવાની નથી. લોકું ને સુધાર! આજે નહિ તો કાલે: પણ એટલું ખરું કે આપણે ત્યાંથી જ્યાં સુધી દારૂનો પગ જાય નહિ ત્યાં સુધી પ્રાયશ્ચિત રૂપે-'

'ઉપવાસ! માર ડાલા! વિજયા! વિજયા! પ્રતિજ્ઞા છે, પ્રતિજ્ઞા છે–'

'ઉપવાસ નહિ પણ પ્રાયશ્ચિતરૂપે ફળાહાર કરી રહીશ. પ્રતિમાસની બે એકાદશીએ પૂરા ઉપવાસ કરીશ, અને એ રીતે આપણાં પાપનું પ્રાયશ્ચિત આદરીશ.'

'સાચે જ અહિંસા અને સત્યની મૂર્તિ રૂપ સેવિકા આગળ કોઈ ચમરબંધીની પણ તાકાત નથી કે તે નમતું ના આપે. વિજુ! સાચે સાચું માનજે કે મેં દારૂ છોડવાની પ્રતિજ્ઞા તો ક્યારની યે લઇ લીધી છે; હું જાણું છું કે દવા તરીકે એનો ઉપયોગ બંધ કરતાં કદાચ મારા દવાખાનાને થોડા સમય માટે ધક્કો લાગશે, પણ દારૂને બદલે દવાના ઉપયોગમાં લઈ શકાય એવી દેશી વનસ્પતિઓનું જ્ઞાન મેળવી લઈ દવાખાનામાં હું તે વાપરવા માગું છું એટલે દવામાં દારૂના ત્યાગથી મને કશુંયે ખમવું પડવાનું નથી. ઉલટું એક રીતે હું પાપમાંથી

પ્રભાતફેરી

એ જી રામરામ કરો! મારા જેવો અઠંગ ઉંઘનારો પ્રભાતમાં ચાર વાગતામાં સ્નાન સંધ્યા તો ઘેર રહ્યાં પણ ચાપાણીએ આરોપી લઇ 'ફેરી' કરવા નીકળી પડે એ તમે તો ઠીક પણ મેંયે માન્યું નહિ હતું! પણ ગીડબંગાળીમાં કહેવત છે કે 'ઇદં સંસારે કિં અશક્યં ભવમ્' એટલે વાત ભાઇસા'બ આમ બની.

અમારા પાડોશના 'પ્રેસ' કર્યા વિનાની કાપુસની ગાંસડી જેવા ઉજમબેને એક દિવસે ચાર વાગે આગલા દિવસના સંકેત મૂજબ 'કૂકડો' બોલાવ્યો કે 'અલી ચંચળ'—આ નામ માત્ર હું લખું છું, બોલતો નથી; કારણ એ મારી વહુનું નામ છે—'ઓ ચંચળ! ચાલ ઉઠે છે કે? પ્રભાતફેરીમાં આવવું નથી? થાળી તો ક્યારનીયે પીટાઇ ગઇ!' મારાં પત્નીશ્રી ઉઠ્યાં! અને ઉઠતાં ઉઠતાં મને યે પોતાના સાણુસી જેવા મુલાયમ હાથે ચોંટીઉં દઇ પૂછ્યું 'ચ્યમ આવો સોને!'

'ક્યાં? કેમ! આ મને વીંછી કરડયો કે શું?' મેં મારી પત્નીના ચોંટીઆને વીંછી સમજી ચમકી ઉઠી પૂછ્યું.

'અરે એ વીંછી ન્હોય! એ તો હું સું! સાલો હેંડો. આવોસોને પરભાત ફેરીમાં?'

'ઉં હું'—

'ઉં હું તો રો' પરમા! હું તો બા આ હેંડી! અને ચોંઇ દાબ્યું? આ મારી કીકી રડે તો જરા હેંચકજો! અને કટ દઇને પોણી બોણી ભરી રાખજો; નહિ તો નળ હેંડયા જશે!'

'હવે જા જા સવારના પહોરમાં માથું ખાતી! નકામી ઉંઘ બગાડી!' એમ કહી 'ચંચળબેન'નું કહેવું સાંભળ્યું ન સાંભળ્યું કરી પાસું ફેરવી મેં પાછું ઘોરવા માંડયું! ભાઇસા'બ, મને શી ખબર કે આ 'પરભાત ફેરી' તો મારા નાકમાં દમ લાવી નાંખશે! બરાબર આઠ વાગે ઉઠવાના નિયમવાળો હું ચાર વાગે ઉઠી આ 'પરભાતીઆ'ના રાગડા કાઢવા જાઉં! શી વાત લાવ્યા છો?

'મિયાંઉં-મિયાઉં--'

હું સમજ્યો કે ક્યાંક બીલાડી રોતી હશે. પણ રેલ્વેના એન્જનના પીસરા માફક આ ચીસો બંધ ના રહી એટલે મીંચેલી આંખે ઉઠી હું જોઉં છું તો એ બીલાડી નહિ પણ મારી કીકી રોતી હતી! હળવે હાથે 'રાષ્ટ્રીય નમાજો' કોઇ કીકીને સુવાડવાનો પ્રયત્ન મેં કરવા માંડયો. પણ કીકી જેનું નામ! અહીંથી તે ઠેઠ બોરીબંદર આગળના લાકડીચોક સુધીના હીંચકા નાખવા માંડયા, તોયે કીકી જેનું નામ! એ ચંચળબાઇની બેટડી રોતી રહે શાની! ફેરીને મેં ગાવાં માંડયાં કે 'ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે! કાયર ભાગજો રે!' એટલે હું ઉઠયો. કીકીના 'રાષ્ટ્રીય ડંકાએ' તો મને પૂરેપૂરો જગાડયો, અને હું ક્યાં કાયર હતો જે ભાગું! કીકીને ઘોડીઆમાંથી કહાડી તેને ખાંગ હાથપગ હીંચોળતાં મેં આમથી તેમ ફેરવવા માંડી. આખરે કીકીને કે એના ઘડનારા ભગવાનને મારી દયા આવી કે શું તે એ ઉંઘી ગઇ, એને બ્યારને રહી ઘોડીઆમાં ઘાલી હું પાછો પથારીમાં પડ્યો; પણ ઉંઘ શાની! એક પ્રભાતફેરી આવે કે 'ચરખા ચલા ચલાકે લેંગે સ્વરાજ લેંગે' નો બીજી પોકારે 'ગાંધીકા ચરખા ચલાના પડેગા; ગોરેકુ લંડન પહુંચાના પડેગા;'

પત્નીશ્રીએ ને મેં આ ઝાંસી ! તે પી તાજાં થઇ એવણુ બોલ્યાં–

‘ લ્યો હાંભળો. એ ચોંઇ આમ ગવડાવતો હતોઃ ધન્ય ગાંધીજી તોરણુ બાંધી ધનજીના નાકુથી; પ્રેમે ચાખી સાકાં, આપી પૌંઆ ને ભાજી.’

હું ઉઠયો અને પત્નીશ્રીએ વાંચતાં આવડે નહિ તોયે મારી પાસે વંચાવી શીખી લેવાના હેતુથી લાવી રાખેલી પાંચ સાત પ્રભાતફેરી ને રાષ્ટ્રીય ગીતોની ચોપડી ઉથલાવી ઉથલાવી જોઈ વળ્યો પણ ઉપલું ગાયન તેમાંથી મળ્યું નહિં. એક મરાઠી ગીત આમ હતું; ‘ ધન્ય ગાંધીજી તો રણુ ગાજી ધન્યચી નહેરૂજી; પ્રેમે આજી સ્વાતંત્ર્યાચા પોવાડા ગાજી: ’

તેનું કદાચ પત્નીશ્રીએ મરાઠી ઇન્ટુ ગુજરાતી ટ્રાન્સલેશન કરી ઉપલું ગુજરાતી ગીત ગાયું હોય તો કાંઇ કહેવાય નહિ ! વાતોમાં વખત ફોકટ જશે ધારી મેં કહ્યું ‘ ચાલો ઉઠો, આઠ વાગી ગયા છે. દિશા જંગલ જવું હોય તો જઈ આવી નાહી ધોઈ રસોઇ બનાવી દો. દશ વાગ્યે ઓફીસ નહિ જાઉં તો સાહેબ ખીજાશે ! ’

‘ ખીજાશ્યે તો છો મૂવો ખીજાતો ! હવે તો સરાજ છે; એમ ચોંઇ એ મૂવાથી ડરી નથી જ્યાં ! જરા થાક બાક ખાવા દીયો, આજ તો એટલું ફ્ર્યાં મારા બાપ ! ’

આ સ્વરાજ્યના દિવસોમાં પત્નીશ્રી સાથે ઝાઝી લપ્પન છપ્પન કરવાથી વળશે નહિ ધારી મેં કોલસામાં કાકડી મૂકી સઘડી પેટાવી દાળનું આંધણુ મૂકી દીધું. કોઈએ ખરૂં જ ગાયું છે કે ‘ કોલસા પેટા પેટા કે દેઇંગે સ્વરાજ દેઇંગે ! ’

આમ આજનો દિવસ તો સુખેદ શાંતિમાં પસાર થયો. મારા મનમાં કે ચાર વાગ્યામાં ઉઠતાં કંટાળી મારી ચંચળ આપણા કાઠી- આવાડી ભાઇઓ કહે છે તેમ ‘ આફ્રીડી ’ પ્રભાતફેરીમાં જવાનું માંડી વાળશે પણ એ રણચંડીઓ તો ‘ ભલે કાયાના કટકા થાય, તો યે લીધી પ્રતિજ્ઞા ’ પાળવાનો નિશ્ચય કર્યો હતો એટલે મારૂં ધાર્યું ફોક

પણ અને ફોકીને સંભાળવાથી માંડીને સધડી ફુંકવા સુધીની બધી ઉત્તરક્રિયાઓ મારે જ કપાળે ચોટેલી રહી!

આવતી કાલે રવિવાર હતો. ઠેર ઠેર 'ઝેંડાવંદન'ની ક્રિયા કરવા પ્રભાતફેરીઓને જાહેર આમંત્રણ હતાં. આગલે દિવસે વાળુ કરી અમે બેઠાં હતાં ત્યાં પત્નીશ્રીએ વાત છેડી: 'ચોઈ હાંભળ્યું, પાહેના ઉઝમબોન કે'તાંતાં કી શરદાર વલ્લભભાઇ પટેલે કાયદો કાડ્યો છ' કે જે બૈરીનો ભાયડો આ 'રાત્રિ' લડાઇમાં ઘરમાં ભરાઇ રહે ને બાર નોં નીકળે તીની બૈરીએ તીના ભાયડાને ભાઈ હમજી લેવો; એટલે હવે તમે જો આ પરભાતફેરીમાં સરાજ લેવા નોંઇ નીકળી પડો તો આજથી હું તમારો ભાઇ ને તમે મારી બોન! લીયો આ ચુડીઓ પહેરો.' ખલાસ! ખેલ ખતમ! પત્નીશ્રીના આ ઉલટા 'અલ્ટીમેટમ'થી મારાં હાડ ધ્રુજી ગયાં, મેં દાંત પીસી કહ્યું, 'કાલથી હું જઇશ.'

'જઉ હારૂં' પત્નીજીએ હુંકારમાં પતાવ્યું.

છાસમાં માખણ જાય ને બૈરી ફુવડ કહેવાય એ વાળી વાત થની હતી. હું સાળો ઘરની હેલપાટી કરતો કરતો મરી જઉં અને તો યે નામર્દમાં ગણાઉં તે કરતાં પત્નીશ્રી ઘરમાં રહે અને હું બહાર નીકળું તો શું ખોટું! એમ સમજી સરકારી આપીસના સાહેબની ધાસ્તીને પડીકું વાળી ગટરમાં ફેંકતો હું મારા એક મિત્રની પ્રભાતફેરીમાં જોડાયો. બે ત્રણ દિવસ તો વહેલું ઉઠવું વસમું લાગ્યું પણ પછી આનંદ આવવા માંડ્યો. કારણ અમારી પ્રભાતફેરીનો ગવડાવનારો સારા રાગનો રાષ્ટ્રીય ગીતો ગાવાની તાલીમ પામેલો હતો. તેનો રાગ સુંદર અને મધુર હતો. પ્રભાતની શાંતિમાં તેના ગવડાવેલાં ગીતોનો મધુર ગુંજારવ આનંદમાં તલ્લીન કરી દે એવો હતો. આવી પ્રભાતફેરી તનને અને મનને તાજગી આપનારી નીવડતી હોવાથી મારે તો એ જ ગાવાનું રહ્યું 'પ્રભાતો હો તો ઐસી હો!'

❦

વોલન્ટીઅર

આો [illegible] —

'[illegible]'

'[illegible]'

'[illegible] નહિ; કેઓસમાં મેં [illegible] છે, [illegible] મારું આ તુચ્છ જીવન ઘસીપાસી ન [illegible] છે.'

'[illegible] પ્રોફેસર —

'[illegible] છે!'

'હું દિલગીર છું, [illegible]'

'તદ્દન સારી રીતે. [illegible]' કહીને બોલાવશો તેમ ચાલશે.'

'મહાત્મા કહું તો?'

'લાયક તો નથી, પણ સારું, [illegible] લાગણી એવી છે કે મારાથી તમને [illegible] પાડી શકાતી નથી!'

'ત્યારે તો હું તમને મહાત્મા કહીને જ બોલાવીશ.

મારા મિત્ર પ્રોફેસર કેશવરામને મુંબઈમાં આમ એકાએક અચાનક ફૂટી નીકળેલા જોઈ મને આશ્ચર્ય તો થયું, પણ મારી જીજ્ઞાસા એમના સંબંધી પ્રશ્નોત્તર રૂપે જાગતી વધી તે પહેલાં જ આ 'પ્રોફેસરપુરાણ' નીકળ્યું, એટલે મારી જીજ્ઞાસા એની મેળે જ દબાઈ ગઈ. એમને દીઠે આજ ઘણાં વર્ષો વીત્યાં એટલે પહેલાં તો મેં એમને ઓળખ્યા નહિ, પણ ચાંદો કોઈ દિવસ સૂપડે ઢાંક્યો રહ્યો સાંભળ્યો છે ! એમની વાત કરવાની છટા જ એવી હતી કે, સો મરઘામાં એક કાગડાનું બોલવું ઢંકાયું રહે, તો પાંચ માણસમાં એક કેશવરામ છાના રહે ! મેં તો એમની વાત ઉપરથી જ, હીરામાંથી કાચની કટકી પારખી કઢાઈએ તેટલી ઝડપે એમને ઓળખી કઢાડ્યા હતા. ગધી જજાગ મૂકી એ હવે કોંગ્રેસના વોલંટીઅર થયા તે જોઈ હું યે ખુશી થયો. મને લાગ્યું કે, દેશસેવાની આટલી ધગશ ધરાવનાર રત્નની આગળી પાછળી બાજી કઢાવવામાં સાર જેવું નથી, એટલે એ ક્યાં હતા ? શું કરતા હતા ? મુંબઈમાંથી એકાએક અલોપ થઈ જવાનું કારણ ! વગેરે પ્રશ્નપરંપરા મેં મનમાં જ સાચવીને ઘડી કરી મૂકી રાખી ! અને 'હવે તો અવરનવર મળ્યા કરીશું' એમ કહી, એ 'મહાત્મા'ની મેં રજા લીધી.

'બીજે દિવસે મારી 'ધની'નો ધડાકો છૂટયો !

'કાંઈ સાંભળ્યું ?'

'શું ?'

'ઓ મા ! હજી તો આ ભાવડો શું શું કરી રહ્યો છે !'

'પણ કાંઈ કહ્યા મૂક્યા વગર મને સમજ શી પડે ?'

'શાની સમજ પડે ! છબરંગન દોસ્તદાર કેની ! એ તો મને મૂઈને આજે ભગવાને જ સુઝાડ્યું, એટલે હું આપણી પાડોશના

છવીબેન સાથે કોંગ્રેસ હાઉસમાં રોટલા ટીપવા ગઇ, નહિ તો એ મૂવો મને ક્યાં દેખાવાનો હતો ?'

'મૂવો કોણ ?'

'તમારો રાગલો ! પેલો તમારો કેવળીઓ !'

'પણ તેનું છે શું ?'

'હોય શું ? એ તો હું તમને પૂછતી હતી કે, તમે એને જોયો કે નહિ ? હું રોટલા ટીપતી હતી અને એ રોટલા સેકતો હતો; એકાએક મારી અને એની નજર એક થઇ, એટલે એ તો કાંઇ બોલ્યા ચાલ્યા વગર ગબરગટ્ટ કરતો કે કોણ જાણે ક્યાં સટકી ગયો ! પેલી કહેવત છેની કે, સો બીલ્લી માર કે ચૂવા હજકો ચલી, તેમ હવે એ મૂવો વોલંટીઅર થઇને સતો થવા નીકળ્યો !'

'હોસે, કોઇની આપણે પંચાત શી !' મીસીસની ઉપર તળે થઇ ગયલી કહેવત સાંભળી હું હસીને બોલ્યો.

આ વાત કનકવાના પેચની માફક આગળ લંબાતે; પણ મારી 'ધની'નાં ઉજમ ફોઇ આવી પહોંચતાં પેચ છૂટી ગયા અને હું ગાંધીટોપી દાબી બહાર નીકળી પડયો. રસ્તામાં એક છાપાવાળો પોરિયો 'ધુમ ધડાકા' વેચતાં 'હેંસરાયચી ધાબર ગુંડી ઉડાલી' એમ બૂમ મારી રસ્તે જતા લોકોનું કુતૂહલ ઉશ્કેરી ધડાકાબંધ વકરો કર્યો જતો હતો; ત્યારે એકાદ લહેરી જીવ બાજુમાંથી પસાર થતા સારજન્ટની પીઠ પાછળ મસ્કરીમાં 'કોંગ્રેસ બુલેટી......ન'ની પોક મૂકી બિચારા સારજન્ટનો જીવ ડહોળી નાંખતો હતો. લાકડીધારી સારજન્ટ પાછું વળીને જુએ એટલામાં તો, લોકોની હસાહસ વચ્ચે નાસાનાસ શરૂ થઈ ગઈ. આ નાસાનાસ વચ્ચે, એક વોલંટીઅર એક હિંદુ ઉપાહારગૃહ આગળ ચાહ પીતો ઉભો હતો—અડગ ને અણનમ ! મારી દૃષ્ટિ તે તરફ ખેંચાતાં હું ત્યાં ગયો.

'નમસ્તે મહાત્મા !' મેં હાથ જોડી નમસ્કાર કર્યા.

'વંદે માતરમ્ ! ભાઈસાહેબ ! આવા સાહિત્યકારો વચ્ચે રોગોમાં ઉમરનું સલામત નથી ! ગુડ મોર્નિંગ !' આનો છેલ્લો 'શોટ' ભરતાં પ્રોફેસર દેવગરામે મુરબ્બીના હકે મને કહ્યું.

'મુરબ્બી ! એમ હોય તો તમારે માટે પણ એ વાત તેટલી જ ખરી છે.'

'ના, એમ નથી; મારી પાછળ રડનાર કોઈ નથી, તમારે તે છે; પણ જવા દો એ વાત ! બોલો બીજી શી ખબર છે ?'

પ્રોફેસર સાહેબમાં આટલો બધો વિવેક ખાદીની ભાવના ઝીલી ખાદીનાં કપડાં પહેરવાથી આવ્યો, કે એમના અનેક દંભોમાંનો આ પણ એક દંભ હતો, તેની મને સમજ પડી નહિ; વાત લંબાવવાના ઉદ્દેશથી મે પૂછ્યું. 'આ હોટલમાં આ કેમ પીવો પડે છે ! મહાત્મન્ ! ઘેર પધાર્યા હોત તો તમારા 'ધના' ભાભી આ નહિ બનાવી દેત કે ? આટલી બધી જુદાઈ !'

'ના, ના, એમ નથી; કોંગ્રેસ હાઉસમાં વોલંટીઅરો માટે છાસ થાય છે, માખણ બને છે પણ ચા ઉકળતી નથી; અને મારી આ સાલી ચાની ટેવ કેમે કરી છૂટતી નથી. વખત થાય છે કે ન પીએ તો ચક્કર આવવા માંડે છે ને ટાંટીઆ ઢીલા થાય છે !'

'આમ છે ત્યારે તો તમને દારૂડીઆની દારૂની ટેવ છોડાવતાં વાર નહિ લાગતી હોય ! ચા પીધા પછી થાકેલા શરીરમાં જરા સ્ફુરતી આવી કે જુસ્સામાં તેજી આવે; એટલે દારૂનું પીકેટીંગ કરતા તમારા જેવા વોલંટીઅરો લીલે તોરણે આવેલા પીપીઆ માસ્તરોને તો તેજી જુસ્સાની સમજાવટથી સુક્કા તાટ પાછા ફેરવી શકતા હશે જ ! કેમ ખરૂંને મહાત્મા ?'

'કેમ શું થયું ?'

મેં એને અથથી તે ઇતિ સુધી સર્વ બનેલી વાત કહી સંભળાવી. એણે તે ગંભીર રીતે સાંભળી; પછી એ બોલી, 'પીટયા આવા તે 'સારજણ' હોતા હશે! મૂવા જેને તેને ગમે તેમ મારે છે, તે કોઢ નીકળશે કોઢ! કાલે તો કેવળીઆને જોવા આવીશ, અસપીતાલમાં' મીસીસ પાસે આવી આશા તો મેંયે નહિ રાખેલી. પણ આ યુગ જ કોણ જાણે એવો છે કે, એક બીજા પ્રત્યેનાં વેર અને તિરસ્કાર ભુલાવી તેને સ્થાને સહાનુભૂતિ અને શુભેચ્છા પ્રગટાવે; ગાંડા જેવા લાગતા ડાહ્યા થઇ જાય છે અને પત્થર જેવાં લાગતાં હૃદયો પીગળીને મીણ થઇ જાય. ધન્ય છે આ યુગને.

રાત્રિના વાળુ કરી હું કેવળભાઇની ખબર લઈ આવ્યો. બીજે દિવસે હું મીસીસની સાથે ત્યાં ગયો. કેવળભાઇની એક આંખે પાટો હતો, બીજી આંખ ઉઘાડી હતી; પણ મીસીસની સીકલ જોતાં જ એમણે તે બંધ કરી દીધી.

'કેમ છો કેવળભાઇ! મને ઓળખી કે!

કેમ જાણે, કેવળભાઇ મરણપથારીમાં પડી છેલ્લી ઘડીનો શ્વાસ ખેંચતા હોય તેમ, મીસીસે પૂછ્યું. પોતે જીવતા છે એમ બતાવવા કેવળભાઇએ પોતાની એક સાજી આંખ ખોલી.

'હાદ્દી મુવાએ તો જોવા મુવકા વગર દડો માર્યો લાગે છે; કોઇ કાણો થાય કે આંધળો થાય તેની એ મૂવાને શી પડી છે!'

મીસીસનું પારાવાર હાસ્ય આવ્યું, પણ તેમ આવી નહિ આંગળી મૂકી, એટલે કેવળભાઇએ આંખ મીંચી દીધી અને મીસીસે [illegible] વાટકી લીધી. [illegible] એમ સ્મશાનશાંતિ અનુભવી મીસીસ [illegible] અને મને ત્યાં બેસવાનું ફરમાન ફરમાવી, 'સારા થઈ જજો હોં, કેવળભાઈ! કાંઈ કામકાજ હોય તો તમારા ભાઇ સાથે [illegible]

કહેવડાવજો; કશી જુદાઈ જેવું રાખશો નહિ,' એમ કહી કેવળભાઈને માથે આસ્તેથી હાથ મૂકી એ ઘર તરફ વિદાય થયાં. આમ બીજે ત્રીજે મીસીસ કેવળભાઈની ખબર લેવા હૉસ્પિટલમાં આવતાં હતાં. ઘણે દિવસે એમનો ઘા રૂઝાયો ખરો, પણ આંખ સુધરી નહિ; એ આંખ એમની કાણી જ રહી. હૉસ્પિટલમાંથી રજા મળવાની હતી તેને આગલે દિવસે હું તેમજ મીસીસ હૉસ્પિટલમાં આવ્યાં; કેવળભાઈ લમણે હાથ દઈ ઈઝી ચેરપર બેઠા હતા. અમને જોઈને એ ટટાર થયા.

'આવો!'

'હા, કેમ છે તબીઅત?' મેં પુછ્યું.

'ઠીક છે હવે; કાલે હું હૉસ્પિટલમાંથી ફારેગ થઈ પાછો કામ પર ચડી જઈશ.'

'થોડા દિવસ અમારે ત્યાં આવીને રહો તો? તમારા ભાઈ તો કહે છે કે, મારો મોભાબ તમારા લીધે જ બચ્યો છે! મીસીસે લાગણીભર્યા અવાજે કહ્યું.

'ભગવાનનો પાડ', એમ કહી કેવળભાઈએ એક આંખ આકાશ તરફ ફેરવી.

'ત્યારે અમારી અરજ તમે નહિ જ સ્વીકારો? ભલે તેમ તો તેમ! પણ અમે તમારું શું કામ કરીએ? કહો, કહો, જુદાઈ રાખો તો તમને મારા સમ છે!'

કેવળભાઈએ એક આંખે મીસીસ તરફ જોયું. તે મીંચી, અને પાછી ઉઘાડી. ટગરટગર જોઈ એમણે એક નિશ્વાસ નાખ્યો.

'કાંઈ કહેવા માગો છો પણ કહેતા નથી!'

જવાબમાં કેવળભાઈએ પાછી આંખ મીંચી!

'તમને મારા સમ છે, કહો—'

[illegible] ભાઈ ન જતા તેમણે !

[illegible]

[illegible] નેત્રભાઈએ

[illegible] ૧૭૫.

[illegible]

[illegible] ના ચોકીયો [illegible] જાતપર [illegible] ડેપ્યુટેશન' [illegible] હું [illegible] ને [illegible] ગયાં– [illegible] સાહેબને [illegible] હતાં.

[illegible] ક્ષમા કરી, [illegible] મને મારી 'પત્ની' એ [illegible] શું ! દેશસેવાને અંગે જેમ [illegible] તેમ [illegible] પણ સરકસ જોવા જતાં [illegible] જવાથી લંગડી થઈ. એ પણ [illegible] બન્ને દેશસેવકો ! [illegible]

હું શું ધારૂં ! [illegible] ધડાકાથી તો હું સૂમ મારી ગયો. [illegible] માથા પર આઇસ બેગ ચાલુ મૂકી રાખ્યા પછી જ હું [illegible]

હતો. શુદ્ધિમાં આવ્યા પછી પણ એકાદ કલાક હું આંખ મીંચી પડી રહ્યો, એટલે કુદરતી રીતે મને ઉંઘ આવી ગઈ. આશરે બેએક કલાકની નિદ્રા પછી આંખ ખોલી જોઉં છું, તો પથારી પાસે કેશવભાઈ એક આંખે તાકીને મારા શરીર સામે જોતા બેઠા હતા, અને મારી સાળી પાસેના એક ટુલ પર પોતાનો ખોડો પગ ટેકવી ઉભી હતી.

'કૉન્ગ્રેચ્યુલેશન્સ! માય ડીઅર સ્ટાડુ ભાઈ!' મેં ધીમે રહીને કહ્યું. 'વોલંટીઅર થવું ફળ્યું ખરૂં!'

'થેંક્સ! માય ઓલ્ડ બીન્સ!' કહી કેશવભાઈ પોતાની એક આંખ મીંચી ગયા.



શ્રીજીનો હાસ્યવિલાસ

"રસમેં રસ હાસ્યરસ, બાકી સબ રસિયાં" એવું બિલકુલ હિન્દુસ્થાની કવિત જોડી કઢાડવાનું માન લેખકને હોવાથી પ્રાચીન ભારતમાં હાસ્યરસ હતો કે નહિ, હોય તો કેવા પ્રકારનો, ન હોય તો અસલના આર્યોએ મધ્ય એશિયામાંથી તદ્દન દીવેલિયાં ડાચાં લઈને જ પંજાબમાં આવી ગાંસડાંપોટલાં છોડ્યાં હતાં કે શું? ઇત્યાદિ પ્રશ્નપરંપરાનો અભ્યાસ કરવાની અને આનંદના અગાધ યાને અથાક સમુદ્રમાં ડૂબી મરવાની જ્યારે જ્યારે તક મળી ત્યારે ત્યારે તે તકનો લેખકે લાભ લીધો હતો. એટલે સાકરની પૂતળીને જ્યાંથી ચૂસો ત્યાંથી મીઠાશ જ મીઠાશ, તેમ સાક્ષાત્ આનંદસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાં જ્યાંથી લૂંટો ત્યાંથી આનંદ આનંદ જ લાધે, એમ હોવાથી બીજી લાંબી ચોડી લપઝપ મૂકી, આપણે '**આનંદની મીમાંસા**' માટે ભગવાન શ્રીકૃષ્ણ પર જ દૃષ્ટિ ઠેરવીશું તો આપણો શ્રમ વ્યર્થ નહિ જાય. બાકી એક વાત ખરી; જીર્ણજ્વરથી પીડાતાને સાકરમાં પણ મીઠાશને બદલે કડવાશની જ પ્રતીતિ થાય છે, તેમ અજીર્ણ-વિકારથી પીડાતા કોઈ માણસને એ રસસ્વરૂપમાંથી તનીકભાર પણ આનંદ ન લાગે એમ બને!

આર્યાવર્તમાં હાસ્યરસ અતિ પ્રાચીનકાળથી ચાલતો આવ્યો છે, એમાં મને જરાય શંકા નથી. રામાયણકાળમાં ભગવાનશ્રી રામચંદ્રજીના દરબારમાં પણ પૌરાણિક ઉપમંત્રીઓ, એટલે હાલમાં જેને આપણે

મશ્કરા, રંગીલા વિદૂષકને નામે ઓળખીએ છીએ એવા હાસ્યરસના કેંદ્રદારો બહુ આગળથી અગ્રસ્થાન ભોગવતા હતા, એમ વાલ્મીકિ રામાયણના અધ્યયનથી આપણને એજ પ્રતીત થશે; શ્રીકૃષ્ણ સ્વતઃ તો આનંદસ્વરૂપ હતા જ; सत्+चित्+आनंद=सच्चिदानंद. પણ અમુકથી ચાલતી આવેલી રૂઢિ મુજબ એમની સુધર્મા સભામાં ઉપર્યુક્ત ઉપમંત્રીઓ અગ્રસ્થાને હતા, એમ શ્રીમદ્ભાગવત, હરિવંશ વગેરે પ્રાચીન અને પ્રમાણિક ગ્રંથોમાં શ્રીકૃષ્ણની જીવનચર્યાના વર્ણનમાં આલેખાયલું મળી આવશે.

પ્રસન્નતાની પ્રાપ્તિનો અમોઘ ઉપાય પણ તેમણે અર્જુનને બતાવ્યો. આનંદની પ્રાપ્તિના વિષયમાં ભગવાનનું મંતવ્ય સ્પષ્ટ રીતે એમ જ પ્રતિપાદન કરે છે કે ચિત્તની શુદ્ધિ વિના જેને આપણે સાત્વિક આનંદ કહીએ છીએ તે કદાપિ પણ મળતો નથી અને જ્યારે આપણે સાત્વિક આનંદની વાત કરીએ છીએ ત્યારે દેખીતી રીતે રાજસ અને તામસ આનંદનું અસ્તિત્વ એની મેળે જ આપણી સામે દાંત કકડાવતું ઉભું રહે, એટલે જેટલા પ્રમાણમાં આપણું ચિત્ત શુદ્ધ, તેટલા પ્રમાણમાં આપણો આનંદ શુદ્ધ, એમ સહજ નિષ્પન્ન થાય છે; પણ આ તો પાટાપરથી ઉતરી પડવા જેવી વાત થઈ. ભગવાન–અર્જુન–અને સાત્વિક આનંદને બદલે 'હેલ્લેસા' કરતા કે આપણે ક્યાંના ક્યાં ઉતરી પડ્યા ! એ પણ અસ્તુ.

અંતઃકરણની પ્રસન્નતા અથવા સાત્વિક આનંદનો ઉપાય ભગવાને ગીતાજીના બીજા અધ્યાયના ૬૪ મા શ્લોકમાં આમ બતાવ્યો છે :

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥ २.६५ ॥

પણ જેનું મન પોતાના કાબુમાં છે અને જેની ઇંદ્રિયો રાગ-દ્વેષરહિત હોઈ તેને વશ વર્તે છે તે મનુષ્ય ઇંદ્રિયોનો વ્યાપાર ચલાવતો

દેતી ' ચાલુ છતાં, હજી તો હિંદુ મુસલમાન હુલ્લડનો કારી ઘા જોતા છતાં, અરે ભયંકર બેકારીની કાતિલ કટારી હૃદયભર ખુંપેલી હોવા છતાં આજેયે આર્ય જીગરને ભગવાન શ્રીકૃષ્ણજીનો ' તાઝા બ તાઝા ' હાસ્યવિલાસ ' થા થા થૈ ' નચાવી શકે છે, એ જ એનું સાર્થક્ય : એ જ આપણું સૌભાગ્ય : એમાં જ એની સફલતા. હરિઃ ઓમ્ તત્સત્ : ! જય સત્ચિત્ આનંદ ! જય સચ્ચિદાનંદ ! જય આનંદઘન, પ્રફુલ્લ વદન, આ નંદના આનંદ !



ગુરૂ પ્રભાવ

૧

આ નાટકમાં મેં, ધમાલ એન્ડ કંપનીની એક્સ્ટ્રા સુપરફાઈન ઍંજેલ્સ ૨૫ અને ચીકલાવાળા તો કે 'ચીકા-એન્ડ-કંઈ સ્ટોક' પાસેથી નાતન જ પાસીસ કરાવેલ મોટરોના જાહેરા ભર્યા ભાવનો સાથે જરા નાકથી હળવી જ્યાંથી બોલવા આવવાની ટીનપાન ફાંકી હોય તો જાણે જાણ્યું કે મુંબઈમાં વધતા અનેક ઇન્ડસ્ટ્રીઝના મોટા બોયઝ તો તમારે હાથ અવશ્ય જ ! મેં પોતે તો ઉપર પ્રમાણે જ સ્વાંગ રાખેલો ! તેમને કેમ તે તેમને જણાવી જવાને નહિ, પણ સામાન્ય રીતે મુંબઈના અંતરમાં ચારે પૈસા અને આબરૂની રીત-ભાતવાળા માણસ પોતાનો ધંધો સારી રીતે ચેડી શકે છે એમ અનુભવ હોવાથી મેં મને ફક્ત ઉપલું સત્ય સ્વીકાર્યું ! વીમાની કંપનીનો ખેલ કરવો હોય તો ઉપલા સાધનમાં એક મોટરકાર, થોડું આફ્રીની ફરનીચર અને એક 'કુમારે હાઉસ' એટલાં વાનાં ઉમેરવાં ! પણ આટલું પ્રપંચ વસાવવા માટે પૈસા પહેલાં 'કુલસુંદરીઓ' પાસે હોવા જોઈએ. મારી પાસે તે નહિ હોવાથી એ નાટક હું ભજવી શકું એમ નહિ હતું ! ભલભલા માણસો મારા ઉપર્યુક્ત સ્વાંગથી ઉતરાયા હશે, પણ અમારા તપખીરીઆ જેવી રવૈશકાર આગળ એ ભરમ ઝાઝો નભ્યો નહિ !

'સ્વસ્તિ કલ્યાણ! આશીર્વાદ! લ્યો બેસો, હું જાઉં છું. વળી કોઈ દિવસ આવીશ' એમ કહી જોગીજીએ ચાલવા માંડ્યું.

'મહારાજ, તમારું જરા મને એડ્રેસ આપતા જાઓ.' મેં જોગીજીને ગભરાતાં કહ્યું.

'એડ્રેસ!'

'હા, તમારું સિરનામું.'

'હું સમજ્યો, પણ તેની કાંઈ જરૂર નથી. યોગ્ય સમયે હું જ આવીને ઉભો રહીશ. પણ એક અગત્યની વાત કહેવાની રહી જાય છે તે ધ્યાનથી સાંભળો: ગમે તેવો કઠણ પ્રસંગ આવે તો પણ છત્રપર આવી જઈને કોઈ સાહસ ના કરી દેતા. બધા પાપનું પ્રાયશ્ચિત મળશે, પણ આપઘાતનું તો પ્રાયશ્ચિત જ નથી. લ્યો બેસો, હવે હું જાઉં છું.'

૨

'મોટા ભાઈ, આજે તો ઘરમાં આપણે માટે ચોખા નથી. થોડા છે તે બાને માટે દાક્તર દૂધ ભાત ખાવાનું કહી ગયા છે તેમાં ચાલશે. તે પણ આજનો જ દિવસ ચાલે એટલા છે. બા બીજું તો કાંઈ લેતી નથી અને એ એટલું યે ન ખાય તો શક્તિ ક્યાંથી આવે? કાંઈક ફ્રુટ હોય તો ચાલે.'

'બેટા કુસુમ, ચોખા નહિ હતા તો મોદીને ત્યાં કહેવડાવી દેવું હતું ને?'

'આજ ત્રણ દિવસથી હું જાતે કહેવા જાઉં છું. આજે તો મેં જરા દબાણથી કહ્યું તો કહે કે બાઈ, ચોખા જોઈતા હોય તો પૈસા રોકડા લઈને આવજો. પૈસા આપવા મળે નહિ અને ચોખા જોઈએ છે તે કાંઈ મફતબફત આવે છે! મોટા ભાઈ, આવો બીજાજી મોદી તો મેં ક્યાંઈએ ન દીઠો! અને તો એવું રડવું આવ્યું...હવે

તમે જરા જાઓ ત્યારે એને ખખડાવજો, કે હવેથી આવો મીજાજ કરે નહિ. મોટા વાર્ષિ, તમે જ એને છાતી મૂક્યો છે. મારે ચાલતું હોવાની તો આજે ને આજે હું બીજે મોદી બદલું. એના ભાવો પણ બહુ આકરા છે. માલ પણ જાણે ધર્માદા આપતો હોય તેવો બરકાતો !'

'ગરીબ બિચારી કુસુમ ! એ નિર્દોષ છોકરીને શી ખબર કે એમાં મોદીનો કાંઈ દોષ નથી ! અનાજના આધારે કોઈદહાડોએક રૂપિયા થયા હશે તેમાં એને કોઈદહાડો પાઈએ પહોંચી નહિ હતી. આજે નહિ કાલે, સવારે નહિ, સાંજના; એમ વાયદા પણ કેટલા કીધા ! ઓ પ્રભુ ! હિસાબ ચુકવ્યા વિના મોદી હવે અનાજ આપે એમ નથી. આમ કુસુમની મા માંદી છે. આમ છોકરો પડ્યો છે. બન્નેને ફ્રૂટની જરૂર છે. પણ ફ્રૂટ લાવું ક્યાંથી ! ડાક્તરે કહ્યું કે દરદીને દાડમ ને મોસંબીનો રસ ઠીક માફક આવશે. પણ દાડમનો રૂપિયો ને મોસંબીનું પાવલું ! ઓ પ્રભુ ! હવે તો તું રાખશે તેવી રહેશે.'

આમ નિરાશાથી ભગ્ન હૃદયે વિચાર કરતો બેઠો છું એટલામાં ભટ્ટુક જોશી રવૈયાશંકર પોતાની નાની પુત્રીને લઈને આવ્યા.

'આશીર્વાદ, કલ્યાણ ! કેમ રાજા કુશળ તો છો ને ?

'આવો આવો મહારાજ ! આજ ઘણા દિવસે કાંઈ દેખાયા ?'

'હા ! કોઈક વર્ષ થયું હશે. તમે તો રાજા મારું ઠેકાણું પૂછતા હતા, પણ મેં જ્હોવું કહ્યું કે હું યોગ્ય સમયે આવીશ ? જુઓ, આ મારી છોડી આઠેક વર્ષની થઈ હશે ! કન્યાદાનના પૈસા મળી જાય તો એને પરણાવી દઈ ચિંતામુક્ત થઈ શ્રી હરિના ચિન્તનમાં લાગી જાઉં. મારે માથે એ છોકરીનો બોજો બહુ રહે છે.'

'ખરું છે મહારાજ. જુઓની આ મારી કુસુમ પણ ચૌદ વર્ષની થઈ હશે. કોઈ સારો વર મળે તો ગોઠવી દઈએ, પણ-છોકરીની ચિંતા કાંઈ માબાપને ઓછી છે ?'

'ના બ્હેન, જન્માક્ષર સાચા છે તેની મેં પૂરેપૂરી ખાત્રી કીધી છે. હશે, પ્રભુ ઇચ્છા! બેસો બ્હેન, જાઉં છું. પ્રભુ ઇચ્છા હશે તો વળી કોઈક દિવસ મળીશું. લ્યો, જાઉં છું હો કે ભાઇ.'

હું વિચારમાં હતો તેમાંથી ચમકી ઉઠીને બોલ્યો, 'જાઓ છો? પધારો! દિલગીર છું કે હું તમારી છોડીને માટે—'

'અરે રામ રામ કરો રાજા! છોડીને કાંઈ વાંધો નહિ આવે, પણ મારૂં ભવિષ્યકથન આજે પહેલી જ વાર ખોટું પડે છે એ મને બહુ સાલે છે.'

'મહારાજ, ખોટું ન લગાડશો, પણ એ જ્યોતિષફલિતસ તો બધા મન મનાવવાના ખેલ છે. મને તો પહેલેથી જ એ ગપ્પો લાગતો હતો, અને તેથી જ હું હસતો હતો. પણ તમે મને પ્રારબ્ધના ખેલપર હસવાની ના પાડી એટલે હું મુંગો રહ્યો.'

તમારૂં કહેવું વાજબી છે. મને એ જ વધારે લાગે છે કે મ્હારૂં વચન સિદ્ધ ન થતાં નિષ્ફળ ગયું અને નાહક જ્યોતિષ વગોવાયું!' આટલું બોલી બટુક જોશીજી ગયા અને હું પાછો વિચારસમાધિમાં પડયો, 'ગરીબ બિચારૂં રવૈયું!' દુઃખમાંયે મને હસવું આવ્યું.

૩

'કુસુમ! દીકરા! જરા અહીં આવ તો! જોતી આવજે કે તારા ભાઈ જાગે છે કે ઉંઘે છે?'

'મોટા ભાઇ તો ઉંઘે છે.'

પણ હું ઉંઘતો નહિ હતો. ચિંતાએ મારી ઉંઘ હરી લીધી હતી. એમને એમ આંખ મીંચી હું પડી રહ્યો હતો.

'કુસુમ બેટા! મેં તને કેટલીવાર કહ્યું હશે કે ઘરમાં કાંઈ [illegible] રહ્યું હોય કે કાંઈ લાવવાનું હોય તો તે તારા બાપુને કહેવું નહિ. પણ મને વાત કરવી.'

'પણ બા ! હું શું કરું ? તને કહીએ છીએ ત્યારે તું મ્હોટા ભાઈને કહેતી નથી. મારે માટે કાંઈ લાવવાનું હતે તો હું નહિ કહેત; પણ તારી આ માંદગીમાં તારે માટે કાંઈ જોઈએ તો હું કોને કહું ! તારે માટે દૂધ ભાત કે થોડું ફ્રુટ પણ ખાવા માટે ન હોય તો તારું શરીર કેમ ટકે ?'

'એ તો ટકવાનું હશે તો ટકશે. પણ જોતી નથી ? તું કાંઈ મંગાવે છે ત્યારે તારા ભાઈનું મ્હોંડું-અ-અ-અ-નથી બોલાતું !'

'નથી બોલાતું ત્યારે શું કામ તરદી લેતી હશે ? કુસુમ બેટા, ઘરમાં કાંઈ ન હોય તો તારે જરૂર મને કહેવું. એ ચિંતા તારી બાને શું કામ જોઈએ ! આટલી આટલી દવા અને માવજત છતાં તને સારું કેમ થતું નથી તેનું કારણ હવે મને સમજાયું !'

'ઓહો ! મોટા ભાઈ, તમે જાગો છો ?'

'ત્યારે નહિ ! મેં તમારી બધી વાત સાંભળી છે ! કુસુમ, તારી બાને તારે મારી થયલી જોવી હોય તો ઘરમાં જોઈતી વસ્તુની તારે એને વાત કરવી નહિ, પણ મને જ કરવી, સમજી ?'

નિરાશાના અંધકારથી છવાયલા હૃદયને 'એ રેન પીછે સુબ્હા' એમ સૂચન કરતું પ્રભાત ક્યારનું યે ઉદય પામી ચૂક્યું એટલે કુસુમને ઉપર્યુક્ત ચેતવણી આપી હું ઉઠ્યો અને દંતધાવન, શૌચ, સ્નાન ઇત્યાદિ આહ્નિક ક્રિયામાંથી પરવારી ક્ષણિક શાંતિ મેળવવા હું ચોપાટી તરફ નીકળી પડ્યો. સામે સાગરરાજ, શાંતિથી પોઢ્યા પણ આસપાસ રોગાં ફેરવી શોર મચાવના કરતા વનરાજની માફક ઘુઘવતા પડ્યા હતા. દરીઆના પાણી સુધી જઈ મેં સૂર્યને અર્ઘ્ય આપ્યો અને ચિત્તની શાંતિને અર્થે પ્રાર્થના કીધી પણ ચકડોળે ચઢેલા મગજને શાંતિ કેવી ! ' અરરર આ દુઃખ ! એના કરતાં તો આત્મઘાત—'

'ના બ્હેન, જન્માક્ષર સાચા છે તેની મેં પૂરેપૂરી ખાત્રી કીધી છે. હશે, પ્રભુ ઇચ્છા! બેસો બ્હેન, જાઉં છું. પ્રભુ ઇચ્છા હશે તો વળી કોઈક દિવસ મળીશું. લ્યો, જાઉં છું હો કે ભાઈ.'

હું વિચારમાં હતો તેમાંથી ચમકી ઉઠીને બોલ્યો, 'જાઓ છો? પધારો! દિલગીર છું કે હું તમારી છોડીને માટે—'

'અરે રામ રામ કરો રાજા! છોડીને કાંઈ વાંધો નહિ આવે, પણ મારૂં ભવિષ્યકથન આજે પહેલી જ વાર ખોટું પડે છે એ મને બહુ સાલે છે.'

'મહારાજ, ખોટું ન લગાડશો, પણ એ જ્યોતિષફ્યોતિષ તો બધા મન મનાવવાના ખેલ છે. મને તો પહેલેથી જ એ ગપ્પો લાગતો હતો, અને તેથી જ હું હસતો હતો. પણ તમે મને પ્રારબ્ધના ખેલપર હસવાની ના પાડી એટલે હું મુંગો રહ્યો.'

તમારૂં કહેવું વાજબી છે. મને એ જ વધારે લાગે છે કે મ્હારૂં વચન સિદ્ધ ન થતાં નિષ્ફળ ગયું અને નાહક જ્યોતિષ વગોવાયું!' આટલું બોલી બટુક જોશીજી ગયા અને હું પાછો વિચારસમાધિમાં પડ્યો, 'ગરીબ બિચારૂં રવૈયું!' દુઃખમાંયે મને હસવું આવ્યું.

૩

'કુસુમ! દીકરા! જરા અહીં આવ તો! જોતી આવજે કે તારા ભાઈ જાગે છે કે ઉંઘે છે?'

'મોટા ભાઇ તો ઉંઘે છે.'

પણ હું ઉંઘતો નહિ હતો. ચિંતાએ મારી ઉંઘ હરી લીધી હતી. એમને એમ આંખ મીંચી હું પડી રહ્યો હતો.

'કુસુમ બેટા! મેં તને કેટલીવાર કહ્યું હશે કે ઘરમાં કાંઈ થઇ રહ્યું હોય કે કાંઇ લાવવાનું હોય તો તે તારા ભાઇને કહેવું નહિ, પણ મને વાત કરવી.'

'પણ બા! હું શું કરું ? તને કહીએ છીએ ત્યારે તું મ્હોટા અવાજે કહેતી નથી. મારે માટે કાંઈ લાવવાનું હોય તો હું નહિ કહેત; પણ તારી આ માંદગીમાં તારે માટે કાંઈ જોઈએ તો હું કોને કહું ? તારે માટે દૂધ આન કે થોડું ફ્રૂટ પણ ખાવા માટે ન હોય તો તારું શરીર કેમ ટકે ?'

'એ તો ટકવાનું હશે તો ટકશે. પણ જોતી નથી ? હું કાંઈ મંગાવું છું ત્યારે તારા બાપનું મ્હોંડું-અં-અં-અં-નથી બોલાતું !'

'નથી બોલાતું ત્યારે શું કામ તસ્દી લેતી હશે ? કુસુમ બેટા, ઘરમાં કાંઈ ન હોય તો તારે જરૂર મને કહેવું. એ ચિંતા તારી બાને શું કામ જોઈએ ? આટલી આટલી દવા અને માવજત છતાં તને સારું કેમ થતું નથી તેનું કારણ હવે મને સમજાયું !'

'ઓહો ! મોટા ભાઈ, તમે જાગો છો ?'

'ત્યારે નહિ ! મેં તમારી બધી વાત સાંભળી છે ! કુસુમ, તારી બાને તારે સારી થવાની જોતી હોય તો ઘરમાં જોઈતી વસ્તુની તારે એને વાત કરવી નહિ, પણ મને જ કરવી, સમજી ?'

નિરાશાના અંધકારથી છવાયેલા હૃદયને 'એ રૈન પીછે સુબ્હા' એમ સૂચન કરતું પ્રભાત ક્યારનું યે ઉદય પામી ચૂક્યું એટલે કુસુમને ઉપર્યુક્ત ચેતવણી આપી હું ઉઠ્યો અને દંતધાવન, શૌચ, સ્નાન ઇત્યાદિ આહ્નિક ક્રિયાઓથી પરવારી કાંઈક શાંતિ મેળવવા હું ચોપાટી તરફ નીકળી પડ્યો. સામે સાગરરાજ, શાંતિથી પડેલા પણ આસપાસ ડોળા ફેરવી શાંત ગર્જના કરતા વનરાજની માફક ઘુરકતા પડ્યા હતા. દરીઆના પાણી સુધી જઈ મેં સૂર્યને અર્ઘ્ય આપ્યો અને ચિત્તની શાંતિને અર્થે પ્રાર્થના કીધી. પણ ચકડોળે ચડેલા મગજને શાંતિ કેવી ? 'અરરર આ દુઃખ ! એના કરતાં તો આત્મઘાત—'

[illegible]

[illegible]

[illegible]

[illegible]

'તું પણ અમારા નગરશેઠીઆ જેવો શંકાશંકર જેવો લાગે છે ના!'

'કેમ ? કોણ ! જોશી ગો !'

'એક જોશી છે, તેણે મારું ભાવિષ્ય ભાખ્યું હતું કે એક દિવસ હું લક્ષ્મીપતિ થઇશ અને તેમ થાઉં તો મારે એની છોકરીને માટે કન્યાદાનના રૂપિયા આપવા ! આમ એણે કેટલેક વર્ષ પહેલાં કહેલું અને ગઇ કાલે એ રૂપિયા લેવા પોતાની દીકરીને લઇને આવ્યો હતો.'

'હં, ! પછી ?'

'પછી શું ? આવ્યો હતો કોડે પણ ગયો માથે ઓઢે ! આપણી પાસે હોય શું શંખ કે આપીએ !'

'અરર ! સાંભળ, ત્યારે તો જોશીનું કહેવું અક્ષરશઃ સાચું છે. તું લક્ષ્મીપતિ જ છે !'

'હેં ! શું ! હી-હી-હી દીકરી સાચું ! મારા જેવા દુઃખીની મશ્કરી.'

'ના, નથુ મશ્કરી નહિ પણ ખરેખરી બીના છે. [illegible] હું [illegible] કે [illegible] હું [illegible] માટે કે [illegible] કારણ [illegible] કરો [illegible] કે [illegible] હું [illegible] નાના [illegible] કારણ [illegible] વહોરીજીઆ [illegible] કર્યો. [illegible] માટે ના કહી [illegible] તેણે [illegible] છે [illegible] કે [illegible] કહી [illegible] માટે [illegible] ટીકડીનો ભાવ [illegible] હતો, મેં વહોરીજીને કહ્યું, 'તમને ભાવમાં તેજી લાગતી હો તો આ ભાવની [illegible] તેજીના પાંચ રૂપિયા આપો !'

'કેટલા રોકવા ?' તેણે આતુરતાથી પૂછ્યું.

'અમો ધારો—કેટલાની તમારી શક્તિ હોય તેટલાના' મેં હસતાં હસતાં કહ્યું.

'લ્યો ત્યારે આપણો [illegible] શેરોની તેજીના પાંચ પાંચ રૂપિયા. હવે ફરતા ના રહેશો હો.'

'અરે એ તો હું ખાલી મશ્કરી—'

'મશ્કરી કેવી ? વાહવાહ વાહ ! શેઠ, હવે ખમેરો છો કે !'

'ના, ના, એમ નહિ. પણ તમને એમ લાગતું હોય તો નોંધી લ્યો મારા દલાલના નામ પર, સોદો મારે કબુલ છે.'

આમ વાતનું પરિણામ થઈ ગયું ! હાંસીની ખાંસી થઈ ગઈ ! એ માટે મને ઘણો શોક થયો. વહોરીજીઆને એમ જ લાગ્યું કે હું સોદો કરી હવે ફરી જવા માગતો હતો એટલે મારા ધોરણથી પણ વિરુદ્ધ જઈ, મારો ટેક જાળવવા મેં એ સોદો મારા દલાલને ત્યાં તેના નામે નોંધાવ્યો, પણ મારે [illegible] કે ન કરે નારાયણ

[illegible]

‘ [illegible] ’

પણ મારું બોલેલું પૂરું સાંભળ્યા વના તો તે પાછો ટોળામાં ઘુસ્યો.

‘ ટીકર —ટીકર —પાંચ,—દશ —વીસ,—પચાસ —સો,—હીંમા સાત,—સાત,—ટીકર—ટીકર ’ એમ બોલતો બોલતો જહાંગીર તો ગાંડા હાથીની માફક ટોળામાં ઘુમવા લાગ્યો.

‘ આખું ’ બજાર લાલ લાલ થઇ રહ્યું મેં મારા દલાલને આપણો સોદો ‘ કવર અપ ’ કરવાને કહ્યું, પણ તેણે કહ્યું કે આપણી બાંધી ખોટને લીધે ઉતાવળ કરવાનું કારણ નહિ હતું. છતાં એ હજાર જેટલીયે જોખમદારી નહિ રાખવા ખાતર દશ શેર પાંચસોને ભાવે વેચાવી નાખ્યા. ઇશ્વરકૃપાથી મારા રોકડાના શેરો આગલે દિવસે લેવાઇ ગયા હતા એટલે મને પણ સારો નફો હતો. ચાલુ વાયદો સાતસોને ભાવે બંધ થયો. પણ ભાવ બારસોનો થાય ત્યારે મને પૂછ્યા વગર મારા રોકડાના શેરો વેચી નાખવા મેં મારા દલાલને ‘ સ્ટેન્ડીંગ ઓર્ડર ’ આપી દીધો હતો. તારો સોદો તો ચાલુ વાયદામાં

'હેલીઝ' કરવો જ જોઈએ. તેથી તારા ત્રણસો પાંચની તેજીના લેણના શેરો સાનસોની આસપાસ ફૂંકી માર્યા. એ રીતે તને લગભગ દોઢ લાખ રૂપિયાનો ચોખ્ખો નફો થયો. મને લાગતું હતું કે શેરોમાં થયલી ભારે ઉથલપાથલને લીધે વલણ સાંગોપાંગ નહિ પતે, પણ ઈશ્વરકૃપાથી વલણ બરાબર પતી ગયું. આજ આઠ દિવસ થયાં તારા રૂપિયા આવી પણ ગયા છે અને આજે જ સવારે આનાપાઈ સિક્કેનો તારા નામનો ક્રોસ ચેક મેં લખીને તૈયાર પણ રાખ્યો છે. આજે જ મેં તને મળવાનો વિચાર રાખ્યો હતો. બોલ, હવે તું લખપતિ ખરો કે નહિ?'

'આભાર તો પ્રભુનો! અને બીજો તારો.' હું આભારથી ગદ્ગદિત કંઠે માધવને ભેટી પડ્યો અને માધવના બંગલાના વિશાળ દીવાનખાનામાં ટાંગેલી મોટી શ્રીનાથજીની છબીને સાષ્ટાંગ દંડવત કીધા.

'દોસ્ત! તેં મને આજ જીવતદાન આપ્યું છે.' આખરે હું બોલ્યો.

'ખરેખર! અને તેનો બદલો માગું, વીનુ દીકરી!'

'ખચીત જ માગી લે!'

'મારા નાનાભાઈ સાથે તારી કુસુમ નહિ આપે? આપણે બન્ને વાણીઆ છીએ. જ્ઞાતિફેર છે એટલો જ કદાચ વાંધો આવે!'

'તેની ફીકર નહિ. મારી કુસુમને તારા જેવું ઘર મળતું હોય તો કદાચ હું જ્ઞાતિબહાર રહેવાનેયે તૈયાર થાઉં.'

'અસ્તુ! ચાલ ત્યારે મારા નવલા વેવાઈ! આ ચ્હા ઠંડી પડી જાય છે તેને અને નાસ્તાને ઇન્સાફ આપી આપણે ભાભી પાસે દોડી જઈએ.'

૪

આંખ મીંચીને ખોલીએ એટલામાં તો સુખનાં ત્રણ વર્ષો સ્હેજે પસાર થઈ ગયાં.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

'ભોળાભાઈ, ભોળાભાઈ, પણ તમે ગામ અહીં ક્યાંથી?'

'મહારાજ' તમારું આપેલું મંદિર મારું હતું.'

'મારું હતું!'

ને આંખ અગાઉના હાથમાંથી ચાકરી છૂટી નીચે પડી. 'મારું હતું!'

'હા મહારાજ, મારું હતું' એમ કહી મેં જોગીને અનેલી સર્વ વાત કહી. આખરે હું બોલ્યો, 'મારા કુટુમ્બમાંથી ગામના નઠારા કદમ નીકળ્યા એટલે મેં પાછી એ.રોસ બેઠી અને જાપાનની એક પેઢી સાથે એક્સપોર્ટ-ઇમ્પોર્ટનું કામકાજ શરૂ કીધું. મને એ લાઇનનો સારો અનુભવ હોવાથી, તેમ હવે મારી પાસે પૈસા પણ આવેલા હોવાથી મારો ધંધો ઠીક ચાલવા માંડ્યો. કુસુમતાં પણ લગ્ન કરી નાખ્યાં અને ગામદેવીના વિશાળ રસ્તાપર આપણે જેમા આજે બેઠા છીએ તે બંગલોયે બાંધ્યો. મહારાજ! આ સર્વ વખત દરમિયાન તમને શોધી કહાડવાને મેં આકાશ–પાતાળ એક કીધાં હશે, પણ તમારો કાંઈ પત્તો મને મળ્યો નહિ. પણ મ્હારૂં અંતર મને કહ્યા કરતું હતું કે કોઈ વખત અચાનક તમારો ભેટો થઇ જશે અને આજે એમજ

થયું. પણ મહારાજ, આ તમારી આંખ શાની ગઇ ? તમે આમ સ્તબ્ધ કેમ થઇ ગયા ? બોલતા કેમ નથી ?'

'હું શું બોલું રાજા ! તમે તમારો ઇતિહાસ કહ્યો. હવે મ્હારો સાંભળો. તમારી પાસેથી નીકળ્યા પછી હું મારી ઓરડીએ પાછો ફર્યો પણ મને કાંઇ ચેન પડે નહિ. 'ત્યારે શું જ્યોતિષ ખોટું' ? ના ના એમ કદી બને નહિ. ત્યારે મારી ગણત્રી ખોટી હતી ? કદાચ એમ બને.' તમારી કુંડળી બનાવી હું આખો દિવસ સ્લેટ અને પેન લઇને બેઠો. મેં ફરી ફરીને ગણત્રી કાઢી. પણ મારા કહેલા યોગમાં અણુ જેટલો યે ફેર પડ્યો નહિ. એ આજ હતી. કાં તો મારી ગણત્રી ખોટી, કે કાં તો તમે જુઠું બોલી મને ઉતરતા હો. ગણત્રી તો ખરી જ હતી એમ મે વાર વારે ખાત્રી કાઢી હતી. તમારે ત્યાં હું તમને ખબર આપ્યા વગર એકાએક આવ્યો હતો અને સર્વ સંજોગ જોતાં તમે તમારી સ્થિતિ છુપાવતા હો એમ મને નહિ લાગ્યું. વળી લાભસ્થાનમાં તમને શુક્રનો યોગ હોવાથી તમે ગુણવાન હોવા બાબત શંકાને સ્થાન નહિ હતું. અસ્તુ ! ત્રણ દિવસ અને ત્રણ રાત્રી એ બાબત વિચારમાં ગાળી આખરે હું મારા જ્યોતિષના સર્વ પુસ્તકો શ્રી સાગરદેવતાને અર્પણ ધરી દેવાના નિશ્ચયપર આવ્યો, અને ફરીથી જ્યોતિષનું નામ નહિ દેવાનો મે સંકલ્પ કીધો. ત્રણ વખત ચોપડા લઈ ગયો અને ત્રણ વખત પાછો લાવ્યો. પણ મારાં અનુભવરત્નોથી ભરેલાં તે પુસ્તકોને જળશાયી કરવાની મારી હિમ્મત ચાલી નહિ. 'હા, હું જ ચોર છું. મ્હારાથી આટલોયે ત્યાગ નથી થઇ શકતો ! કેવી નિર્બળતા.' આખરે મનને દૃઢ કરી હું ચોથીવાર દરીઆ ઉપર ગયો અને ટુકડે ટુકડા થઈ જતા જીગરે મે તે સર્વ પુસ્તકો તેમાં પધરાવી દીધાં. હું ભારી હૃદયે ઝડપથી ઘેર આવ્યો અને જ્યોતિષ નહિ જોવાનો મારો નિશ્ચય રખેને ડગે એવા બીકથી આવરદાની જે બે ચાર પળો બાકી હતી તેમાં મેં મ્હારી આંખો–હા–આંખો–ફોડી

નાખી. એક ચીસ પાડી હું બેશુદ્ધ થઇ નીચે પડયો અને ત્યાર શું થયું તેની મને ખબર નથી.'

'મહારાજ, તમે બહુ સાહસ કીધું. નજીવી બાબત માટે મં ભોગ આપ્યો. મને પણ કંઇક અંશે દોષના નિમિત્તભૂત કીધો.'

'સાહસ! હા, તે સાહસ હતું. પણ જ્યોતિષવિદ્યાના ગૌર ખાતર એ સાહસ જરૂરનું હતું. રાજા, વધુ શું કહું? આપ કરવાનું પ્રાયશ્ચિત મને કોઇએ બતાવ્યું હોત તો તે સાહસ કરવા હું ચુકતે નહિ એટલો તે વખતે મારો આવેશ હતો. આજ ત્રીસ થયાં મેં જ્યોતિષવિદ્યાની સતત સેવા કીધી છે. એ દેવીનો હું લા ભક્ત છું. મારૂં ગણિત કદીયે ખોટું પડયું નથી, મ્હારૂં વચન કદ અફળ ગયું નથી. મારી સ્ત્રી એક પુત્રીને જન્મ આપી દેવલોક પા પછી અખંડ બ્રહ્મચર્ય પાળી મેં એ દેવીની અવ્યભિચારી સેવા ક છે. એ દેવીની નિષ્કામ ભક્તિને ખાતર મેં મોટા મોટા શેઠીઆઓ કહેણ તીરસ્કાર્યાં છે. કાંઇક રાજા મહારાજાઓની માંગણી મેં તુચ્છકા છે. આજ ત્રીસ વર્ષ પછી એ મારી સાથે રીસાય-મારૂં વચન અફ જાય-અરે રાજા! જેણે વિદ્યાદેવીનું મારી માફક ઉપાસન કીધું હશે તેજ મા આ નજીવા સાહસની ખરી કદર કરી શકશે. મેં ધાર્યું હોત તો અઢળ લક્ષ્મી પેદા કીધી હોત. કાંઇક સટોડીઆઓ, કંઇક રાજાઓ, કંઇ મહાપુરૂષો મારે ત્યાં વેપારની તેજીમંદી, લાભ હાનિ ઇત્યાદિ બતાવવ પોતાના જન્માક્ષર લઇને આવતા હતા. તેઓની પાસે એક પાઇ પણ લઈ મારા હાથ મેં અપવિત્ર કીધા નથી. તેજીમંદીના જુગારથી એ પવિત્ર વિદ્યાને મેં સંરક્ષિત રાખી છે. અર્થાત્ તેજીમંદીનો જુગાર ખેલનારાઓને મેં કદી પણ 'શ્રદ્ધા' આપી નથી. માત્ર જન્માક્ષર શુદ્ધ રીતે કરી આપી તેના પૈસામાંથી હું મારૂં ગુજરાન ચલાવતો હતો. એ વિદ્યા જાણવાની ઇચ્છાવાળા સત્પાત્ર જીજ્ઞાસુને હું એ વિદ્યા શીખવતો હતો. એ વિદ્યાની ગુપ્ત ચાવીઓ કોઇક ઉચા અધિકારીને

કાંઈ પણ છુપાવ્યા વિના હું જણાવી દેતો હતો. એ વિદ્યાની સેવા કરવાની ઇચ્છાવાળાએ સત્યનું અને નિર્ધનતાનું વ્રત લેવું જોઈએ એમ મારું માનવું હોવાથી મેં એ વ્રત એવું સેવકપણું સ્વીકાર્યા પછી મન, વચન, અને કર્મથી પાળ્યું છે-પાળ્યું છે એમ કહું છું ત્યારે તેનો મને પ્રત્યક્ષ અનુભવ થયો છે એમ જાણજો. મારું વચન કદી પણ અફળ થયું નથી, એ સત્યનું વ્રત પાળ્યાની નિશાની અને જોઈતી પ્રત્યેક વસ્તુ સંકલ્પમાત્રથી મળી રહે એ નિર્ધનતાનું વ્રત ફળ્યાની નિશાની! લો બેસો રાજા, હવે હું રજા લઈશ. વાતોમાં બહુ વખત વીત્યો.'

'અરે ના રે ના, મહારાજ ઉતાવળ શી છે. પણ આજે તમે ટહેલ શાની નાખતા હતા તે તો કહો!'

'અરે હા! આવેશમાં ને આવેશમાં એ વાત તો કહેવાની રહી જ ગઈ. ઠીક યાદ દેવાડ્યું. સાંભળો. મારા ચર્મચક્ષુનો નાશ થયો હતો, પણ ત્યારપછી ઈશ્વરકૃપાએ અંતરચક્ષુ ખુલી ગયાં હતાં. જ્યોતિષના યોગાનુયોગ જાણ્યા વિના કે ગણિત માંડ્યા વિના ધારણા-માત્રથી ત્રિકાલનું જ્ઞાન મને પ્રાપ્ત થયું હતું. આજ સવારના મને મારી પુત્રીના લગ્ન સંબંધમાં વિચાર સ્ફુર્યો હતો, તે સાથે એને કન્યાદાનમાં આપવાના સાધનને માટે પણ પ્રેરણા સ્ફુરી કે મારે આજે એ બાબતની ટહેલ નાખવી. કાંઈપણ વધુ વિચાર વિના હું ઉઠીને લઇને ટહેલ નાખવા નીકળી પડ્યો અને કર્મયોગે આ રસ્તે આવી ચડ્યો!'

'કન્યાદાનમાં કેટલા રૂપિયા જોઈએ?' મેં પૂછ્યું.

'પાંચસોથી સાતસો.'

'રોકડા આપું?'

'ના, મને તમારા રૂપિયા ન ખપે! તમને પૈસાની પ્રાપ્તિ થયાની વાત આઠ દિવસ રહીને ખબર પડી અને તે પણ મારા આવી ગયા પછી બીજેજ દિવસે, એ શું બતાવી આપે છે?

'ત્યારે મારું વચન—'

'એ ખરું છે, પણ તમારા રૂપિયા તેજીમંદીના સટ્ટામાંથી પેદા થયા છે એ જાણ્યા પછી હું તે સ્વીકારું તો મારું વ્રત ભંગ થાય! તમને હું તમારા વચનથી મુક્ત કરું છું.'

'અરે! મહારાજ! હું પોતે તેજીમંદીને ધિક્કારું છું. મારો મિત્ર પણ એ સટ્ટાને ધિક્કારે છે; પરન્તુ કેવા સંજોગો વચ્ચે એ સોદો થઈ ગયો એ બધી વાત માંડીને મેં તમને કહી છે. તમે તો–આપ તો–મહાત્મા છો! મારા જેવા ગરીબપર કૃપા કરી આપને મારા રૂપિયા તો સ્વીકારવા જ પડશે!'

'દિલગીર છું. હું જોઉ છું કે મારાથી તમારા આગળ જોઈએ તે કરતાં વધારે વાત થઈ ગઇ છે. પણ આવેશ એવી જ ચીજ છે. ચાલ બેટા વીજળી! ચા આગળ'

'રહો, રહો મહારાજ! આપને [illegible]માં મારા મિત્ર મારી પણ કાંઈ બાકી રાખ્યું નથી. [illegible] આપ કોઇ પણ દિવસ મળો તો આપનાં દર્શન [illegible] કર્યા વિના [illegible] એવી [illegible] ઇચ્છા હતી. મારી કુટુંબ પણ [illegible] થશે. હજી તો મારી દીકરીને [illegible] જમાઈને આપના આશીર્વાદ પણ મળ્યા [illegible] છે. [illegible] હું [illegible] બોલાવું છું.'

'[illegible] છે.
[illegible]'

'[illegible]
[illegible] છે.'

‘ હાં, તમેય હવે [illegible] કરો ! ’

એ રેશમી કોથળી અને આ હાથ મહિં કરી. રેશમ [illegible] માં નો માધવ, કુમુદ અને ગૌરી [illegible] આવી કહે ત્યાં. અને સંન્યાસીને પગે પડ્યાં. તે સર્વને કાંઈ આશીર્વાદ આપ્યા. એ ઠિક થઈ રહેતાં હું બોલ્યો—

‘ સાહેબ, મેં તો સંન્યાસી હવે કન્યાદાન માટે આટલા રૂપિયા સ્વીકારવા ના પાડી છે. કહે છે કે એ રૂપિયા નેકદારીના કમાયેલા છે અને તે જાણ્યા પછી મેં ના એનું મન ભાગ્યું ! ’

‘ મહારાજ, એના પૈસા નેકદારીના ભલે હોય. પણ મારા તો શુદ્ધ વેપારના છે તે સ્વીકારવાની સૌ આપે કૃપા કરવી જ જોઈએ. ’

‘ બસ, તમારી માગણી તે હું માન કરીશ. ’

‘ મહારાજ ! બહુ કૃપા થઈ. મારે ઘેર ક્યારે પધારશો ? ’

‘ ના, આજ તો વખત થઈ ગયો. વળી કોઈ બીજી વખત આવીશ. ’

રેશમકાનથી માધવ જગમથી એક હજાર રૂપિયા મંગાવ્યા, તે આવી જતાં તરત સંન્યાસીને આપ્યા.

‘ કેટલા છે રાજન ? ’ તેમણે પૂછ્યું.

‘ એક હજાર ને એક ’

‘ ત્રણસો પાછા લ્યો. કન્યાદાન માટે સાતસોની જ જરૂર છે. ’

‘ બાકીના ખરચમાં આવશે. ’ માધવે કહ્યું.

‘ ના. મારી પાસે ખર્ચને માટે રૂપિયા છે. લ્યો બેસો રાજા. સર્વને મારા આશીર્વાદ છે. આજે મારી મુરાદ જેમ ફળી, તેમ તમો સર્વની ફળો, એમ આ અવધૂત બાબાજીની તે પરમકૃપાળુ પ્રભુ પાસે પ્રાર્થના છે. ’

‘ મહારાજ ! કૃતાર્થ થયા. પણ આપનું ઠેકાણું તો કહો ! ’

કદાચ મારા બચુને આપની પાસે શીખવા મોકલું તો આપ શીખવો કે નહિ!'

'શીખવવું એ તો મારો ધર્મ છે રાજા! લ્યો લખી લ્યો મારૂં 'ઍડ્રેસ.'

જોશીએ પોતાનું ઠેકાણું લખાવ્યું અને આસ્તે આસ્તે છોકરીની આંગળી પકડી ચાલવા માંડ્યું.

'મહારાજ મારી મોટર'—

'અમારી આ મોટર સલામત રહે' કહી જોશીજીએ પોતાના ટાંટીઆ દેખાડ્યા.

'જોશીજી! હવે એક જ વસ્તુ પૂછવી બાકી છે. આપને જો ખોટું ન લાગે તો!'

'વાહ પૂછો, પૂછો! માન-અપમાન તો મેં ક્યારનાંયે ફગાવી દીધાં છે.'

'મહારાજ! આપણે છે તે હું પૂછું કે આપનું આ નામ—'

'રવૈઉં કેમ પડ્યું તે કેની? હી-હી-હી-રાજા! ઠીક પૂછ્યું. મારી ફોઈ કહેતાં હતાં કે મારા ફુવા કોઈ દિવસ રવૈયા વેંગણનું શાક ખાય નહિ. કોઇ દિવસ કર્યું હોય તો મહાભારતનું યુદ્ધ જાગે. પણ મારા જન્મદિવસે ભોગજોગે રવૈયા વેંગણનુ શાક કીધેલું તે એમણે શાંતિથી ખાધેલું એટલે એ વાતના સ્મરણચિહ્નરૂપે એમણે મારૂં નામ રવૈયાશંકર પાડી દીધું. હી-હી-હી—'

ગમ્ભીરતાના સાક્ષાત સ્વરૂપ જેવા તે બ્રાહ્મણને આટલી નિખાલસતાથી હસતો જોઇ અમને પણ તેનો ચેપ લાગ્યો, અને અમેયે સૌ હસી પડ્યા. એ નિખાલસ હાસ્યનો મધુર રણકાર હજી આજેયે મારા કાનમાં ગુંજે છે અને ભૂતકાળનાં કંઇ કંઇ સ્મરણચિત્રો મારી દૃષ્ટિ સંમુખ ખડાં કરી દે છે.

દયારામભાઈ

ભક્ત કવિ દયારામભાઇના સંબંધમાં મારું જ્ઞાન છીછરું છે. એમનાં રસઝરતાં કાવ્યોનો ઉંડો અભ્યાસ હું કરી શક્યો નથી એ ખરું તોપણ એમના પરમ ભક્ત ડભોઈવાળા શ્રી નારાયણદાસ શાહની પ્રેરણાથી એમનાં કાવ્યોનો કંઇક ખરો પરિચય કરી શક્યો છું. સાંપ્રદાયિક દૃષ્ટિથી જોતાં, પહેલાં મને એમ લાગેલું કે દયારામભાઇ ઉપર પુષ્ટિમાર્ગના યશોદોત્સંગ લાલિત ભાવ કરતાં ચૈતન્ય સંપ્રદાયના દામ્પત્ય પ્રેમભાવનો પ્રભાવ વિશેષ પડયો છે. પણ દયારામભાઇના કાવ્યસંગ્રહમાં ઉંડું ડોકિયું કરી જોયું તો મને તેમાંથી મારી માન્યતામાં સુધારો કરવા જેવું ઘણું મળી આવ્યું.

ભર્તૃહરિ મહારાજની માફક દયારામભાઇએ શૃંગાર, નીતિ, અને વૈરાગ્યનાં અનેક પદો રચ્યાં છેઃ અને તેમાં એમણે પોતાનો આત્મા એવો ઓતપ્રોત કરી દીધો છે કે એ જે રસ વર્ણવે છે તે વખતે જાણે એ પોતે સાક્ષાત એ રસનો આસ્વાદ લેતા હોયની એવો ભાસ થયા વિના રહેતો નથી. આનું કારણ દયારામભાઇને તે તે રસને અનુકૂળ ભાષા તથા ભાવો સુસાધ્ય હતા એમ કહી શકાય. કારણ કોઈ પણ કવિ કે લેખક પાસે, પોતે જે રસની જમાવટ કરતો હોય તે રસને અનુકૂળ ભાષા તથા ભાવોનો ભંડોળ ન હોય તો તે રસ તે સરસ જમાવી શકતો નથી અને એ રીતે તે નિષ્ફળ નીવડે છે. કરુણરસની ભાષા તથા ભાવો જેમ હાસ્યરસને અનુકૂળ નથી તેમ

બીજા પ્રત્યેક રસને માટે પણ સમજી લેવું. આ વાત નજર સામે રાખ્યા વિના પોતાના ટકોરખાનામાં ટીકાનાં નગારાં ગગડાવવા મંડી પડનાર નગારચી બસૂરો થયા વગર રહેતો નથી.

દયારામભાઇએ ભગવદ્‌ગીતા મહાત્મ્ય પદ્યબદ્ધ લખ્યું છે. એમણે નીતિભક્તિ ઉપર પોતાની કલમ ચલાવી છે, એમણે નીતિવૈરાગ્ય ગાયો છે. હિંદુસ્તાની ભાષામાં સતસૈયા અને શૃંગારનાં પદો ખીલવ્યાં છે. મરેઠી ભાષામાં યે એમની વાણી વહેવડાવી છે પણ ગરવી ગુજરાતણોનાં હૃદયમાં એમની ગરબીઓએ જે સ્થાન લીધું છે તે સ્થાન એમનાં બીજાં કોઇ પદોએ ભાગ્યે જ લીધું હશે, અને એ વાતે ખરી કે દયારામભાઈ જેવા ગરબીમાં ખીલ્યા છે તેવા મારા નમ્ર મત પ્રમાણે બીજામાં ખીલ્યા યે નથી–ખીલ્યા નથી એનો ઉંધો અર્થ રખે કરતા ! ઉચ્ચ પ્રેમની મધુરપ અને જ્ઞાનની શુષ્કતા વચ્ચે જે ભેદ રહ્યો છે તેવો ને તેટલો ભેદ એમની ગરબીઓ અને બીજાં કાવ્યો વચ્ચે રહેવાનો જ. કવિવર ન્હાનાલાલ જેને ગરબીસમ્રાટ્‌નું બિરુદ અર્પે તેને માટે હું કહી કહીને બીજું વધુ તે શું કહેવાનો હતો ?

દયારામભાઇની કલ્પના એમની ગરબીઓમાં અને પદોમાં કોઇ કોઇવાર તો એવી ઉંચે ઉડે છે કે દૈવી પ્રેરણા સિવાય એવી કલ્પનાનાં ઉડ્ડયનો અશક્ય જ લાગે. માનવસ્વભાવની એમની મીમાંસા મનોહારિણી છે, તેટલું તે ભાષા પરનું એમનું પ્રભુત્વ આશ્ચર્યજનક છે. બ્રિટીશ ગુડઝ બોયકોટના પોકારો તો આપણે ઘણા સાંભળ્યા પણ દયારામભાઇ એક ગોપી પાસે 'બ્લેકીશ ગુડઝ બોયકોટ' શ્યામ રંગનો બહિષ્કાર કરાવતાં ગવડાવે છે:—

શ્યામરંગ સમીપે ન જાવું મારે આજ થકી,
શ્યામરંગ સમીપે ન જાવું.
જેમાં કાળાશ તે સહુ એકસરખું,
સર્વમાં કપટ હશે આવડું—મારે૦

કસ્તુરીની બીંદી ને કરૂં નહિ કપાળે,
કાજળ ના આંખમાં આંજનું—મારે૦
કોયલનો શબ્દ સુણું નહિ કાને,
કાગવાણી શકુનમાં ન માનું—મારે૦
નીલાંબર, કાળા કંચુકી ના પહેરૂં,
જમનાના નીરમાં ન નહાનું—મારે૦
મરકટ મણિ ને મેઘ દૃષ્ટે ના જોતા,
જાંબુ વંત્યાક ના ખાનું—મારે૦
દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો,
પણ મન કહે જે પલક ન નીભાવું—મારે૦

વાહ! વાહ! પટારાના પટારા ભરી વિલાયતી કાપડ ઘરમાં ખડકાયલું હોય અને પગની અણીથી તે માથાની અણી સુધી વિલાયતી સ્વાંગ સજ્યો હોય છતાં લાગણીવશ સ્મશાનવૈરાગ્ય સેવનાર લેડીઝ તથા જેન્ટલમેનને 'બોઈકૉટ ગુડઝ બોયકોટ'ની બાંગ મારતાં આપણે શું નથી સાંભળ્યાં? આ બિચારી ગોપીબાઈની પણ એ જ દશા છે. હું તો માનું છું કે આ 'બ્લેકીશ ગુડઝ બોયકોટ'નો 'મુખે નીમ' લેનાર બાઈજીએ કસ્તુરીની બીંદી પણ કરી હશે અને આંખમાં કાજળ પણ આંજ્યું હશે. કદાચ એણે કોયલનો શબ્દ સાંભળીને જ બાધ લેવાય, નહિ તો અપશુકન થાય એવું 'કોકિલા વ્રત' પણ લીધું હોય: એની કાંચળીનો રંગ કાળો હોય અને તે પણ યમુનાનાં શ્યામ ઘેરાં પાણીમાં હમણાં જ નાહી એ કાંચળી પહેરી લીધી હોય; વધારે શું! એ કદાચ જાંબુ ખાતા ખાતા જ આ નિયમ મુખેથી કહેતી હોય: અને વંત્યાક! 'સુરતી' રવૈયા નહિ તો અમદાવાદી 'ટેમચાં'; ગમે તે જાતનાં રીંગણાનું શાક તો એને પ્રિય હોય તે રાતના જ એ બિચારી તે શાક ખાવાની હોય. હા! —

કદાચ ઉપરની કાળી છાલ ઉતારી વેંગણ્ આરોગવાની હોય તો એનો નિયમ પળે ખરો !

આ બધી કાંઈ મારી કલ્પના નથી. એ પોતે જ કહે છે કે

દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો,
પણ મન કહે જે પલક ન નીભાવું.-મારો૦

માનવસ્વભાવનો ઉંડો અભ્યાસ દર્શાવતી દયારામભાઇની આ કાંઈ એક જ ગરબી નથી. સાદી, સચોટ અને હૃદયના ઉંડાણમાં સોંસરી પેસી જાય એવી રમ્ય ભાષામાં દયારામભાઈની તો આવી આવી અનેક ગરબીઓ છે.

એક લેખકે પુષ્ટિમાર્ગને સુફીઈઝમ સાથે સરખાવતાં એવી મતલબનું લખ્યું હતું કે એ માર્ગ તલવારની ધારપર ચાલવા જેવો છે. એમાં જો જરા ચુક્યા તો લપસી પડતાં વાર નથી લાગતી. આવું અનુમાન એમણે શા પરથી બાંધ્યું હશે તે તો એ પોતે જાણે કે પ્રભુ જાણે, પણ દયારામભાઇની ગરબીઓ ઉપરથી એ ભાઇએ પુષ્ટિ-માર્ગનું તત્ત્વ ઝીલ્યું હોય તો તેમાં ગેરસમજ થવાનો પૂરો સંભવ છે. દયારામભાઈ પુષ્ટિ સંપ્રદાયનું અણમૂલું રત્ન છે; પણ એમની ગરબી-ઓમાં તો ચૈતન્ય સંપ્રદાયની છાયા જરૂર પડી છે એમ મારો નમ્ર મત છે; શરાબ, સાકી અને મયખાના જેવા શબ્દો દયારામભાઇને પોતે બ્રાહ્મણ—અને તે પણ વૈષ્ણવ નાગર બ્રાહ્મણ—હોવાને લીધે કદાચ પાણીના કોગળા કરી નાંખવા જેવા લાગ્યા હોય અને તેથી તે એમણે પોતાની ગરબીમાં ના વાપર્યા એમ કદાપિ કોઇનું કહેવું માની લઈએ તો પણ સુફીઈઝમમાં ભકત આશક છે અને ઈશ્વર માશુક છે, ત્યારે દયારામભાઇનો ભાવ એથી ઉલટો જ છે; પોતે પ્રિયા છે અને શ્રી કૃષ્ણ પ્રિયતમ છે, આ ભાવ ચૈતન્ય સંપ્રદાયનો છે. પુષ્ટિમાર્ગનો ભાવ તો શ્રી બાલકૃષ્ણ પ્રત્યે યશોદામૈયાનો સરળ અખંડ, નિર્દોષ અને નિષ્કામ એવો વાત્સલ્ય ભાવ છે. પ્રેમના અનેક ભાવો પર

મેટો અભિપ્રાય આપનાર એવો તે હું કોણ? પણ દાસભાવ, સખ્યભાવ, દાંપત્યભાવ અને વાત્સલ્યભાવમાં—નિદાનમાં નિર્દોષ પ્રેમ, વાત્સલ્યમાં આગળ થાય છે એવો ભાગ્યે જ મન હોવાને લીધે પુષ્ટિમાર્ગમાં લપસી પડવાનું સ્થાન ક્યાંય નથી, એટલી વાત પ્રથમ પાકી છે તો હું કહી શકું! દયારામભાઈની ભક્તિનો • ઉત્તમ શૃંગાર રસ પણ ઉચ્ચ કોટિનો છે છતાં એનાથી આગળ જનારને કવિવર ન્હાનાલાલના જ શબ્દોમાં હું ઉત્તર આપીશ. 'કવિતાના ૯ રસ છે; ભક્તશિરોમણિનો ૧૦ મો પાયો તે પ્રેમલક્ષણા ભક્તિ. નવે રસથી પર અને એ સૌની ઉપર અલગ પ્રકારની ચાંદની ટાગને પ્રેમ-લક્ષણા ભક્તિરસ: એને શૃંગાર કહેવો એ ભૂલ છે: તે ક્યાંક શૃંગારમાં જાય છે, પણ એના સર્વોત્તમ સ્વરૂપમાં તે શૃંગાર રસ નથી. તેની પરમ કોટિને શૃંગાર કહેવો એ સંન્યાસીને શૃંગાર કહેવા બરાબર છે.'

આ તો કવિવર ન્હાનાલાલનો જવાબ. દયારામભાઈના પોતાના વખતમાં એમની આ પ્રેમલક્ષણા ભક્તિને, પોતાને લીસે કાટસે જોખી એમની કોમ ભાઈએ ફેંટ નહિ પાડી હોય એમ નહિ! મારી કલ્પના તો એવી છે કે એમની—

'સાંભળ રે તું સજની મારી,
રજની ક્યાં રમી આવી જી;
પરસેવો તુંને ક્યાં વળ્યો,
તારી ભમ્મર ક્યાં ભીંજણી માચું' બોલોજી.

એ આખી ગરબી સાંભળી છેવટે—

મારે એવી પ્રતિજ્ઞા જે,
પર પુરુષ ભાઈ બાપ છે
દાસ દયાના સ્વામીને ભજતાં,
ભવની ભાવટ જાય—સાંભળ સજનીજી.

એમ શીખામણોને [illegible] બોલ [illegible] એમને [illegible] ઠેકડાળીને હસ્યાં પણ ખરાં: 'ફનિશ્ચય થઈ ગયા! પણ 'ગ્રાસ' જેવું કામનું નહિ.'

એટલે જમાનામાં દયારામભાઈની સાસુ વહુનો સંવાદ જેવી કઢાશે એમ તો ના કહેવાય નહિ. એમાં સાસુજીને આરેખમ ટીકાકારના એટલે પાટલે બેસાડીયું ને દયારામભાઈને વહુજીને પદે સ્થાપીયું. પંડુરિયા ફરાયાં જેવા આપણે સાસુજી વહુજીને સાફ સાફ ભાષામાં શીખામણ આપે છે ને વહુજીનો પ્રત્યુત્તર પણ કાંઈ ઓછો 'બ્લન્ટ' (Blunt) નથી! સાંભળો સાસુજી શીખામણ દે છે:—

શીખ સાસુજી દે છે રે,
 હે વહુજી રહો ઢંગે;
આવડો શો આસંગો રે,
 શા મ ળી આ ની સંગે.

વા ટે ને ઘા ટે રે,
 વળગો છો વાતે;
કહ્યું કોઈનું ન માન્યું રે,
 દીઠું મારી જાતે.

વ હુ વા રૂ માણસ રે,
 ડાહ્યાં બહુ થાશો મા;
જળ ભરવા એકલડાં રે,
 આજ પછી જાશો મા.

અલબેલો આ શેરી રે,
 આવે વહુ તમ માટે;
તમો તેને કાજે રે,
 જાવો જમના ઘાટે.

અનુરાગો લગાગી રે,
અરે હું જાણું;
એ દહાડો નથી કહેતી રે,
આજ મુખે આણું.

સામટિયામાં રહેવું રે,
ત્યારે એમ નવ કરીએ;
તમો તો થયાં નિર્લજ રે,
અમો લાજ મરીએ.

હું તો મુખેમુખ કહું છું રે,
લોકો પૂંઠળ કહે છે;
આડોશી ને પાડોશી રે,
અમે બેઠા રે છે.

વિવેક વાત કરતાં રે,
વહુજી દુઃખ નવ ધરશો;
કમાના પ્રભુ કેરી રે,
સંગત હવે નવ કરશો.

હવે વહુજીનો પ્રત્યુત્તર સાંભળો; સાસુજીનું કાચું એરંડિયું પીધાં જેવું કરી નાખે એવો તે છે!

(એવાં વચન સુણીને રે, વદ્યાં વળતાં વહુજી)

ગંગાજળ સરખાં રે,
હો સાંભળો સાસુજી;
જેના મનમાં જેવું રે,
તેવું તે તો દેખે.

ગાતાં ને નરતાં રે,
ગોપા ગરબામાં ગોપે;
કરો છો તેમાં ત્યાગો રે,
ત્યારે એમ મૂકે છે.

કોણ પ્રભુમાં શો દીઠો રે,
જેને જગ પૂજે છે;
હવે વાંક ન મારો રે,
કરું છું કહ્યા પૂરે.

એમાં કાંઇ નથી સાચું રે,
એ ગત સરવે જુઠી;
જેમ ખુંદી ખમું છું રે,
નચાવી નાચું છું.

તોયે પૂરના મૂકી રે,
ત્યારે જાઓ સાચું છે;
હવાં તો નીત જાશું રે,
શામળીઆની સંગે.

વૃંદાવન ઘાટે રે,
સદા રમીશું રંગે;
મન ભાવે તે બોલજો રે,
કહેવાયે તે કહેજો.

તમારા કહ્યા ઉપર રે,
જાઓ નિત્યે કરશું;
દયાનો પ્રભુ ભજવો રે,
કોઇથી નવ ડરવું.

આ જવાબ દયારામભાઈનો.

પણ દયારામભાઈના ટીકાકારોના આક્ષેપો અમર રહેવા નથી સરજ્યા. પ્રકૃતિએ કદી તે અમર રહે તો, દયારામભાઈનાં ભજનો ઉપરનો આ જવાબ તો તેથી ય વધારે અમર રહે એવો છે, અને એ રસરાજનાં કાવ્યોના ભર્યો પુણ્ય ભંડારમાંથી શું લૂટીએ અને શું જતું કરીએ ! જ્યાં સુધી એ પ્રેમભક્તિને ઝીલી, ઉતરી શકે એવાં હૃદયો છે ત્યાં સુધી આ રસિક પ્રશ્ન અનુત્તર જ રહેવાનો. ભાવે તેમ માણો.



હાજી મહમ્મદ [illegible]

પૂજ્ય શ્રી નરસિંહરાવની સાથે એક વખત જ્યારે પ્રસંગ પ્રાપ્ત થયો. વાતમાં વાત નીકળતાં એમણે મને પૂછ્યું, 'હાજી મહમ્મદને મળ્યા છો?'

મેં કહ્યું, 'ના જી.'

એમણે કહ્યું, 'અરરર! જરૂર મળજો. મળવા જેવા માણસ છે.'

ત્યાર પછી સ્વભાવના અતડાપણાને લીધે કે બહુ આગળ આવવાની અનિચ્છાને લીધે કે પછી દૈવવશાત્ હું તેમને મળી શકેલો નહિ. એક દિવસ રા. શયદા અણધાર્યા મારે ત્યાં આવ્યા અને મને પૂછ્યું 'હાજી મહમ્મદ તમને યાદ કરે છે! આવશો?'

'વાહ! શા માટે નહિ? જરૂર ચાલો' મેં ભારે ઉત્સાહથી કહ્યું. શેઠે સૂચના કરી હશે કે એ 'જાગીરદાર' ને ગાડીમાં 'નાંખીને' લાવજો એટલે અમે વિક્ટોરીઆ કરી 'વીસમીસદી'ના કાર્યાલયે પહોંચ્યા. 'હાજી મહમ્મદ તો મારા પિતા જેવા છે. એમણે જ મને ધંધે ચડાવ્યો. આજે હું જે કાંઇ છું તે એમના જ પૂર્ણપ્રતાપે' આવા ભાવાર્થનું રા. શયદાએ રસ્તામાં કહેલું મને સ્મરણમાં છે.

પૂજ્ય શ્રી નરસિંહરાવ જેને મળવાનો આગ્રહ કરે અને રા. શયદા જેને માટે આટલી લાગણીથી વાત કરે તે નરને હારૂન-અલ-રશીદ જેવા દિલાવર ગણવામાં અતિશયોક્તિ હોય, તોપણ તે સામાન્ય

કોટિના મનુષ્ય તો નહિ જ હોય એમ મારે મન રસ્તામાં શાખ પૂરતું હતું.

અમને 'વીસમી સદી'ના દાદરે ચઢતા સાંભળી સદરા પર કોટ ઓળવતા ઓળવતા હાજી મહમ્મદ દાદર આગળ આવ્યા અને હું દાદરનું છેલ્લું પગથીયું ચઢી રહું ત્યાં તો એમના પ્રેમાળ પંજામાં મારો કંઈક અંશે 'લેડી સાઇઝ' નાજુક હાથ સપડાયો.

'કેમ છો?' 'ગુસ્સે લાગો છ?' 'ઘણે દિવસે!' 'વાહવાહ! 'વીસમી સદી'એ આમણ પાડ્યા એટલે તમે તો હવે 'સદી'ને ભૂલી બીજે ભળતે જ ઠેકાણે લેખો ઠોકતા થઇ ગયા! એમ મીઠી વાતો કરતા એ મને 'સદી'ના વાતાવરણથી પૂર્ણ અને જેમ અશોક વૃક્ષ પર તેનાં પાંદડાં શોભે તેમ દીવાલ પર સુંદર છબીઓથી શોભતા 'વીસમી સદી'ના મુખ્ય કાર્યાલયમાં લઇ ગયા. એક ખુરશી પર કાર્યાલયના કોઇ માણસ અને બીજી પર એમના ન્હાના ચિરંજીવી બેઠા હતા.

'ઓળખ્યા? આ કૂઇબાના લેખક' તે ભલા માણસે મારી ઓળખ કરાવી! બન્ને ભાઇઓ હરણની કાડેલી આંખે મને જોઇ જ રહ્યા. 'યે ક્યા! હાસ્યરસના લેખક! વલ્લાહ! કુછ ન કુછ 'લેખકમેં' ભૂલ હો ગઈ હોગી!' એ લોકોના મોં પરથી કાંઇ આવો ભાવ એ લોકોના મનમાં હશે એમ મને લાગ્યું!

'લગ્ન કરી આવ્યા? તમારી કંકોત્રી મળી હતી!' હું ખુરશી પર સ્વસ્થ બેઠો એટલે હાજી મહમ્મદે પૂછ્યું.

'હાજી! બહુ વિચિત્ર સંજોગોમાં!'

'તે કેમ!'

'મને એક પુત્ર અને એક પુત્રી હોવાથી ફરીથી પરણવાની અનિચ્છા છતાં એક સંજોગ બહુ વિચિત્ર બન્યો. સગાંઓ અને

મિત્રોના [illegible] એ બાબતમાં [illegible] જ્યાં એક વખત તેમને આપેલું: પરન્યાતમાંથી વગર પહેલે કન્યા મળશે તો પરણીશ, એમ મેં કહેલું !

મને [illegible] ઉંડો માની સ્નેહીઓ ચૂપ બેઠા. એટલામાં [illegible] [illegible] ફરી [illegible] [illegible] : '[illegible]માંથી વગર પહેલે ન મળે ત્યારે પરન્યાતમાંથી તો ક્યાંથી જ ?'

' પણ મારી પાસે પહેલાના ને પરણવાના પૈસા જ ક્યાં છે ?' મેં પૂછ્યું.

' ફીકર શી છે ! આવું બોલે છે, ત્યારે અમને શરમ લાગે છે. તું માત્ર પરણવાનું કબુલ કર.' એવું સ્નેહીએ કહ્યું.

' ઠીક છે ! પણ પહેલું તો નહિ જ ભરી શકું. મારી પાસે પૈસા નથી અને મારે જાણી જોઈને દેવું કરવું નથી.' એટલામાં પરન્યાતના એક પ્રતિષ્ઠિત કુટુંબનાં ગ. સ્વ. બાઈએ પોતાની દીકરીઓ પરન્યાતમાં આપવાની હિંમત કીધી ! મારી બાબતમાં તો એમણે પહેલુંએ માફ કીધું ! પણ બીજું કાંઈ જાણો છો ?' મેં હાજી મહમ્મદને પૂછ્યું.

' ના ભાઈ !'

' એ પ્રતાપ ' વીસમી સદી 'ના ફોઈબાની વાત મારા સ્વર્ગસ્થ સસરાજી તેમજ કુટુંબનાં સર્વ જણાંએ વાંચી હતી અને એક રીતે તો ત્યાં મને ફોઈબાએ જ ' ઇંટ્રોડ્યુસ ' કીધેલો, એમ કહું તો ચાલે.' મેં આમ કહ્યું, એટલે હાજી મહમ્મદ ઉત્સાહમાં આવી બોલ્યા : ' ભાઇસાબ, ત્યારે તો અમારૂં કમીશન જરૂર મોકલી આપશો.'

અમે સૌ હસ્યા. વાત પલટાવી મેં પૂછ્યું: 'સદી'ની આર્થિક સ્થિતિ મેં બહુ કફોડી ગણી છે.'

'ખરેખર! એમજ છે.' કરમાઈ ગએલ ચહેરે, પણ શાં
કમનાં તેમણે કહ્યું. 'શું કરતું. એ સુઝતું નથી. હાલ તો 'લોન
કઢાવવાનો વિચાર રાખ્યો છે; એટલે 'સદી' તો ચાલુ રહેશે, પણ
રહેતું કે ચિન્તા એ એમાંથી કાંઈ પણ ઘટશે નહિ.'

'ભગવાન મહાન છે! હું કાંઈ કરી શકું!'

'તમે લેખ આપજો: ઉપરટે, દર માસે સદી માટે અભિપ્રાયનો
એક કાંઈ પણ લખશે.'

આ કામ, મારી યોગ્યતા કરતાં વિશેષ હતું. મેં ધાર્યું હતું, કે
એ મને 'લોન' સંબંધમાં કાંઈ કહેશે, પણ એવું કાંઈ નહિ કરતાં
એમણે એક લેખ માગ્યો, એટલે હું ભારે અજાયબ થયો! શો
દિલાવર માણસ!

મારી 'જાગીરદારી'પર, કંઈક માણસોને પ્રથમ મોહ થયેલો
મેં જાણ્યો છે. પણ તેમણે મને મારી ગેલેરીમાં ઝાડુ કઢાવતો, કે
કબૂતરની અપાર સાફ કરતો જોયો, અથવા મારા ઘરનું પાણી મારા
હાથે ભરતાં સાંભળ્યો, કે તરત જ મારી 'જાગીરદારી'પરથી તેમનો
મોહ કપુરની માફક ઉડી ગયેલો એ મેં જોયો છે! એક ગૃહસ્થે તો
પૂછેલું: 'તમારી પાસે 'જાગીર' ખરી કે ખાલી અટક જ છે!!'

'ઘણાંથી હવે એક જાગીરી ગામ રહ્યું છે. કેટલાક કારણસર
હું તેની આવક લેતો નથી. આવક લઉં તોયે તે એટલી નજીવી છે,
કે દરબારી ઠાઠથી હું રહી શકું એમ નથી!' પ્રશ્નની મતલબ સમજી
જઈ મેં જવાબ દીધો!

'Oh! I see!' તે કંઈક બબડયો.

હાજી મહમ્મદે જ્યારે 'લોન'ને બદલે લેખની જ માંગણી કરી,
ત્યારે મને લાગ્યું કે એમને મારી જાગીરદારીનો મોહ નથી અથવા

મિત્રોના આગ્રહને એ બાબતમાં તરછોડેલો છતાં એક વચન તેમને આપેલું: પરન્યાતમાંથી વગર પલ્લે કન્યા મળશે તો પરણીશ, એમ મેં કહેલું!

મને અતિશય જિદ્દી માની સ્નેહીઓ ચૂપ બેઠા. એટલામાં પુત્રનું અવસાન થયું; ફરી દબાણ ચાલુ થયું: 'ન્યાતમાંથી વગર પલ્લે ન મળે ત્યારે પરન્યાતમાંથી તો ક્યાંથી જ?'

'પણ મારી પાસે પલ્લાના ને પરણવાના પૈસા જ ક્યાં છે?' મેં પૂછ્યું.

'ફીકર શી છે! આવું બોલે છે, ત્યારે અમને શરમ લાગે છે. તું માત્ર પરણવાનું કબુલ કર.' એવું સ્નેહીએ કહ્યું.

'ઠીક છે! પણ પલ્લું તો નહિ જ ભરી શકું. મારી પાસે પૈસા નથી અને મારે જાણી જોઈને દેવું કરવું નથી.' એટલામાં પરન્યાતના એક પ્રતિષ્ઠિત કુટુંબનાં ગં. સ્વ. બાઈએ પોતાની દીકરીઓ પરન્યાતમાં આપવાની હિંમત કીધી! મારી બાબતમાં તો એમણે પલ્લુંએ માફ કીધું! પણ બીજું કાંઈ જાણો છો?' મેં હાજી મહમ્મદને પૂછ્યું.

'ના ભાઈ!'

'એ પ્રતાપ 'વીસમી સદી'ના. ફઈબાની વાત મારા સ્વર્ગસ્થ સસરાજી તેમજ કુટુંબનાં સર્વ જણાંએ વાંચી હતી અને એક રીતે તો ત્યાં મને ફઈબાએ જ 'ઈંટ્રોડુસ' કીધેલો, એમ કહું તો ચાલે.' મેં આમ કહ્યું, એટલે હાજી મહમ્મદ ઉત્સાહમાં આવી બોલ્યા: 'બાઈસાબ, ત્યારે તો અમારું કમીશન જરૂર મોકલી આપશો.'

અમે સૌ હસ્યા. વાત પલટાવી મેં પૂછ્યું: 'સદી'ની આર્થિક સ્થિતિ તો બહુ કફોડી લાગી છે.'

'ના, ના; કંઈ તેમ તો નહિ જ. કંઈ નિખાલસ અને
ગંભીર, એમ બે છેડે અડવા ન જતા, મેં સુચવેલા મધ્યમ
કરું, એમ હું કહું છું. અમારા હરિપ્રસાદ ભટ્ટ છે' મસ્તી
ઉતના પૃથ્વીમાં મશ્કરી કરવું લાગે તો તે પર હાસ્ય રેમમાં
કરી અમને હસાવવા માટે છે! અમારા ઠક્કર છે' કન્સાન પણ એવા
છે. અમારા તત્ત્વોના ભાર્ગ મંત્રી, ભટ્ટ બહેરામજી મેહરીસ ધરાર
પારસી દાક્તર છે. 'મંગળના મુસાફરો' લખવા તો એવણ 'હેની
ગાર્ડન' પહોંચેલા! કારણ એમના જેટલી બહોળી રોગપ્રથાવાળા માણસ
દવાખાને કે ઘેર બેઠા નિરાંત લખી શકે નહિ! અને અમારા ઓલીઆ
જેથી! કદી એમનો લેખ વાંચતા કંટાળો આવે છ!'

'કદી નહિ. 'મંત્રી'ના તમજ ઓલીઆ જોષીના લેખો મેં
પીછાણ્યા છે! કોઈ કોઈ વાર તો ધુમ્મા આવે એવું લખે છે!' મેં કહ્યું.

'આવા લેખોનો હેતુ બહુ ઊંડો ન હોય તોય આપણા ગંભીર
થઈ જતા જીવનમાં નિર્દોષ હાસ્ય પૂરી, જીવનનો બોજો કંઈક અંશે
આવા લેખો હળવો કરે છે; એટલો જ હેતુ શું ઇચ્છવા યોગ્ય નથી?'
નાઉએ પૂછ્યું.

'ખરેખર.' હું બોલ્યો.

'પણ હાસ્ય રસ માટે તમારું મંતવ્ય શું છે તે કાંઈ કહેશો?
હાઉ મહમ્મદે અચાનક પૂછ્યું. આ પ્રશ્ન માટે હું તૈયાર નહિ હતો,
છતાં વિચાર કરી હું બોલ્યો—જેમે તેવા સમર્થ છતાં કોઈ પણ પક્ષ
કે વ્યક્તિને હાડોહાડ લાગી જાય, એવા કટાક્ષમય હાસ્ય કરતાં, હું તો
નિર્મળ છતાં નિર્દોષ અને જેને માટે હાસ્ય લખાયું હોય, તે પોતે
પણ તે વાંચી હસી શકે એવા હાસ્યરસ (humour) પસંદ કરું છું.
તીર જેવા સોંસરા પેસે એવા નિર્દય કટાક્ષ લખાણ (satire)માં હું
માનતો નથી. એમાં પણ કે વ્યક્તિ પરત્વે દ્વેષ ...

[illegible] હશે! હું તો પહેલેથી જ [illegible]

'પછી આ આર્થિક સ્થિતિ સંબંધીના ટૂંકા વાત બદલી, હાજી મહમ્મદ બોલ્યા. 'આપણાં ગુજરાતી માસિકો મરવાને આળસે જીવે છે, એનું કારણ જાણ્યું છે!'

'ના જી, હું 'જર્નાલીસ્ટ' નથી.'

'એ માસિકોને 'જ્ઞાનના કેના ગભીરાં રહસ્યો પર કોઈ અગમ્ય ભાષામાં લખ્યા કરવું છે! દુર્ગમ પ્રદેશમાં ઉડ્ડયન કર્યાં કરવું છે! ભારે ભારે સંસ્કૃત શબ્દોમાં વાણીના વિલાસો ખેલવા છે! બિચારો વેપારી વર્ગ કે સાધારણ ભણેલા માણસ આવા લેખો સમજી શકે નહિ અથવા એમાં એને રસ પણ ન પડે, ત્યારે એ માસિક લઈને કરે શું? હા, એવા લેખો બીલકુલ ન જોઈએ, એમ મ્હારૂં કહેવું નથી. માસિકમાં એક બે એવા લખો હોય તો વિદ્વાનોને ઠીક પડે; બાકી તો રસિક વાર્તાઓ, નિર્દોષ હાસ્ય રસના લેખો, ચાલુ બનાવો તેમજ જાણવા ને જોવાલાયક સ્થળોનાં રસભર્યાં વર્ણનો વગેરે, લોકો ઉમંગથી વાંચી શકે, એવી ભાષામાં લખાયાં હોય તો હું ખાત્રીથી કહું છું, કે માસિકો કે પત્રો લોકપ્રિય થયા વગર રહે જ નહિ. પારસી માસિકો જુઓ: એ લોકોમાં તો દીકરી બાપની પણ મીઠી મજાક કરી શકે છે!'

'આપ એમ તો નહિ જ કહેવા માગતા હો કે પારસી માસિકોમાં—

'વરસાદના દાડરામાં ગગરેચ ગગન
તે જોઈને છગનનું મન થાએચ મગન!'

એવો એવો મસાલો આવે છે, તે પણ આપણે ચલાવી લેવો?' મેં પૂછ્યું.

'ખરું જાણવા કરતાં ધાર્યાનું તો જણાતું જ નહિ, હો, ભાઈ!' દાજી મહમ્મદ ઉભા થતા થતા બોલ્યા.

'દાજી! નહિ જ હું.'

મનમાં અનેક તરંગોના આવતી મોટ ભતુભરનો ફેર આવ્યો. ઈશ્વરે મને લખપતિ બનાવ્યો હોત તો! તો શું! કદાચ તે લખને એ પેલું 'હૃદય' ગણતું જ ભૂલી ગયો હોત! એટલે 'ગરીબ'ની દશા તો આજે છે, તેવીજ રહી હોત! કદાચ માણસ લખપતિ બને રહ્યો, પણ 'હૃદય' વિના એ 'લાખો'નો ઉપયોગ શો? અથવા દાજી મહમ્મદ જેટલી હસારતના સાથે મુસલમાન કોઈ ખોજા કુટુંબમાં જન્મ્યા, તે કરતાં તેટલી જ કસાયતના સાથે કોઈ 'અમદાવાદી વાણીઆ'ને ત્યાં ઉતરી પડ્યા હોત તો! તો–કદાચ 'વીસમી સદી'ની હસ્તિ જ હોત નહિ! પ્રભુની વ્યવસ્થાપર સુધારો સૂચવનાર માનવીની અલ્પતા તો જુઓ!

ઉપલા લેખમાં શેઠ દાજી મહમ્મદ સાથે અક્ષરશઃ આમ જ વાત થયેલી, એમ વાચનાર ભલા ન માને. વાતની દિશા તો એ જ હતી, એમ કહું, ત્યારે વાંચનાર તે વિશ્વાસથી માનશે, એટલે હું શ્રદ્ધા રાખું તો તે શું વધુ પડતી છે?

[illegible] જ્યાં, [illegible] એમાં આનંદ હોય છે. [illegible] છે, ત્યારે બીજાને ખરેખર [illegible] છે, એમાં [illegible] દેખાય છે અને [illegible] જોઈને [illegible] થવાને બદલે [illegible] છે.' હું બોલી રહ્યો એટલે એમણે કહ્યું 'આમાં આપણે મતભેદ પડશે.'

'હું ખુશ છું. મારી ભૂલ હોય તો તે સુધારવા આપને હંમેશાં વિનંતિ છે.' મેં કહ્યું.

'હશે! એ ઉપર બીજી વખત વાત!'

મેં જોયું કે એવણ વાદ કરવા નહિ માંગતા હતા. એમણે વાત બદલી: 'વારૂ, હાસ્ય રસ પર કોનાં ચિત્રો તમે પસંદ કરો છો?' એમણે પૂછ્યું.

'રા. રાવળનાં! એનાં બીજાં ચિત્રો માટે ભલે મતભેદ હોય પણ હાસ્ય રસનાં ચિત્રો દોરવામાં હું એને અદ્વિતીય માનું છું. એક વાત કહું. 'કૃષ્ણામાં' મકનકાકાની મુંબઈ જવાની તૈયારીમાં, જે ગૃહસ્થના 'અવતાર' પરથી મેં મકનકાકાનો ડ્રેસ કલ્પેલો, તેજ ગૃહસ્થ આબાદ ચિત્રાયલા દેખી, બે ત્રણ મિત્રોએ પૂછેલું: 'આ મીસ્ટર અહીં ક્યાંથી આવ્યા?' ખરેખર, લેખકના ભાવ સાથે તાદાત્મ્ય સાધવા ચિત્રકારમાં અસાધારણ શક્તિ જોઈએ છે. એ શક્તિ કોઈ વિરલ ચિત્રકારમાં જ હોય. એવાં ચિત્રો એનાં એક બે નથી; અનેક છે. શ્રી પુરૂષોત્તમ તેમજ રા. ગોરક્ષકર પણ હાસ્યરસનાં ચિત્રો ઠીક દોરે છે (આજે હું રા. પંડિતને પણ એ બાબતમાં પ્રવીણ માનું છું. તે વખતે ચિત્રકાર પંડિત 'ગર્ભ'માં હતા.)

આખરે બીજી ત્રીજી વાતો કરી જીવનમાં ગાળેલી આ ઘડીઓને ધન્ય ગણી હું ઉઠ્યો.

નિર્માલિક મારા નંગીપણા દોષ નીકળ્યું હતું. તે અકદે દેહ આવ્યું
પણથી ટીકો 'અનર્થ' કરી કામ કેમ' કર્યાં મારા ૧૨ વર્ષે કોઈ
ખરાબ અનેક 'ખાટી નીપણી' સાંભળી હતા! એક નિર્ણયે તે
મને રોજ નાખવાનું જ એક નવાઈ પ્રસંગ અનુભવ્યું. એમને
અનિષ્ટ વાતાવરણના અભ્યાસથી મને એ બાબતમાં એવી તો
'આરંભ' પછી અથવા કે જેમની કેળવણીમાં કંઈક ટીખ મારા
સંયમની એટીથી વધુ આગળ આવવા પામી નહિ. પણ જેમની
અનુકૂળ રીતથી દો-ચાર્દું જ કામ કર્યું–આદમ–મને જરા કોઈ કેળ
વખત 'મગો' જરૂર લાગી અને 'કેમ્પ'ની વાતને માટે
સુરભાષીથી નરસિંહરાવની કદર 'માખણ' લાગી ત્યાર એવી તો
હતીજ, પણ એ કદરથી મને 'માખણ' કરવાં આપવું વધારે લાગ્યું.

દોઢ વર્ષની નાની વયનો મૂકીને પિતાશ્રી અંત પામેલા હોવાથી
એમના નામનું સંસ્મરણ કરનાર કોઈપણ ગૃહસ્થ પાસે એમના સંબંધી
નજીવીમાં નજીવી બાબતની વાત કઢાવ્યા વગર હું છોડતો નહિ. પિતાશ્રી
બાબતની વાતો સાંભળવાનો મને મારે રસ હતો અને હજી છે. જુના-
ગઢમાં બાહુદ્દીન કોલેજના પ્રીન્સીપાલ તરીકે તેમજ રાજકોટમાં મી.
મેકનાટનના વખતમાં શ્રી આત્મારામ પાંડુરંગ તરફની જગ્યાએ થોડા
સમય માટે રાજકુંવર કોલેજના વાઇસ પ્રીન્સીપાલ તરીકે, તેમજ નડીઆદ,
અમદાવાદ, સુરત વગેરે સ્થળોએ હેડમાસ્તર કે ફર્સ્ટ આસીસ્ટન્ટ
તરીકે મારા પિતાશ્રીએ કામ કરેલું હોવાથી એઓશ્રી તે વખતના
કેળવણીકારોના મારા પરિચયમાં આવ્યા હતા. તે સમયના શિક્ષિત
વિદ્યાર્થીઓનાં નામો સાંભળીએ તો આજેયે મોંમાં પાણી છૂટે!
એલ્ફીન્સ્ટન કોલેજમાં ઇન્ટરનો અભ્યાસ કરતો હતો. તે વખતે
... ના વાર્ષિક સમ્મેલનમાં પ્રીન્સીપાલ હાર્પે એક વિનોદી ભાષણ
... હતું. અમારા ઇતિહાસના પ્રોફેસર મુલર આવા મેળાવડામાં
... સ્ટન કોલેજમાં કેવા કેવા નામાંકિત માણસો શીખી ગયા છે

સુરબ્બીશ્રી નરસિંહરાવ

"વીસમીસદી' માસિક ધીમે ધીમે ઠીક પ્રગતિ કરી રહ્યું હતું. તેના પ્રથમ 'પરૂટી અંક'થી 'મારાં ફૂઈબા'ની વાત શરૂ થયલી. આ વાર્તાની સુરબ્બીશ્રી નરસિંહરાવે સ્વર્ગસ્થશ્રી હાજીમહમ્મદ પર એક પત્ર લખી ઠીક કદર કરેલી. આ પત્ર અંગ્રેજીમાં હતો. તેની છેવટે એમણે આવા ભાવાર્થનું લખેલું મને યાદ છે કે 'હું ધારૂં છું કે આ વાર્તાનો લેખક અમદાવાદ હાઈસ્કુલના હેડમાસ્ટર અને મારા એક વખતના સાયન્સ ટીચર શ્રી ડાહ્યાભાઈ જાગીરદારનો પુત્ર હશે.' આ પત્ર શ્રી હાજી મહમ્મદે 'મીસ્કીન'ના ઉપનામથી લખતા 'સદી'ના એક લેખક શ્રી તાપીદાસ ગોરડીઆ દ્વારા મને પહોંચતો કરેલો. પંદર વર્ષ અગાઉ અમારી જ્ઞાતિનું એક ત્રિમાસિક નીકળતું હતું તેને માટે એ વાર્તાની શરુઆત કરેલી. પણ એ 'અળસીયું' મરણ પામ્યું એટલે એ અધુરી વાર્તા મારી પાસે પડી રહી. એક વખત એ વાત શ્રીમીસ્કીનના વાંચવામાં આવી તેમણે કહ્યું એ હું 'ગુજરાતી' કે પછી હમણાં જ નીકળેલા 'વીસમીસદી' માટે લઈ જાઉં છું. મેં એમને તેમ કરવાની રજા આપી અને જણાવ્યું કે એ વાત જો તંત્રીને પસંદ પડશે, તો પછી હું આગળ લખવા માંડીશ. અલબત્ત એ વાત 'વીસમીસદી'ના તંત્રીશ્રીને પસંદ પડી, પણ સુરબ્બીશ્રી નરસિંહરાવ જેવા વૃદ્ધ સુધારક એ વાતમાં આટલો રસ લેશે એમ તો મેં સ્વપ્નેયે ધારેલું નહિ. અમારી જ્ઞાતિનું

ૈમાસિક મારા તંત્રીપણા હેઠળ નીકળતું હતું. તે સમયે વૃદ્ધ આવ
પછી ટીકાનો અનર્થ કરી કોઇ કોઇ ભાઈ મારા પર ભારે ક્રો
કોઇ અનેક 'ખાટી તીખી' સંભળાવી દેતા ! એક ભિરાદરે તે
મન રેડી નાખવાનું જ એક નનામા પત્રદ્વારા જણાવેલું. એટલે
પ્રતિકૂલ વાતાવરણના અભ્યાસથી મને એ બાબતમાં એવો તો
'આંટણ' પડી ગયલાં કે કોઇની કંગાળમાં કંગાળ ટીકા મારા
સંયમની એડીથી વધુ આગળ આવવા પામતી નહિ. પણ કોઇની
અનુકૂળ ટીકાથી તો-ખોટું શું કામ કહું—અહમ્-મને જરા કોઇ કોઇ
વખત 'મરશે' જરૂર લાગી જતો. 'કેધમા'ની વાતને મારે
મુરબ્બીશ્રી નરસિંહરાવની કદર 'માખણ' લાગી જાય એવી તો
હતીજ, પણ એ કદરથી મને 'માખણ' કરતાં આશ્ચર્ય વધારે લાગ્યું.

દોઢ વર્ષની નાની વયનો મૂકીને પિતાશ્રી ગત થએલા હોવાથી
એમના નામનું સંસ્મરણ કરનાર કોઈપણ ગૃહસ્થ પાસે એમના સંબંધી
નજીવીમાં નજીવી બાબતની વાત કઢાવ્યા વગર હું છોડતો નહિ. પિતાશ્રી
બાબતની વાતો સાંભળવાનો મને ભારે રસ હતો અને હજી છે. જુના-
ગઢમાં બાહદીન હાઇસ્કુલના પ્રીન્સીપાલ તરીકે તેમજ રાજકોટમાં મી.
મેક્નાગ્ટનના વખતમાં શ્રી આત્મારામ પાંડુરંગ તરફથી જગ્યાએ થોડા
સમય માટે રાજકુમાર કોલેજના વાઇસ પ્રીન્સીપાલ તરીકે, તેમજ નડીઆદ,
અમદાવાદ, સુરત વગેરે સ્થળોએ હેડમાસ્તર કે ફર્સ્ટ આસીસ્ટન્ટ
તરીકે મારા પિતાશ્રીએ કામ કરેલું હોવાથી એઓશ્રી તે વખતના
કેળવણીકારોના મારા પરિચયમાં આવ્યા હતા. તે સમયના શિક્ષકો
અને શિષ્યોનાં નામો સાંભળીએ તો આજેયે મોંમાં પાણી છૂટે !
હું એલ્ફીન્સ્ટન કોલેજમાં મન્ટરનો અભ્યાસ કરતો હતો. તે વખતે
કોલેજના વાર્ષિક સમ્મેલનમાં પ્રીન્સીપાલ સાથે એક વિનોદી આખ્યા
હતું. અમારા ઇતિહાસના પ્રોફેસર સુધર આરા ગેટાલ...
એલ્ફીન્સ્ટન કોલેજમાં કેવા કેવા નામાંકિત આચાર્યો...

સુરબ્બાશ્રી નરસિંહરાવ

